

प्रकाशकनुं निवेदन

આ પુસ્તક "વિવિધ ગ્રંથમાળા"ના ૨૯ મા વર્ષના અંક ૩૩૬ રૂપે પ્રસિદ્ધ થાય છે.

આમાં બે સંતો અને એક ભક્તનું મળીને ત્રણ ચરિત્રો તથા તે પછી કેટલાંક ભજનો ઇત્યાદિ અપાયું છે.

પ્રથમ ચરિત્ર મહાત્મા સરયૂદાસજીનું છે. તેઓ ચાલુ સૈકામાં જ થઈ ગયા હોવા છતાં, તેમના જીવન સંબંધી પૂરી માહિતી મળી શકી નથી. ધોળકાનિવાસી શ્રીયુત ડાહ્યાભાઈ મનોરભાઈ પટેલને મહાત્મા સરયૂદાસજી સાથે અંગત પરિચય થયેલો; તે સંબંધી તેમણે 'સત્સમાગમ' નામે લેખ લખેલો હતો. તે વાંચવામાં આવતાં વિશેષ હકીકત મળે તો સારું, એમ વિચારી અમદાવાદમાં પ્રેમદરવાજે મહારાજ સરયૂદાસજીના ગોરક્ષીધરના મંદિરમાં હાલ રહેતા મહારાજ વૃન્દાવનદાસજીને એ વિષે વાત કરી. તેમણે પોતાની યાદગીરીમાં હતી તેટલી વિગત લખી આપી તે ઉપરાંત થોડી વિગત મહાત્મા સરયૂદાસજીની દયામાં વસતા એક ૭૯ વર્ષના જનને પૂછીને ઉતારી લીધી હતી. એ રીતે મળેલી હકીકતો સર્વ હકીકત વ્યવસ્થિત રીતે ગોઠવીને અપાઈ છે.

બીજું ચરિત્ર શ્રીભૂધર ભક્તનું છે. તેઓ [illegible] વર્ષો ઉપર થઈ ગયેલા હોઈ [illegible] તાલુકાના [illegible] ગામેથી થયેલું [illegible] તેઓ [illegible] નિવાસ કરેલ હતો. [illegible] હતા નહીં; [illegible] એક દિવસે દિવસે [illegible]

આ પછીનાં પૃષ્ઠોમાં ચાલુ વરસનો "વિવિધગ્રંથમાળા"નો પૃષ્ઠ-મેળ અને "વિવિધ ગ્રંથમાળા"નું ચાલુ વરસનું ધોરણ અપાયું છે.

તે પછી (૧) એક સંતનો અનુભવ, (૨) સંતોં કે જીવન સે સંકલિત, (૩) યદાનામ્ જપયજ્ઞોઽસ્મિ, (૪) સાધુ કોણ કહેવાય? (૫) સંન્યાસીઓને હિંદમાતાની હાકલ, (૬) દાનનો પલટાતો પ્રવાહ, (૭) ગામડે જાઇને, (૮) ગૃહસ્થોં કે લિયે સાધારણ નિયમ, (૯) ભગવાન કિસ પર પ્રસન્ન રહેતે હૈં, અને (૧૦) ગામડી ગીતા—એ લેખો અપાયા છે; એ તરફ વાચકબંધુઓનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

અંતે આમાં આપેલાં ચરિત્રો ઇત્યાદિ વાચકબંધુઓને ભક્તિ, વિવેક, વૈરાગ્ય, દયા આદિ સાધનો દઢીભૂત કરવામાં અને પરમશ્રેયના પથે વળવામાં ઉપયોગી થાય એવી ભાવનાપૂર્વક **ઇતિઃ ૐ તત્સત્** ॥

સંવત ૧૯૯૭,
મહા વદિ-૧૧

અગુણસાગર
—ભિક્ષુ અખંડાનંદ

કારતકથી પુસ્તકો અપાય છે. ૩—"પ્રભા"ના કદનાં પૃષ્ઠ ૧૯૦૦ થી ૨૧૦૦ સુધીનાં ગણીથી ચાર પુસ્તકો દ્વારા અપાય છે. તેમાંનાં નીકળ્યાં હોય તે તે પુસ્તક ગ્રાહક થતી વખતે અપાઈ, બાકીનાં નીકળે તેમ મોકલાય છે. ૪—કોઈ વાર પુસ્તકોની સંખ્યા ચારથી વધે તો તે વધારાનું પુસ્તક સાદા પૂંઠાવાળુંજ બંધાશે અથવા બીજાં પાકાં પૂંઠાં-વાળાં પુસ્તકના જેવું બંધાવશે. ૫—પ્રત્યેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને તે પછીના વર્ષનું વાર્ષિક મૂલ્ય મંગાવી લેવાશે; પણ બનતા સુધી તે વિષે અગાઉથી ચેતવણી અપાય, જેઓ નવા વર્ષમાં ગ્રાહક રહેવાની ના લખશે, તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે ૬—જેઓ પ્રથમથી ના નહિ લખતાં વી. પી. આવ્યે તે પાછું વાળશે તો તે છેલ્લા પુસ્તક ઉપરનો સર્વ હક ગુમાવશે; પરંતુ જેમનું વી. પી. ભૂલથી કે એવા કોઈ કારણથી પાછું વળ્યું હશે, તેઓ પોતાનું વાર્ષિક મૂલ્ય મોકલી આપીને પોતાનું નામ પાછું ચાલુ કરાવી શકે છે; તથા વી. પી. પાછું વળ-વાથી ટપાલ આદિ ખર્ચ રદ ગયું હોય તે મોકલીને પાછું વળેલું પુસ્તક પણ તેઓ મેળવી શકે છે. ૭—"વિવિધ ગ્રંથમાળા"નાં પુસ્તકો પુરતી ચોકસી કરીને ટપાલમાં નંખાય છે; છતાં તે ગ્રાહકને મળે નહિ તો તેને માટે આ સંસ્થા જવાબદાર નથી. ટપાલખાતા પર આરોપ કરવા છતાં જેઓ તે પુસ્તક ન મેળવી શકે, તેઓ તે બાબતનો ટપાલખાતા સાથેનો પત્રવહેવાર જોવા મોકલી આપશે તો બાબતનો વિચાર કરી. ૮—ગેરવલ્લે જાય નહિ તેટલા માટે દરેક પુસ્તક રજિસ્ટર્ડ પોસ્ટથી મેળવવું હોય તેમણે તે ખર્ચના બાર આના વધુ મોકલવા. ૯—વાર્ષિક મૂલ્ય ખબરમાં ભરનારને તેજ વખતે છાપેલી પાવતી અપાય છે તથા વી. પી. દ્વારા વાર્ષિકમૂલ્ય ભરનારે વી. પી. ઉપર જે સરનામું, ટપાલની છાપ વગેરે હોય છે, તેનેજ પાવતી તરીકે જાળવી રાખવાનું છે. ૧૦—મુંબઈના [illegible] "વિવિધ ગ્રંથમાળા"નું વાર્ષિક મૂલ્ય ભરવા હોય તે [illegible] સર્વ સંબંધ [illegible] કાર્યાલય સાથે [illegible] છે

શરૂનાં પૃષ્ઠોમાં અપાયલા પ્રકીર્ણ લેખો

मारो अनुभव

જેટલું જલદી બોલવામાં કહી શકાય છે એથી ઘણો વધુ સમય લખીને કહેવામાં થાય છે; પરંતુ શ્રીમાન ભગવદ્ભક્ત શ્રીજયદયાળજી અને શ્રીમાન હનુમાનપ્રસાદ પોદાર, સંપાદક-'કલ્યાણ'ની પ્રેરણાથી, આ પાપી જીવે ગૃહસ્થાશ્રમ અને ત્યાગી અવસ્થામાં ભજન અને [illegible] જે કંઈ અનુભવ મેળવ્યો છે તે લખું છું. જે ભજન ન કરતા હોય તે આ વાંચે, ભૂલી ન જાય, યાદ રાખે અને [illegible] એનો અભ્યાસ કરે. આ દાસે ભજનના સમયે પોતાનું ભજન બંધ કરી, આ લખવામાં પોતાનો એ અમૂલ્ય સમય ગાળ્યો છે.

દાયરથ માથુરકુલના ખાનદાન અને રાજ્યાના વંશમાં સન ૧૮૮૦ ના એપ્રિલની ૧૧ મી તારીખે અને ચૈત્રી પૂર્ણિમાએ મુરાદાબાદમાં આ શરીરનો જન્મ થયો હતો. આ વંશના પૂર્વજો બાદશાહને ત્યાં કોઈ એક પ્રાંતના દીવાન હતા. તીવ્ર વૈરાગ્ય થવાથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરતી વખતે એવો વિચાર આવ્યો કે, ભીખ કેમ માગીશ? ઘણી શરમ લાગશે. બીજી વાત [illegible] એ હતી.

એવા વિચારમાં હતો અને ભગવાને એક સાધુને મારી પાસે મોકલ્યા. તેમણે કહ્યું: 'બદરીનારાયણથી આવ્યો છું.' મેં એમની સાથે વાતચીત કરી ત્યારે તેમણે મને કહ્યું કે, 'મારી પાસે એક એવી જડીબુટ્ટી છે કે જેનું રોજ સેવન કરવાથી ભૂખ બિલકુલ લાગતી નથી. રોજ સવારના [illegible] પર [illegible] તેનો રસ ઉતારવો. એ [illegible] અને બદરીનારાયણમાં પેદા થાય છે.' પછી એમણે કહ્યું: 'આ વાત કોઈને કહીશ નહિ. કહીશ તો કોઈનું [illegible] નહિ [illegible].'

[illegible] હું ઘણો ખુશી થયો અને [illegible] [illegible] સામાન [illegible], ત્યાગ કરી, [illegible] સુધી રોજ એક [illegible] અને ભૂખ બિલકુલ લાગી નહિ; પરંતુ શરીર [illegible] [illegible]; [illegible]

બોલવાનો ઘણો રિવાજ છે. એનો ત્યાગ કરવો જોઇએ. જરૂર જણાય ત્યારે વાત કરવી અથવા તો જ્યારે જ્ઞાનચર્ચા કરવી હોય ત્યારે બોલવું.

૩. એકાંત–સંબંધીઓ અથવા તો મિત્રો સાથે ઓછો મેળાપ રાખવો. ઘરમાં પણ અલગ ઓરડામાં બેસવું અને ધાર્મિક પુસ્તક અવલોકવું અથવા તો જગતની અસત્યતા પર વિચાર કરવો.

૪. કોઇ પણ દિવસ સમાચારપત્ર ન વાંચવું. દુનિયાભરની ખબરો જાણવાથી નકામી વાતોની સ્ફુરણા મનમાં વધે છે. અન્ય લોકોને એ વાતો સંભળાવવામાં કંઇક જૂઠું બોલવું પડે છે, એ રીતે નકામો વખત ખરાબ થાય છે. ધર્મચર્ચા કરતાં વૃત્તપત્રો અવલોકવામાં કશો વાંધો નથી.

૫. કોઇને પણ વચન આપતાં પહેલાં વિચાર કરવો અને તે બરાબર પાળવું. દાખલા તરીકે તમે કોઇને સાંજના પાંચ વાગે અમુક સ્થળે મળવાનું જણાવ્યું હોય તો અવશ્ય પાંચ વાગ્યા પહેલાં બે-ચાર મિનિટ અગાઉથીજ ત્યાં પહોંચી જવું જોઇએ.

૬. રાતના સૂતી વખતે એ વિચાર કરવો જોઇએ કે, આજે સવારથી અત્યાર સુધીમાં હું ક્યાં ક્યાં જૂઠું બોલ્યો અને મેં ક્યાં ક્યાં પાપો કર્યાં? સૂતી વખતે એ આખોય ઇતિહાસ મનમાં આણી આજે જે ખરાબ કામો થવા પામ્યાં છે, તે બીજે દિવસે કરવામાં ન આવે એમ મારે મનને પણ સમજાવવું. આમ કરવાથી જૂઠું બોલવામાંથી અને ખરાબ કર્મ કરવાથી મન અટકશે. આમ કરવામાં ચાર-છ દિવસ તો આળસ જણાશે; પરંતુ પાછળથી ટેવ પડી જવાથી ઘણો આનંદ અનુભવાશે. ઉપર કહેલાં સાધનો કરવાથી સાચું બોલવાનો અભ્યાસ ઘણો જલદીથી પડશે.

ટીકા પુનર્જન્મ સંબંધીની કથા અવશ્ય વંચાવવી જોઇએ. જે કથા વંચાવનાર હોય એણે ઉપવાસી રહેવું જોઇએ.

સત્ય એ પ્રાણીમાત્રનું સ્વરૂપ છે. જેઓ આત્માને સાધન માને છે, તેમને જરૂરી પહેલાં આ સાધન સિદ્ધ કરવું પડે. સાચું બોલવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. બાર વરસ સુધી સત્ય જ બોલવાથી વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે. સાચું બોલવાથી દુષ્કર્મ કરતાં બચાય છે.

એટલું જ જાણું છું કે, આ કળિયુગમાં આ સાધન કરવું ઘણું અઘરું છે અને ઘણાં વિઘ્નો વેઠવા છતાં તે સંપૂર્ણ સિદ્ધ થતું નથી.

ભજન–આ સાધન બે પ્રકારે સિદ્ધ થાય છે. એક તો માળા વડે જપ કરવાથી અને બીજું જપ કર્યાં વગર જેને અજપા-જાપ ભગવદ્ગુણાનુવાદ કહે છે.

ભજન કરનારાઓ માટે જપ કરવાની માળા એ સૌથી પહેલું સાધન છે. મન મારવાનો એ એક ઉપાય છે. જ્યાં સુધી માળા ફરતી રહેશે ત્યાં સુધી ભજન ચાલુ રહેશે. ભજન કેટલી વાર કર્યું એની ગણતરી સુધ્ધાં માળાથી જણાઈ આવશે. મેં સાંભળ્યું છે કે, આમ તોર પર લોકો સવારસાંજ દશ-વીસ માળાઓ પોતાના નિત્યનિયમ તરીકે ફેરવે છે. આ સંખ્યા ઘણી મામૂલી છે; કારણ કે જે ભજન કરવામાં આવે છે એમાં નીચે જણાવેલી વ્યક્તિઓની પુણ્ય ભાગીદાર છે. (૧) ગુરુ, (૨) માબાપ, (૩) જેની હકૂમતમાં આપણે વસીએ છીએ તે અને (૪) જેઓ આપણું અન્નવસ્ત્ર વગેરેથી પોષણ કરે છે તે.

એક અહોરાત્રના ૨૪ કલાકમાં ૨૧,૬૦૦ વખત માનવશરીર શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે એટલે વધુ નહિ તો ૨૧,૬૦૦ વાર તો ભગવન્નામનો જપ તો થવો જ ઘટે. બસો વખત માળા ફેરવવાથી આ સંખ્યા પૂરી થાય છે અને ફેરવતાં જતાં મારા ધારવા પ્રમાણે ચાર કલાકમાં બસો માળાનો જપ કરી શકાય. બે કલાક સવારના અને બે કલાક સાંજે–અગર જેને સમય અનુકૂળ હોય તે સવારે અને ગૃહસ્થાશ્રમીઓમાંના તો દરેકે એ સાધન કરવું જોઈએ.

બીજું સાધન એ છે કે, કાયમ માટે હાથમાં એક નાની માળા રાખવી જોઈએ; જેથી ફરતાં-હરતાં-ચાલતાં પણ ભજન થયા કરે. એથી કોઈ કારભારાની દરકાર નથી. આ તો આત્મસમાજનો ધર્મ છે. કરતાંકરતાં ધ્યાન ન રહે તો કશો વાંધો નથી, માત્ર સતત ચાલુ પણ એવું સાધન થાય તો ઘણું છે.

પથ્થરની ગોમુખી બનાવરાવી એમાં માળા નાખી, દરેક જણ તેમાં હાથ રાખી, કાયમ માટે માળા ફેરવ્યા કરવી એ ત્રીજું સાધન છે. આ સાધન પણ ઘણું સારું છે અને મહારાષ્ટ્રવાસીઓ વગેરે તરફ ઘણું પ્રચલિત છે, પણ પ્રમાણમાં ઓછું અમલમાં આવે છે.

(૨) ઊંઘ ઓછી કરવાનું સાધન એ છે કે, રાતના દસ વાગ્યા પછી દર મહિને એકેક કલાક વધુ ને વધુ જાગતા રહેવું. જેમકે પહેલે મહિને દસથી અગિઆર વાગતા સુધી વધુ જાગવું; બીજે મહિને બાર વાગ્યા સુધી, ત્રીજે મહિને એક વાગ્યા સુધી, ચોથે મહિને બે વાગ્યા સુધી, એ રીતે પાછલી રાતના ચાર વાગ્યા સુધી જાગતા રહેવાની ટેવ પાડવી અને પ્રાતઃકાળમાં ચાર વાગ્યાથી તે ૭ વાગ્યા સુધી એટલે બે કલાક સુવું. એટલી ઊંઘ લેવાથી તંદુરસ્તી ખરાબ નહિ થાય. અગર જો એટલું ન બની શકે તો વધુમાં વધુ ચાર કલાકની ઊંઘ લેવી. મહિનાની શરૂઆત પૂનમથી કરવામાં સુગમતા પડશે. આમ વીસ કલાક અવશ્ય ભજન થવુંજ જોઇએ.

પહેલી ઊંઘમાં નિંદરનું ઘેન વધુ પ્રમાણમાં હોય છે. એટલે જે વખતે ઊંઘ આવતી જણાય કે તરતજ ઊભા થઇને ધીરે ધીરે ટહેલવું જોઇએ. સાધનની શરૂઆત કરવામાં આવે ત્યારે પહેલવહેલું કેટલાક દિવસો સુધી તો એવું પણ થાય છે કે, જ્યારે ઊંઘનો કેફ મગજ પર અસર કરે છે ત્યારે ચક્કર આવે છે અને શરીર જમીન પર પડતાં જાય છે અને થોડુંક વાગે છે પણ ખરું; પરંતુ એની દરકાર ન કરવી અને સાધન છોડવું નહિ.

(૩) રાતની વેળાએ પોતાના ઓરડામાં બીજા કોઇનું અસ્તિત્વ ન હોવું ઘટે. સુતેલા માણસને જોઇને શરીરમાં આળસ પેદા થાય છે અને ભજનમાં વિઘ્ન પડે છે.

(૪) રાતની વેળાએ ગાદીતકિયા પર બેસવાથી આરામ મળે, એટલે તો ઊંઘ વધુ જોર કરશે અને એ કારણસર તો ઊન અથવા દર્ભના આસન પર બેસવું સારું છે. દોરડાનો હીંચકો બનાવી એમાં એક ગોળ લાકડું રાખવું અને જ્યારે વધારે ઊંઘ આવતી જણાય ત્યારે એના પર ઊભા રહીને દસથી પંદર મિનિટ સુધી ઊંઘ ઉડી જાય એ રીતે ઝૂલવું. રાતભર પણ મંદ પ્રકાશ રાખવો.

(૫) ચોવીસ કલાક સુધી મૌન રાખવું જોઇએ. કેમકે તેમની પરાવર્તન કોઇ સાથી રહેલા ભજનમાં ભોગથી વિક્ષેપ પડશે.

(૬) ભજનકાળે જેમ નિવૃત્તિમાં જનારી રાજ્યમાં આવે છે

કરો, અહીંથી તમારું સ્થાનાન્તર થયું છે.' આ સાધન કરવા આ દાસને ત્રણ વર્ષ, ૭ માસ અને ચોવીસ દિવસો પછી ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં હતાં.

અનન્ય ભક્તિનાં સાધનો

૧ અજપાજપ, ૨ પ્રેમ, ૩ સાચું બોલવું, ૪ સમદર્શિત્વ, ૫ વાસનારહિત થવું.

એની ક્રમવાર વ્યાખ્યા

૧. અજપા-જાપ—નામસ્મરણ એ વસ્તુ એવી છે કે, જે ચોવીસે કલાક શ્વાસની સાથે સંકળાયેલ રહે છે. એના અભ્યાસથી રોમેરોમમાંથી 'નારાયણ' શબ્દનો સૂર નીકળે છે. અન્યાન્ય સાધન તો આગળ પર કહેવાઇ ગયાં છે.

૨. ભગવદ્‌ગુણાનુવાદ સાંભળીને વિરહવ્યથાથી અશ્રુધારા અવિરતપણે ચાલી જતી હોય અને એજ સ્થિતિ રાતના એકાંતવાસમાં એની હૃદય કોટિએ પહોંચે એજ એક પ્રેમનું સાધન છે. આ રીતે દિનપ્રતિદિન પ્રેમ વધતો જશે. ભક્તિનું આ એક અનિવાર્ય અંગ છે. મીરાંબાઈ આજ પ્રમાણે કરતી હતી.

૩ ભજનની સાથે સાચુંજ બોલવું એ અનિવાર્ય છે; એ સિવાયનાં સાધનો લગભગ નકામાં છે.

૪. સમદર્શી થવું. ઘણી મુશ્કેલીથી આ સાધન સાધ્ય થાય છે. સારાય વિશ્વને નારાયણસ્વરૂપ જાણી હું નારાયણને નમસ્કાર કરું છું, ક્રોધ આદિ હૃદયમાંથી દૂર કરી બેઉ હાથ જોડી, દીનતાપૂર્વક નમસ્કાર કરવા; પ્રાણીમાત્ર સાથે પ્રેમ કરવો, કોઈનું દિલ લેશ પણ ન દુભાવવું, કોઈને કટુવચન ન કહેવું અને કોઈની સાથે પણ વેર ન બાંધવું. અત્યાર સુધી હું આ સાધન આચરતો રહ્યો છું. સમય લોકોનો અને જાનવરો સારુ ભાવ જે આ દાસને ક્યાંય પણ જણાયો હોય તો તે કેવળ આ સમદર્શીપણાંને લીધે.

૫. કંચન કામિની અને માનમાં સર્વત્ર નારાયણ—એ એજ સાધનો આ દાસનાં કહી છે અને આચરતો રહ્યો છું.

[illegible] અનન્યભક્તિ [illegible] ૧૯૮૯ [illegible]

દાણા નાખવા. એમને ખવડાવવાથી ઘણું પુણ્ય થાય છે. આમ દાન કરવાથી આ દાસને ઘણો લાભ થયો છે અને પૂરો અનુભવ થયો છે.

બીજા પ્રકારના અન્નદાનથી ભગવાને પ્રસન્ન થઇને આ પાપી જીવને 'સમદર્શીભાવ' નું દાન કર્યું છે. વાહ! વાહ! પ્રભુ, ધન્ય છે તારી લીલાને અને તને!

વિવિધ પ્રકારનાં નીચે લખેલાં સાધનોનો અનુભવ

(૧) મન-(૧) ધ્યાન કરતી વખતે મનને ફેરવી ફેરવીને ભગવાનનાં દર્શન માટે ઉત્સુક બનાવવું. ભગવાને જે સાધન ગીતામાં બતાવ્યું છે એજ આ સાધન છે. આ સાધનથી મનમાં ઘણી થોડી સ્ફુરણા થાય છે; પરંતુ એ માટે ઘણા વખત સુધી આ સાધન કરવું જોઇએ.

(૨) સાચું બોલવાથી મનની મલિનતા દૂર થાય છે અને મનરૂપી આરીસો એકદમ નિર્મળ બની જઇ, એમાં ભગવાનના સ્વરૂપના સ્વચ્છ પ્રતિબિંબની ઝાંખી થાય છે.

(૩) વાસનારહિત બનવું. જેમ જેમ મનમાં વાસનાઓ ઉદ્‌ભવતી જાય તેમ તેમ એજ વખતે એનો નાશ કરતા જવું. એક વખત મહાવરો પડી જવાથી વાસનાઓનું ઉદ્‌ભવપ્રમાણ ઘણું ઓછું થશે; અને એથી મનની આવી સ્ફુરણાઓ ઘણી ઓછી થશે અને ઇશ્વરચિંતન ધ્યાન આદરવામાં ઘણી સહાયતા મળશે, પરંતુ આ સાધન એટલું સહેલું નથી. (૪) ભજન કરવાથી મનને શાન્તિ મળે છે. (૫) પ્રેમથી જેટલું મન વશ થાય છે એટલું બીજાં કોઇ અન્ય સાધનોથી નથી થતું. પ્રેમ વધે એ માટે તો નારાયણની કૃપાની ઘણી જરૂર છે. એ માટે તો આ દાસે ઘણા સમય સુધી પ્રેમના સંવર્ધન માટે પ્રભુની પ્રાર્થના કરી હતી, ત્યારેજ નારાયણે કંઇક કૃપાનું દાન કર્યું. જ્યાં સુધી આંખોમાંથી અશ્રુધારાઓની સેર છૂટે નહિ, ત્યાં સુધી પ્રેમ થયો છે એમ કહેવાય નહિ. પ્રેમ દર્શન પણ ભક્તિનો મુખ્ય અંગ છે.

(૨) જિહ્વા—આપણી પ્રબળ ઇંદ્રિય છે. મન પછી બીજું સ્થાન જીભનું છે. એનું સાધન બે રીતે સાધ્ય થઇ શકે છે. [illegible]

બાઇબલમાં ઇસામિહ ખ્રિસ્ત લખે છે કે, ' અગર જો કોઇ ઇસમ તમને એક ગાલ પર તમાચો લગાવે, તો તમે બીજો ગાલ ધરજો.' દાસ તો એમ કહે છે કે, એની સમક્ષ માથું નમાવીને પ્રાર્થના કરો કે, હે નારાયણ પ્યારે! તમારા પગનાં પગરખાં કાઢી આ મસ્તકને ખૂબ ઝૂડો, કે જેથી મારું કલ્યાણ થાય અને હું આપને ભૂલું નહિ

પરસ્ત્રીને ઊંચી નજરે કદી ન જોવી. એવે સમયે આપણી સમક્ષ મળમૂત્ર, હાડમાંસાદિભરિત એક કલ્પનાચિત્રને તત્કાળ કલ્પવું. એવી રીતે મહાવરો પડવાથી ઘૃણા ઉત્પન્ન થાય છે અને પરિણામ પણ લાભદાયક નીવડે છે.

(૫) નિયમ–જે કાંઇ પણ કામ કરવામાં આવે તે નિયમથી થવું જોઇએ. કેટલાક દિવસ સુધી કરવું, પછી છોડી દેવું એથી કાંઇ લાભ નથી થતો. નિયમપૂર્વક ભજન વગેરે કરવાથી ઘણો લાભ થયા કરે છે.

(૬) ભગવદિચ્છામાં પ્રસન્નતા–ભગવાનની જેવી ઇચ્છા હોય તેમ થવા દો. ભગવાન જે કરે છે તે સારું જ કરે છે. આ વિચાર કરતા રહેવાથી ગૃહસ્થોની ચિંતા દૂર થઈ જાય છે.

(૭) ભગવાનની કૃપા–તુલસીદાસજી મહારાજનું વચન છે કે,
जापर कृपा रामकी होई । तापर कृपा करहि सब कोई ॥
આ દાસને આ વચનનો પૂરો અનુભવ થઇ ચૂક્યો છે.

(૮) પુરુષાર્થ–વસિષ્ઠમુનિએ યોગવાસિષ્ઠમાં પુરુષાર્થને પરમ દૈવ ગણાવ્યું છે. આ દાસના અનુભવમાં એવું આવ્યું છે કે, પ્રારબ્ધ વિના સ્વાય કંઇ ફળ આપતું નથી; પરંતુ એથી એમ કહેવાનો આશય નથી કે પુરુષાર્થ છોડી દેવામાં આવે. ના, હરગીજ નહિ **પુરુષાર્થનો તો અવશ્ય ખૂબ કરવો જોઇએ; પરંતુ પ્રારબ્ધ પર એનું ફળ છોડી દેવું જોઈએ. આ વસ્તુ સાંસારિક વિષયની પ્રાપ્તિ માટે છે. પરમાર્થમાં તો ભગવત્કૃપા કરતાં પુરુષાર્થજ મુખ્ય છે.**

(૯) દૈન્યભાવ–જ્યારે નારાયણ એ સર્વનો [illegible] છે. તે પાર્થ ભગવાનનો દેવ કઇ રીતે [illegible] હોઇ શકે? એક દેવને પોતાના [illegible] રીતે અન્ય દેવતાઓનાં મંદિર. [illegible] પણ [illegible] કરવ [illegible] સનાતન ધર્મની [illegible] કાયમ [illegible]

છે કે, પ્યારા નારાયણ અંતે પૂરી કરશે. આ દેહ દયાળુ ભગવાનનાં ચરણકમળોમાં અર્પણ થઇ ચૂક્યો છે, માટે દાસ જાણીને જરૂર કૃપા કરશો.

तीन टूंक कौपीन के अरु भाजी बिन लौन ।
रघुवर जाके उर बसे, ईन्द्र बापुरो कौन ॥

(૬૭) તપ કરી કયા વરદાનની ઇચ્છા છે? ન તો મોક્ષની ઇચ્છા, ન તો ચૌદ લોકના રાજ્યની મનીષા છે. નથી જ્ઞાન માગતો, નથી ભક્તિ. આ દાસ કેવળ નારાયણના ચતુર્ભુજ સ્વરૂપનો આશક છે. કેવળ એટલું જ એ ઇચ્છે છે કે,

'तुम मुझे देखा करो । मैं तुम्हें देखा करूं' ॥

બોલો "નારાયણ"

સ્વર્ગાશ્રમ-હૃષીકેશ, ચૈત્ર વદ ૧૦, સંવત ૧૯૮૬	સહુ કોઇનો શુભચિંતક, **નારાયણદાસ પરમહંસ**

संतों के जीवन से संकलित

(૧) સંત કી અસહિષ્ણુતા

એક સંત નૌકા મેં બૈઠકર નદી પાર કર રહે થે. શામ કા વક્ત થા. આખિરી નાવ થી, ઇસસે ઉસમેં બહુત ભીડ થી. સંત એક કિનારે અપની મસ્તી મેં બૈઠે થે. દો-તીન મનચલે આદમિયોંને સંત કા મજાક ઉડાના શુરુ કિયા. સંત અપની મોજ મેં થે, ઉનકા ઇધર ધ્યાન હી નહીં થા. ઉન લોગોંને સંત કા ધ્યાન ખીંચને કે લિયે ઉનકે સમીપ જાકર પહલે તો શોર મચાના ઔર ગાલિયાં બકના આરંભ કિયા. જબ ઇસપર ભી સંત કી દૃષ્ટિ નાસિકા કે અગ્રભાગ સે ન હટી, તબ વે સંત કો ધીરે-ધીરે ધકેલને લગે. પાસ હી કુછ ભલે આદમી બૈઠે થે, ઉન્હોંને ઉન બદમાશોં કો ડાંટા ઔર સંત સે કહા:—

(૨) શિવાજી કો પત્ર

સંત તુકારામજી લોહગાઁવ મેં થે. છત્રપતિ શિવાજીને અપને ખાસ આદમિયોં કે સાથ બહુત-સી મશાલેં, ઘોડે તથા બહુમૂલ્ય જ્વાહિરાત ભેજે ઔર ઉનસે પૂના પધારને કે લિયે પ્રાર્થના કી; વિરક્ત-હૃદય તુકારામજી ને ઉનકી ભેજી હુઈ ચીજેં કો છુઆ તક નહીં. ઉન્હોંને સબ ચીજેં લૌટા દીં ઔર તીન અભંગોં મેં ઉનકો નીચે લિખા પત્ર લિખ ભેજાઃ—

"મશાલ, છત્ર ઔર ઘોરોં કો લેકર મૈં ક્યા કરૂઁ? યહ સબ મેરે લિયે શુભ નહીં હૈ. હે પુણ્ડરીનાથ! અબ મુઝે ઇસ પ્રપંચ મેં ક્યોં ડાલતે હો? માન ઔર દમ્ભ કા કોઈ ભી કામ મેરે લિયે શૂકરી-વિષ્ઠા હી હૈ.આપ દૌડ કર આઇયે ઔર ઇસસે મુઝે બચાઇયે."

"મેરા ચિત જિસકો નહીં ચાહતા, વહી તુમ મુઝ કો દિયા કરતે હો, ક્યોં મુઝે ઇતના તંગ કર રહે હો?"

"મૈં સંસાર સે અલગ રહના ચાહતા હૂં, વિષય કા સંગ ચાહતા હી નહીં. મૈં ચાહતા હૂં—એકાન્ત મેં રહૂં ઔર કિસસે કુછ ભી ન બોલું. મન ચાહતા હૈ કિ સબ વિષયોં કો વમન કે સમાન ત્યાજ્ય સમઝૂં. મૈં તો યહ ચાહતા હૂં, પરન્તુ હે નાથ! કરને-ધરનેવાલે તો તુમ્હીં હો."

"મૈં ક્યા ચાહતા હૂં સબ તુમ્હેં પતા હૈ! પરન્તુ જાનકર ભી તુમ ટાલ દેતે હો. યહ તો તુમ્હેં આદત હી પડ ગયી હૈ કિ જો ભી તુમ્હેં ચાહતા હૈ, તુમ ઉસકે સામને ભોરી-ભોરી ચીજેં લાકર રખતે હો કિ જિસસે વહ ઉનમેં ફંસકર તુમ્હેં ભૂલ જાય. પરન્તુ હે નાથ! તુકાને તો તુમ્હારે ચરણોં કો જોર સે પકડ લિયા હૈ. દેખૂ તો સહી, તુમ ઇન્હેં કૈસે છુડાતે હો!"

(ભગવાન સે ઇતના કહકર અબ તુકારામજી છત્રપતિ શિવાજી સે કહને લગે—)

"ચીંટી ઔર સમ્રાટ દોનોં હી મેરે લિયે એક-સે હૈં [illegible]

પિતર આકર અપને-અપને આસનોંપર બૈઠ ગયે. એકનાથજીને બડે ભક્તિભાવ સે ઉનકા પૂજન કિયા ઔર ભોજન પરોસકર ઉન્હેં જિમાયા. તીનોં પિતર તૃપ્ત હોકર, આશીર્વાદ દેકર અન્તર્ધાન હો ગયે. જબ બ્રાહ્મણોં કો યહ સબ હાલ માલૂમ હુઆ તબ ઉન્હોંને એકનાથજી કા મહત્ત્વ સમઝા ઔર અપની કરનીપર પશ્ચાત્તાપ કિયા। (" કલ્યાણ " માસિક ના એક અંકમાંથી)

यज्ञानां जपयज्ञोऽस्मि

(લેખકઃ–સ્વામી શ્રીરામાનંદજી સંન્યાસી)

મહાભારતનો ઘોર સંગ્રામ સમાપ્ત થઈ ગયો છે. વિજેતા પક્ષમાં આનંદમંગળ વરતાઈ રહ્યાં છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીએ મહારાજ યુધિષ્ઠિરને રાજસિંહાસન ઉપર બેસવાની પ્રાર્થના કરી; તે સાંભળીને મહારાજ યુધિષ્ઠિરે હૃદયનો શોક પ્રગટ કરતાં કહ્યું: "હે શ્રીકૃષ્ણચંદ્ર! મારી હવે રાજ્ય કરવાની ઇચ્છા નથી. આ રાજ્ય માટે કેટલો અનર્થ થઈ ચૂક્યો! અનેક ભલાંભોળાં બાળકોના પિતાઓ, મંગળ ચાહનારી બહેનોના ભાઈઓ અને સતીસાધ્વી સ્ત્રીઓના પતિઓને આ સંગ્રામમાં મરાવી નાખીને, હું જ તેમના પ્રકાશવાન ઘરના દીપકોને ઓલવવાનું મુખ્ય કારણ બન્યો છું. એવી મહાઘોર હિંસાનો ભાર મારા માથા ઉપર છે. એટલા માટે હું હવે નિર્જન વનમાં જઈ તપસ્યા કરીને આ દેહને સૂકવી નાખીશ. હું રાજ્ય કરીશ નહિ, એવી મારી ઇચ્છા છે."

યુધિષ્ઠિરની આ વાત સાંભળીને શ્રીકૃષ્ણ હસીને કહેવા લાગ્યા: "હે ધર્મરાજ! હવે તો તમે કેટલાક વખતને માટે રાજ્યકાર્ય કરો. આ ભયંકર યુદ્ધમાં ઘણા મોટા મોટા પ્રખ્યાત–શાસ્ત્રો–માર્યા ગયા છે. જો તમે રાજ્યસત્તા તમારા હાથમાં નહિ લ્યો, તો સમાજમાં અવ્યવસ્થા ફેલાઈ જશે, [illegible] [illegible]

પિતર આકર અપને-અપને આસનોંપર બૈઠ ગયે. એકનાથજીને બડે ભક્તિભાવ સે ઉનકા પૂજન કિયા ઔર ભોજન પરોસકર ઉન્હેં જિમાયા. તીનોં પિતર તૃપ્ત હોકર, આશીર્વાદ દેકર અન્તર્ધાન હો ગયે. જબ બ્રાહ્મણોં કો યહ સબ હાલ માલૂમ હુઆ તબ ઉન્હોંને એકનાથજી કા મહત્ત્વ સમઝા ઔર અપની કરનીપર પશ્ચાત્તાપ કિયા! ("કલ્યાણ" માસિક ના એક અંકમાંથી)

यज्ञानां जपयज्ञोऽस्मि

(લેખકઃ—સ્વામી શ્રીરામાનંદજી સંન્યાસી)

મહાભારતનો ઘોર સંગ્રામ સમાપ્ત થઈ ગયો છે. વિજેતા પક્ષમાં આનંદમંગળ વરતાઈ રહ્યાં છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીએ મહારાજ યુધિષ્ઠિરને રાજસિંહાસન ઉપર બેસવાની પ્રાર્થના કરી; તે સાંભળીને મહારાજ યુધિષ્ઠિરે હૃદયનો શોક પ્રગટ કરતાં કહ્યું: "હે શ્રીકૃષ્ણચંદ્ર! મારી હવે રાજ્ય કરવાની ઇચ્છા નથી. આ રાજ્ય માટે કેટલો અનર્થ થઈ ચૂક્યો! અનેક ભલાંભોળાં બાળકોના પિતાઓ, મંગળ ચાહનારી બહેનોના ભાઈઓ અને સતીસાધ્વી સ્ત્રીઓના પતિઓને આ સંગ્રામમાં મરાવી નાખીને, હું જ તેમના પ્રકાશવાન ઘરના દીપકોને ઓલવવાનું મુખ્ય કારણ બન્યો છું. એવી મહાઘોર હિંસાનો ભાર મારા માથા ઉપર છે. એટલા માટે હું હવે નિર્જન વનમાં જઈ તપસ્યા કરીને આ દેહને મરી નાખીશ હું રાજ્ય કરીશ નહિ. એવી મારી ઈચ્છા છે."

યુધિષ્ઠિરની આ વાત સાંભળીને શ્રીકૃષ્ણ હસીને કહેવા લાગ્યા: "હે ધર્મરાજ! હવે તો તમે કેટલાક વખતને માટે રાજ્યકાજ કરો. આ ભયંકર યુદ્ધમાં ઘણા મોટા મોટા પ્રબળ [illegible] છે. જો તમે રાજ્યસત્તા તમારા હાથમાં નહિ લ્યો, તો [illegible] [illegible]

કહે રામ–નામ લીજિયે; ઇસ ઉત્તમ 'સમ' કો અપને અંદર ભર જિયે, યહ પરિવાર, લોક, ધન, સૈન્ય કિસી કામ નહીં આવેંગે. બતક કાલ સિર પર સવાર નહીં હોતા તભી તક આપ કા યહ લ હૈ. તુકા કહેતા હૈ–પ્યારે! લખચૌરાસી કે ચક્કર સે બચિયે!"

(૩) પિતરોં કા આગમન

સંત એકનાથજી કે પિતા કા શ્રાદ્ધ થા. ઘરમેં શ્રાદ્ધકી રસોઈ બન રહી થી. હલવા પકને લગતા હૈ તબ ઉસ કી સુન્દર સુગન્ધ દૂરતક ફૈલ જાતી હૈ. અતએવ ઇનકે ભી ઘર કે બાહરતક સુગન્ધ છા રહી થી. ઇસી સમય કુછ મહાર સપરિવાર ઉધરસે જા રહે થે. સુગન્ધ ઉનકે નાકોં મેં ભી ગયી. મહાર કે એક બચ્ચેને કહા–'માઁ! કૈસી મીઠી મહક હૈ! કૈસે બઢિયા પકવાન બને હોંગે!' માઁને ઉદાસ હોકર કહા–'બેટા! હમ લોગોં કે નસીબ મેં યે ચીજેં કહાં રક્ખી હૈં. હમ અભાગોં કો તો ઇસકી ગન્ધ ભી દુર્લભ હૈ.' સંત એકનાથજીને ઉનકી યહ બાત સુન લી. ઉનકા હૃદય દ્રવિત હો ગયા. ઉન્હોંને સોચા—'સબ શરીર ભગવાન કે હી તો મન્દિર હૈં'—ઇન મહારોં કે દ્વારા ભી તો ભગવાન હી ભોગ લગાયેંગે.' ઉન્હોંને તુરત મહારોં કો બુલાયા ઔર અપની પત્ની ગિરિજાબાઇ સે કહા કિ યહ રસોઇ ઇનકો દે દો. ગિરિજાબાઈ કા ભાવ ઔર ભી સુન્દર થા, ઉન્હોંને કહા—'અન્ન તો બહુત હૈ, ઇનકો સબ બાલ-બચ્ચોં ઔર સ્ત્રિયોં સહિત બુલવા લીજિયે, સબકો અચ્છી તરહ પરોસકર જિમાયા જાય. ભગવાન સર્વત્ર હૈં, સબ પ્રાણિયોં મેં હૈં, આજ ભગવાનને હી ઇનકે દ્વારા યહ અન્ન ચાહા હૈ અતએવ આજ ઇન્હીં કો તૃપ્ત કરકે ભગવાન કી સેવા કરની ચાહિયે.' સબકો બુલાયા ગયા. રાસ્તે પર પત્તલેં રક્ખી ગયીં ઔર બડે આદરસત્કાર કે સાથ સબ પકવાન બાહર લાકર ઇનકો ભોજન કરાયા ગયા. જિસકી ગન્ધ ભી કભી નસીબ નહીં હોતી, ઉન ચીજોં કો ભરપેટ ખાકર મહાર

તૃણવત્ સર્વ કોઈને સુલભ છે. એમાં અધિકારી અનધિકારી, દેશ, કાળ, પાત્ર વગેરે કશાની અપેક્ષા નથી અને વળી જાગતાંસૂતાં, ખાતાંપીતાં, રડતાંહસતાં સર્વ અવસ્થામાં થઈ શકે એવું કાર્ય છે.

સૌને સંતોષ પમાડીને ભગવાન ફરીથી યુધિષ્ઠિર તરફ ફર્યા અને બધાં દર્શનોનો સારાંશ બતાવતાં તેમણે કહ્યું કે, "હે યુધિષ્ઠિર! તમે રાજ્ય કરતા રહીને નામસ્મરણ કર્યા કરો તેથી તમને રાજ્યનો સંતાપ વ્યાપશે નહિ. મનુષ્ય ભલે સંસારમાં બધુંય કરે તેથી કંઇ હરકત નથી; પણ નામસ્મરણને ન છોડે–ભગવાનનું નામચિંતન કરનારો કદી પણ કુમાર્ગે ચડશે નહિ. ઊલટો તે કુમાર્ગે ચડેલાને પણ સુમાર્ગે લાવવામાં ફળીભૂત થઈ શકે છે. નામથી નામીનો સાક્ષાત્કાર થશે. તેનાં ચરિત્ર અને ઉપદેશ હૃદયંગમ થશે અને પછી તે ચરિત્ર તથા ઉપદેશ તેના જીવનને સફળ બનાવવામાં પૂર્ણ સહાયક થઈ શકશે. બસ પછી જોઈએ જ શું?

"जन्मसाफल्यमूनृतं सौख्यार्णवावगाहनम् ।"

એટલા માટે બધાં શાસ્ત્રો અને સંતોના મત અનુસાર સર્વોત્તમ પદાર્થના વિષયમાં પૂછવામાં આવે, તો સર્વ સંમતિથી એક જ એક માત્ર ઉત્તર મળશે કે, નામસ્મરણાર્થક પ્રભુની સાક્ષાત્ વાણી છે. "यज्ञानां जपयज्ञोऽस्मि।" ઇતિ. ("ગીતાધર્મ"ના એક અંકમાંથી)

साधु कोण कहेवाय ?

(લેખક:-સ્વામીશ્રી શિવાનંદજી)

આબુના પહાડ ઉપર દત્ત ટેકરીવાળી ઊંચી ટેકરી ઉપર પીપળાના ઝાડ નીચે એક પહોળી મોટી પાષાણની શિલા ઉપર બેસીને કેટલાક સિદ્ધ મહાત્માઓ વાર્તાલાપ કરી રહ્યા હતા. તેઓમાં કોઈ મૂંડેલા માથાના પરમહંસ સંન્યાસી, કોઈ મોટી જટાવાળા, કોઈ નગ્ન નાગા દિગંબર, કોઈ કૌપીનવાળા અને કોઈ [illegible] હતા સર્વ પ્રસન્નવદન,

સંસારને બતાવશે કંઇક અને કરશે કંઇક. એ પગનું પ્રયોજન એ છે કે, કળિયુગના લોક ચાર પદાર્થોમાંના ધર્મ અને મોક્ષનો ત્યાગ કરશે તથા અર્થ અને કામનેજ ગ્રહણ કરશે. તે હાથી ઉપરથીજ સફેદ હતો, અંદર તો તે કાળોજ હતો. એવી રીતે કળિયુગના લોકો પણ ઉપર ઉપરથી સુંદર રહેશે પણ અંદર વિચાર ઘણાજ અપવિત્ર હશે. તે હાથીને આગળ આંખ નહોતી પણ બધાં કામ આંખવાળાના જેવાં કરતો હતો, તેમ કળિયુગના માણસો સાભળીને બધું જાણવાનો પ્રયત્ન કરશે, જોશે નહિ કે આ વાત સાચી છે કે જૂઠી, કોઇ ગમે તેવું ઊલટુંસૂલટું કહી દેશે તે ખરુંજ માની લેશે. હા, કામ બગડશે ત્યારે પાછળથી કંઇક વિચાર કરશે. પણ કામ બગડ્યા પછી તો "ફિર પછતાયે હોત કા જબ ચિડિયા ચુગ ગઇ ખેત!"

તે પછી ભગવાને ભીમસેનને પૂછ્યું કે, "તમે શું જોયું તે કહો."

ભીમસેને કહ્યું: "પ્રભો ! મેં એક ગામની પાસેના નિર્જન મેદાનમાં જોયું કે, એક ગાયને વાછરડું અવતર્યું છે, પરંતુ તે વાછરડાને ચાટતાં ચાટતાં તે તેનું લોહી પણ પી રહી છે. મેં પોતાના વાછરડાનું લોહી પીતી હોય એવી ગાય કદીય જોઈ નથી. આપ એ નવાઇ જેવી ઘટનાનું રહસ્ય કહો."

આ સાંભળીને શ્રીકૃષ્ણ બોલ્યા: "ભાઇ ! એની મતલબ એ છે કે, કળિયુગમાં મનુષ્ય પોતાના પુત્રપુત્રીઓનું વેચાણ કરીને તેમનાંજ લોહીસમના બદલામાં ધન પ્રાપ્ત કરી પોતાનું પેટ ભરશે."

પછી શ્રીકૃષ્ણના પૂછવાથી અર્જુને કહ્યું કે, "મહારાજ ! ફરતો ફરતો હું એક ઘણા મોટા જંગલના વિશાળ મેદાનમાં જઇ પહોંચ્યો. ત્યાં મેં એક મનુષ્યનું મડદું જોયું; તે મડદાને ચારે તરફથી મોટાં મોટાં પક્ષીઓ તથા પશુઓ તોડીફાડીને ખાઇ રહ્યાં છે. પણ આશ્ચર્યની વાત તો એ હતી કે, તે પક્ષીઓની પાંખો ઉપર અનેક પ્રકારના વેદમંત્રો લખેલા હતા અને તેમાં પશુઓ પ્રત્યક્ષ રીતે ધર્મશાસ્ત્રોના શ્લોક બોલી રહ્યાં હતાં. આ વિચિત્ર ઘટનાનું રહસ્ય મને સમજાવવાની કૃપા કરો."

ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા: "કળિયુગમાં ધર્મ કે મનુષ્ય એવા

ઉપકાર કરે અને તેજ દુનિયાને નર્કનું સ્વર્ગ બનાવી શકે છે."

આ સાંભળીને બીજા મહાત્મા બોલ્યા: "એકાન્તનિવાસ કરનારજ સાધુ કહેવાય છે એમ નથી. અંધારી ગુફાઓમાં સાપ, વીછી, સિંહ, શિયાળ ઇત્યાદિ અને પશુપક્ષીઓ પણ રહે છે. કોળી, ભીલ, આદિ જાતિના લોકો હંમેશાં જંગલમાજ રહે છે અને તેઓ પોતાના વિશ્વાસ પ્રમાણે કોઇ ને કોઇ દેવતાના રૂપમાં ઈશ્વરનું આરાધન પણ કરેજ છે; પણ તે સાધુ કહેવાતા નથી. સાધુ તો ભ્રમણ કરે અને નિઃસંગ રહે. જે એકજ જગ્યાએ રહે છે, તે ચાહે ત્યાં રહે તો પણ તેને સંગદોષ લાગ્યા વગર રહેતો નથી. જુઓ—

मुनेरपि वनस्थस्य स्वानि कर्माणि कुर्वतः।
उत्पद्यन्ते त्रयः पक्षा मित्रोदासीनशत्रवः॥

"મનનશીલ અને આત્મચિંતનપરાયણ સાધુ જે પોતાના કામ-માજ રત છે તે બીજાના કોઇ કામમાં દાખલ કરતો નથી; તેમાં પણ ત્રણ જાતના પક્ષપાતી મળી આવે છે. કોઇ તેને સારો કહે છે તો તેની સાથે તે મિત્રતાનો વ્યવહાર કરે છે. કોઈ તેને સારોય નથી કહેતો ખોટોય નથી કહેતો, તો તેની સાથે તે ઉદાસીન ભાવથી વર્તે છે અને કોઇ વગરકારણે તેની ઇર્ષ્યા કરે છે તો તે તેનો શત્રુ બની જાય છે. મતલબ કે, સાધુએ કોઇ પણ એક સ્થળે નિવાસ કરવો જોઇએ નહિ. સાધુજન અનુભવી હોય છે. તે ચાહે ત્યાં જઇ શકે છે. તે ગરીબોની ઝુંપડીમાં રહી શકે છે અને ઓજસ-પડદે રહેનારી રાજરાણીઓથી પરિપૂર્ણ રાજમહેલમાં પણ રહી શકે છે. તે ચાહે તો આસમાન ને જમીન ચાહ્યા જાય-પાતળા કરીને ઝુકે પણ નહિ. જેની આવી આત્મદર્શન ગતિ હોય, તે ત્યાં જેવી આવશ્યકતા જણાય તેની પૂર્તિ ત્યાં જઇને અથવા તે પ્રદેશમાં ભ્રમણ કરીને કરી શકે છે. ભગવાન શંકરાચાર્ય આદિ મહાપુરુષોએ જ્યાં ત્યાં ભ્રમણ કરી-ને વૈદિક ધર્મની ફરીથી સ્થાપના કરી હતી. આજકાલ પણ મિશનરીના પાદરીઓ દુર્ગમ ઘનઘોર જંગલો અને સમૃદ્ધ નગરોમાં ફરી ફરીને પોતાના ધર્મનો પ્રચાર કરી રહ્યા છે. જે સાચું છે તેજ ચાલને પ્રચાર અને અન્યાયને નિષેધ કરી રહે છે, કેનો જેને

ક્ષેત્ર તો તે તૈયાર કરી જ શકે છે. છેવટે જે સાચો દેશકાળોપયોગી અને લાભદાયક ઉપદેશ હશે તેને જગત માનસે. કેમકે—

સચ્ચાઇ છિપ નહીં સકતી, બનાવટ કે અસૂલોં સે;
ખુશબૂ આ નહીં સકતી, કભી કાગજ કે ફૂલોં સે.

અમારા ઉપર કરેલા કથનથી તે પ્રશ્નનો આજ વાસ્તવિક ઉત્તર જણાય છે. જે આપ લોકોની સભામાં આ પ્રકારે કરવામાં આવ્યો હતો કે, " સાધુ કોણ કહેવાય ? "

આ સંતના કથન પછી એક ત્રીજા મહાત્મા આ પ્રમાણે કહેવા લાગ્યા: "સાધુએ પરોપકારી તો અવશ્ય થવુંજ જોઇએ. પણ જ્યારે સંસારનો ત્યાગજ કર્યો તો પછી તેની તેને ચિંતા શા માટે ? સંસાર તો કોયલો છે, તેને સંસારભરના ઉપદેશરૂપી સાબૂ ધોઇને કદી પણ સફેદ કરી શકશે નહિ. સંસારી લોકો જાણે છે તો બધુંય પણ તે જોવા છતાંય જોતા નથી. હજારો મહાપુરુષોએ એની ભલાઈ કરવા, એને સન્માર્ગે ચડાવવા, ઉપદેશ આપી આપીને પોતાનાં જીવન સમાપ્ત કર્યાં, પણ એના ઉપર કશીય અસર થઇ નહિ. તેજ પાપાચાર, તેજ દુરાચાર, પ્રથમની જેમ ચાલી રહ્યા છે બલ્કે વધતા જાય છે. **રામના આદર્શ, કૃષ્ણની ગીતા, શંકરનું વિજ્ઞાન, બુદ્ધની દયા, મહાવીરની અહિંસા, ઈશુની ક્ષમા અને મહમ્મદનો ભ્રાતૃભાવ આજ ક્યાંય જોવામાં આવતાં નથી.** જોવામાં આવે તો તે નામ માત્રનાંજ એક મનોહર આકાશમાં દેટવો ઉડશે ! એવીજ રીતે આ વિશાળ વિશ્વમાં એક આદમી ક્યાં ક્યાં ઉપદેશ આપતો ફરશે ! બધા તો સાધુ થઈ શકતા નથી. ભર્તૃહરિએ રાજ્ય ત્યાગ કરી જોગી થવાને કારણે લોકોને સમજાવ્યું હતું કે—

"હે મનુષ્ય ' તું શું વાતનું અભિમાન કરે છે ! જો—પ્રથમ દધિચાદિ ઉદારબુદ્ધિ સાર્વભૌમ રાજાઓએ આ ભૂમંડળને બનાવ્યું અર્થાત્ ધર્મપરાયણ રક્ષિત કર્યું. પછી યયાતિ ઇત્યાદિ બળવાન રાજાઓએ એનું પાલન કર્યું. તે પછી કલિ આદિ ધર્માત્મા ભૂપાળો એ એને તણખલા જેવી ગણી પોતાને સ્વાધીન કરી, તણખલાની પેઠે લોકોને અર્પણ કરી દીધું. [illegible]

માટે સિદ્ધ સાધુના 'दण्डेन गो गर्द्दभौ' વાળો સિદ્ધાંત કામમાં આવે છે. "ભય બિનુ હોહિં ન પ્રીત" ની વાત સિદ્ધ મહાત્માને માટે યથાર્થ નીવડે છે. એટલા માટે જેનામાં ફરાગત છે તેજ સાધુ છે.

છઠ્ઠાએ ગુરુભક્તને સાધુ બતાવ્યો. ગુરુએ બતાવેલા અથવા આપેલા વેષ, દંડ, કમંડલુ, તિલક, માળા, ભસ્મ, આદિને જે વિધિ પ્રમાણે ધારણ કરીને એકનિષ્ઠાથી ગુરુમંત્રનો જપ કરતો રહે તે સાધુ છે કેમકે સાધુના કાષાયામ્બર અથવા દિગંબર આદિ વેષ પણ સાધુતાના સંરક્ષક થઇ શકે છે. જેમ મદિરા આદિની દુકાન ઉપર અથવા વેશ્યા આદિના નૃત્ય જે સર્વસાધારણને જોવા માટે થઇ રહ્યાં છે અને ત્યાં સાધુ જવા ચાહે તો તેનો વેષ તેને ત્યાં જતો અટકાવશે, તેને અંતરાત્માની પ્રેરણા થશે કે, જો તું આ વેષ ધારણ કરીને ત્યાં જઈશ તો લોકો શું કહેશે? જો અંતર્યામીની પ્રેરણા અવગણીને તે ત્યાં ચાલ્યો ગયો તો લોકો કહેશે કે, જુઓ, સાધુ થઇને પણ અહીં આવવાનું મન થાય છે, ત્યારે આ વેષ નકામો શા માટે ધારણ કર્યો છે? આમ વેશભૂષા પણ કુમાર્ગગમનમાં બાધક થાય છે. અને તેથી ગુરુપ્રસાદસ્વરૂપ વેષભૂષા ધારણ કરનારોજ સાધુ છે.

સાતમાએ કહ્યું—જે પ્રત્યેક શ્વાસનિઃશ્વાસમાં ભગવાનના નામનો જપ કરતા હોય તેજ સાધુ છે. 'यज्ञानां जपयज्ञोऽस्मि'ના સિદ્ધાંત મુજબ તે આ મુખ્ય યજ્ઞનો કર્તા છે. શાસ્ત્રોમાં યજ્ઞોનું ઘણું માહાત્મ્ય વર્ણન આવે છે. ત્યાંથી જ 'अन्नाद् भवन्ति भूतानि' 'यज्ञाद् भवति पर्जन्यो' આદિ સર્વ કંઇ સંભવિત થઇ જાય છે. તો પછી ભગવાનના નામસ્મરણ-યજ્ઞથી તો શું નથી થઈ શકતું? તેથી રાતદિન જે હંમેશા ભજન કરતો રહે છે તેજ સાધુ છે.

આ પ્રમાણે કેટલાક મહાત્માઓએ મહાભારત, ભાગવત ઇત્યાદિ [illegible] વર્ણવેલા સાધુઓના લક્ષણ અને સ્વરૂપ આદિનું ઘણુંજ ઉત્તમતાથી પ્રતિપાદન કર્યું.

હવે એક પરમહંસ સંન્યાસીએ કહ્યું—મહાપુરુષો! આ જે [illegible] કહ્યું [illegible] તે બધું તેમના [illegible] સ્વરૂપનું વર્ણન છે [illegible]

કર્મનો ત્યાગ કરી શકે ખરો? શું સંસારહિતના કર્મનો ત્યાગ કરવાથી તમે સર્વ કર્મથી મુક્ત રહી શકો છો? શું ખાવુંપીવું, પહેરવું-ઓઢવું એ કર્મો તમને લાગેલાં નથી? છતાં જો ક્ષુદ્ર દેહ પર મમત્વ હોવાનાં કારણે-દેશ, ધર્મ અને સમાજહિતાર્થે પરોપકારી કર્મનો ત્યાગ કરવામાંજ સંન્યાસની મહત્તા માનતા હો, તો તે સંન્યાસ મુક્તિ માટે નથી, પરંતુ જગતના ઋણી બની મહાપાપના ભોક્તા બનવા માટે જિંવા વેપજ સમજવો. તમે વિચાર કરી જોશો તો તમને ખુલ્લું સમજાશે કે, જેમ સરોવરમાં ઉત્પન્ન થયેલી પ્રથમ લહરી જળમાં લય પામે તે પહેલાં તેનો શેષ ભાગ નવી લહરીને જન્મ આપ્યા પછીજ સર્વથા જળમાં સમાય છે; તેવી રીતે પૂર્વકર્મ સંસ્કારફળનો ભોક્તા સર્વથા નાશ પામે તે પહેલાં મનુષ્યના જાણવામાં ન આવે તેમ વર્તમાન કર્મને વલણ આપવારૂપ અધિકાર ચલાવે છે, તેવા પૂર્વના મલિન સંસ્કારોને ભૂંસી નાખી શાસ્ત્ર-આજ્ઞા પ્રમાણે નવા શુભ સંસ્કાર પાડવા પ્રયત્ન કરવો અર્થાત્ કટિબદ્ધ રહેવું તેનુંજ નામ પુરુષાર્થ અને તેવા પ્રયત્નનેજ સત્કર્મ અને માનવધર્મ તરીકે ઓળખી શકાય અને તેજ પ્રયત્ન કેવળ ઉન્નતિ અને મુક્તિનું પ્રથમ અને એક સાધન છે, પરંતુ કેવળ લોકહિતાર્થ કર્મના ત્યાગથી કિંવા અગ્નિના અધિકારથીજ મોક્ષમાર્ગ સિદ્ધ થઈ શકતો નથી.

અવશ્ય એટલું વિચારવું જરૂરનું છે કે, વિષયાસક્તિને પુષ્ટ કરવા જે સકામ કર્મો ધારણ કરવામાં આવે છે, તે તો પુનર્જન્મના કારણભૂત અને તેજ અને તેમ હોવાથી યોગીપુરુષો કોઈ કર્મનો ઈચ્છાપૂર્વક આદર કરતા નથી, પરંતુ સત્કર્મ કે જે તેની સન્મુખ આવી પડે તેમાં પોતાના લાભ કિંવા હાનિનો વિચાર નહિ કરતા, કેવળ ફરજ સમજી અનાસક્તભાવે અવશ્ય ધારણ કરે છે. તેવી વેદઆજ્ઞા ગીતા દ્વારા થયેલી છે.

આવી રીતે કર્મના પરિણામ વિષે ઉપજતી ચિન્તા અને નવા કર્મના આરંભ માટે ઉપજતો સંકલ્પ-આટલીજ વસ્તુનો જ્યાં ત્યાગ કરવામાં આવે છે, ત્યાં ચિન્તાના અભાવે અખંડ સુખ અને સંકલ્પના અભાવે પરમશાંતિ આવિર્ભાવ થઈ રહે છે; તો પછી નિઃસ્પૃહપણે, કર્મને ધર્મ, કરવામાં દોષ શી રીતે આવી શકે?

કહ્યું ? એકાદ તંતુને સૌ કોઇ સહેલાઇથી તોડી શકે છે, પરંતુ તંતુના સમૂહથી બનેલું દોરડું સિંહને પણ વશ કરે છે. માટે આત્મપરાયણ રહેનારા હે યતિ–સંન્યાસીઓ! શું તમે હિંદુજાતિનું લગ્ન ખાઇ જાણી બનતા નથી? તે જાણ્યુ ફિટાડવાનો ફક્ત એકજ ઉપાય છે કે, બસ તમારી ગુફામાંથી યોગનિદ્રાનો ત્યાગ કરી બહાર આવો અને પડકાર કરીને અન્ય કોમી મનુષ્યોને ખુલ્લું સંભળાવો કે, વૈદધર્મ અનાદિ કાળથી છે, તેના પર તરાપ મારનાર કે તેને નિર્મૂળ કરનાર છે કોણ? કોઇ ઉત્પન્ન થયું નથી અને થવાનું નથી. એટલું બોલી બતાવવાથીજ બસ નથી, પરંતુ હિંદુજાતિને સિંહરૂપ બનાવવાની જવાબદારી પણ તમારે શિર રહેલી છે. તે જવાબદારી તમને કર્મ કરવા પ્રેરે છે અને તેમ છતાં જો કર્મનો ત્યાગ કરશો તો તમે જન્મભૂમિના બદલે હિંદુજાતિના પૂરા જાણી ગણાશો કે જે જાણ તમારી તપશ્ચર્યા કરતાં પાપનીજ વૃદ્ધિ કરવામાં વિશેષ સમર્થ બને છે તેમ ચોક્કસ સમજજો; કારણ કે धर्मो रक्षति रक्षितः।

("આર્યપ્રકાશ" તા. ૨૬–૫–૪૧ના અંકમાંથી)

दाननो पलटातो प्रवाह

(લેખકઃ–શ્રી. મગનલાલ ધ. મેઘાણી)

"[illegible]" ધર્મના ઇજારદારો મારફત પુણ્ય કમાવા માટે મારે હવે દાન નથી કરવું. મૃત્યુ પછી પરલોકમાં સુંદર પદની પ્રાપ્તિ માટે પણ મારે હવે દાન નથી કરવું. તમારી રીતે બનાવવા રીઝવવા [illegible] પણ તો [illegible] કરવાને દાન નથી કરવું અને મોટા દાનેશ્વરી તરીકે [illegible] મને [illegible] મારી વાહવાહથી નવાજે એટલા માટે પણ નથી [illegible] અનેક અનુભવો પછી દાનના આ બધા પ્રકારોમાંથી મારી [illegible] અને દાનની યથાર્થ દિશા મને સમજાઈ છે.

"[illegible] [illegible] તો તેના ઉપયોગ માટે થોડું–[illegible] આપીને હવે તો [illegible] થયું છે. એક માનવી તરીકે મારા [illegible] થયું છે. દાનનો આ સાચો અર્થ [illegible]

શેઠ દિલના શાહુકાર હતા તેથી કે ધનિક હતા તેથી લોકો તેમને શાહુકાર કહેતા એ તો પ્રભુ જાણે! પણ લોકો તેમને શંભુ શાહુકારના નામથી ઓળખતા. નાના, મોટાં અને ભણેલાં, અભણ સૌ તેમને 'શંભુ શાહુકાર' કહેતાં. મૂળે તો ઘણાજ ગરીબ. બાપના મૃત્યુ પછી માતાની મજૂરીથી નજીવું ભણીને પરદેશ ગયેલા. ત્યાં મહેનત અને ભાગ્યથી રળી શક્યા. ઠીક ઠીક સ્થિતિ પ્રાપ્ત થઇ ત્યારે વહાલું વતન યાદ આવ્યું. માતાએ મજૂરી કરી કઇ આશાએ ઉછેર્યો હતો એ યાદ આવ્યું અને સાચી ધર્મપ્રીતિ તથા માનવપ્રીતિના પ્રતાપેજ જીવન જીવવા જેવું રહ્યું હતું તે પણ યાદ આવ્યું. આ બધા ઉપરાંત પોતાની ભૂતકાળની ગરીબી પરથી દુઃખીની દુનિયા યાદ આવી અને કંઇક કરી છૂટવાની વૃત્તિ જાગી.

દાનની બાબતમાં લાંબા તર્કવિતર્ક ન કરતાં આંખ મીંચીને આપવું. તેમાંથી કોઇ પાત્ર નીકળી આવશે તોય કલ્યાણ થઇ જશે. આવી પ્રચલિત માન્યતાને લીધે આંખ મીંચીને તેમણે યથાશક્તિ દાન આપવું ચાલુ રાખ્યું. શરૂઆતમાં ધાર્મિક બાજુનો તરફ તેમનું વલણ અને વૃત્તિ હતાં. તેથી ધર્મકાર્યમાંજ તેમણે માનવસમાજની શાંતિ અને સુખ જોયાં અને ધર્મની સંસ્થામાં આપેલું જ દાનગણાય તેમ માન્યું. પોતે વૈષ્ણવ હતા તેથી ગુસાંઇજી દ્વારા પોતાના દાનનો ઉપયોગ કરાવ્યો. બ્રાહ્મણો, ગુંસાંઇઓ અને બાવા-સાધુઓને ધરવ્યા; કુલદિરોગ કરાવ્યા, દેવમૂર્તિને વસ્ત્રાભૂષણોની ભેટ કરી, અન્નકૂટ ભરાવ્યા અને હવેલીઓમાં નગદ ભેટો પણ આપી. તે શ્રીનાથજીમાંય પાર્ષદો ભેટો મોકલતા.

પણ એક દિવસ આંખ ખુલી ગઇ! પોતાના દાનને પ્રતાપે તાગડધિન્ના કરતા મહાનુભાવોને ઓળખ્યા. મથુરા ગયેલા ત્યાં ધર્મશાળામાં પડેલા એક બીમારને મદદ કરવી તો રહી, પણ તેના સંચાલકોએ તેને બહાર કાઢ્યો અને રસ્તા પર તેનું મૃત્યુ થયું. મંદિરના અધિકારીને રીતે આ વાત પહોંચાડી; પણ 'ધર્મના દ્રવ્યનો ઉપયોગ એમ કેમ થાય?' એવો ટૂંકો જવાબ મળ્યો.

આ ઉપરાંત એક બીજો પ્રસંગ પણ તેજ દિવસે બન્યો. ખુદા ગોકુળના મંદિરની મૂર્તિને ખાસ નાખવામાં આવેલું. તેમાં અંદરની

ખિસ્સામાં છૂટા પૈસા અને થેલીમાં ખાવાનું રાખી જે કોઈ બાળક મળે તેને વહેંચવાનું ચાલુ રાખ્યું. રોજના બેચાર રૂપિયાના પૈસા આ રીતે વહેંચી આપે. આ રીતે બાળકોમાં ખૂબ પ્રિય થઈ પડેલા હોવાથી બાળકો તેમની આસપાસ ટોળે મળતાં. ટોળે મળેલાં એ બાળકોને નીતિની, શૌર્યની અને દેશની વાતો કરે, ચાલુ દેશકાળની સ્થિતિ સમજાવે, દેશનેતાઓની ટૂંકી ઓળખાણ આપે અને તેમના આત્મભોગની રોમાંચક વાતો કહે.

આ પ્રવૃત્તિથી અલબત્ત તેમના દિલને થોડો સંતોષ થયો; પરંતુ મનનું સંપૂર્ણ સમાધાન ન થયું. ગામને શાની જરૂરિયાત છે, કઈ બાબતમાં તે બીજાની મદદની અપેક્ષા રાખે છે? એ શોધવા તેમણે પ્રયત્ન કરવા માંડ્યો. આ અરસામાં કઠેડા વગરના કૂવે પાણી સિંચતાં એક બાઈ કૂવામાં પડી જઈને મરી જવાનો પ્રસંગ બન્યો. શંભુ શેઠના દિલને આઘાત લાગ્યો. બીજે દિવસેજ ગામનાં બધાં જળાશયો શોધી કાઢ્યાં, ભારવગતીથી નજદીકમાં નજદીકનાં જળાશય ક્યાં છે તે શોધી કાઢ્યાં અને ગામના લગભગ બધા કૂવાઓ એક બનાવ સાફ કરાવી સમરાવ્યા અને પાણી ભરનારી બહેનોને અંદર પડી જવાની બીકમાંથી ઉગારી લીધી. જ્યાં જ્યાં જળાશય દૂર હોય ત્યાં ત્યાં ગામની નજીક નવાં જળાશયો બંધાવી આપ્યાં. આ સેવા ખૂબ ઉપયોગી થઈ પડી એમ તેમને લાગ્યું અને તેમની ધૂન પણ વધી. તેમને થયું કે મારા પાસેથી જેમ પૈસો હવે ખરા ઉપયોગમાં આવી શકશે.

તેમનું ગામ બહુ મોટું શહેર પણ નહિ અને ગામડું પણ નહિ, એવું લગભગ પંદર હજારની વસ્તીવાળું હતું. ગામમાં ગંદકી ઘણી રહેતી. ઠેર ઠેર ઉકરડા દેખાય. ત્યાં બૈરાંઓ અને બાળકો સવાર-સાંજ અસભ્યપણે કુદરતી હાજતે બેઠાં હોય! ગંદકીમાં દિવસેદિવસે વધારો થતો જાય! સ્ત્રીઓને કુદરતી હાજતે જવા માટે બીજી કોઈ સગવડ નથી. કુદરતી રીતે ફેર ખણી બતાં આખું ગામ તદ્દન ઉઘાડું પડી ગયું છે કે જેથી મર્યાદા સાચવવા આડ નથી. નરમ-ગામ ... ત્યારે ... કાં તો શરમ છોડીને ... કહ્યું કે ... ની વાડીએ ...

તો કહે છે કે, કોઇ આરોગ્યમંદિર કે એવું કંઈ બંધાવો તો નામ અમર રહે, પાયખાનાં બંધાવવામાં શું બળ્યું છે? લોકો ઊલટા હાંસી કરશે! પણ એ લોકોને ક્યાં ખબર છે કે નામ અમર કરવાની ઇચ્છા કરતાં ખરી જરૂરિયાત પૂરી પાડવાની ઇચ્છા વધારે આવકારદાયક છે. મારું કયું નામ થોડુંજ અમર થવાનું છે? મારી ભાવના અને વિચારશ્રેણીને લોકો જો સમજશે, પલટાતા દાનના પ્રવાહને જો ઝીલશે તો નામ અમરજ છે. દરેક વસ્તુની યથાસ્થાને અને યથાસમયે જરૂર છે. દાનનો પ્રવાહ એક કાળે જુદી દિશાએ ચાલતો હશે, પણ પ્રજાજીવનના સંજોગો પલટાતાં દાનનો પ્રવાહ પણ પલટાય તો નવાઇ શી? ઉપયોગિતા અને આવશ્યકતાનો વિચાર નજર સામે હોય તો કંઇક કરી છૂટવાની વૃત્તિવાળાને ધન ક્યાં ખર્ચવું તે જરૂર સમજાય.

આપણી દૃઢ માન્યતામાં દાનની પાછળ જે ભાવના છે તેનો ખરો મર્મ સમજ્યા વગર આવતા ભવના કલ્યાણની કામનાજ કાયમ દૃષ્ટિ સમક્ષ રહે છે. આ દૃષ્ટિ ભલે ખોટી ન હોય. પણ આ જીવનમા અન્યને ખરા ઉપયોગી બનવામાં જે આત્મસમાધાન અને શાંતિ રહેલાં છે, તે જો સમજાય તો આવતા ભવનાં સુખ, શાંતિ કે કલ્યાણનો વાયદો કે વીમો આ ભવમાંજ થઇ જાય છે. પણ વધુ વિચારવા લાયક વાત તો એ છે કે, કલ્યાણની આ કામના સેવનારને અમુક પ્રકારનું સમાજમાં સ્થાન મળે છે અને એ સ્થાન મેળવવાના લોભમાં પ્રજાના ખરા ઉપયોગ કે જરૂરિયાતની તરફ નજર પણ જતી નથી.

ધાર્મિક કાર્યો એટલે કે પ્રભુમંદિરોની પાછળ ખર્ચાતું નાણું, ધાર્મિક ઉત્સવોની પાછળ વેડફાતું દ્રવ્ય કે નવા નવા પ્રભુઓ દેરાસરે પધરાવવામાં ખર્ચેલું જતું ધનજ માત્ર કલ્યાણ કરનારું છે, એનો આ સિવાયનો બીજો ઉપયોગ તો આ લોક પુરતોજ છે. આવી માન્યતાને વશ થઇ પ્રજાકીય જરૂરિયાતોનીજ ભયંકર અવહેલના. કે દિવસે દિવસે પ્રજા ઘણી બાબતોમાં જરૂરિયાતોથી વંચિત રહે છે. આ વંચિત પ્રજાનો આજનો અસંતોષ કોઇ નવા સ્વરૂપે ... અને તેના પરિણામે ધર્મભાવના ભાંગતી જાય છે ત્યાં સુધી ધનનો ઉપયોગ માત્ર આટે કરો કરો, ત્યાં સુધી

પ્રીતિ જન્મે છે કે જે ધર્મથી પણ દૂર છે.

આટલું નાનકડું સત્ય જો દાનવીરો સમજશે તો માનવજીવનમાં સાચો ભ્રાતૃભાવ પ્રગટશે……કોણ કહેશે ક્યારે ?

("સેવાધર્મ" માસિકના ઓક્ટોબર-૧૯૪૦ ના અંકમાંથી)

गामडे जईने

(લેખકઃ-એક વિદ્યાર્થી)

હવે તો ગામનાં હું થોડોક પરિચિત થયો છું. મારું નામ તો ઘણા જાણતા નથી પણ મને 'ગાંધી મહાત્માના માણસ' તરીકે ઓળખે છે. તમને પણ હસવું આવશે કે, આ ભોળી પ્રજા બધાને ગાંધીના માણસજ ગણે છે. બાકી હું કેટલા અંશે મહાત્માનો માણસ છું તે તો આપ અને હું વધારે જાણીએ છીએ. કેટલાક ભાઇઓ રાત્રે મંદિરમાં આવે છે. એ વિશાળ ચોકમાં હું એમની સાથે વર્તમાન પ્રવાહોની હળવી ભાષામાં વાતો કરું છું. આ ટૂંકા અનુભવમાં મને એમ લાગે છે કે, આ ભોળી ગ્રામજનતાને સમજાવવી બહુ મુશ્કેલ નથી અને એટલું પણ માન્યું કે જેમ આ લોકો અમુક વિચારથી જલદી દોરવાઇ જાય છે, તેમ એથી વિરોધી વિચારોથી પણ સહેલાઇથી ફેરવાઇ જાય છે. તેમનામાં વિવેકશક્તિનો અભાવ લાગે છે. તેઓ કોઇ પણ વસ્તુનો ઊંડાણથી કે સમતોલપણાથી વિચાર કરી શકતા નથી. જે કહીએ તે તેમને ગળે ઉતરતું હોય એમ લાગે છે, પણ એ [illegible], વર્તનમાં તેઓ મૂકી શકતા નથી. આ વસ્તુ માત્ર એમનેજ લાગુ પડે છે એવું ક્યાં છે? ભણેલા વર્ગમાં પણ આ વિવેકશક્તિનો અભાવ ક્યાં જોવા મળતો નથી? એવું ન હોત તો તેઓ આવું માનવદ્રોહી વર્તન કરીજ કેમ શકે? આના વિષે તો આપ મારા કરતાં વધુ જાણો છો એટલે હું વધુ નહિ લખું.

હું જ્યારે ગામમાં ગયો તે પહેલાં તો ઘણી નવા અનુભવોની [illegible] થતી જાય છે. હું તો આશ્ચર્યમુગ્ધ થયો છું કે, ગામ-

શકાય. એટલુંજ કેમ, ધાર્યું કામ કરાવી શકાય. કેમ આપને આ યોજના કેવી લાગે છે? અભ્યાસ કરવામાં જેમ વર્ષો ખર્ચીએ છીએ તેમ આ ૭ માસ વધારે—આ ૭ માસ પણ અભ્યાસ તરીકેજ ગણાવા જોઇએ. આ વિષે આપ વધુ વિચાર કરી મને પત્રમાં જણાવશો, મને પોતાને તો વિચાર સુંદર લાગે છે. અને આ વિચારને વાગોળતો વાગોળતો હું ઊંઘી ગયો. આશ્ચર્યની વચ્ચે સવારે કાન ફોડી નાખે તેવા શંખનાદથી હું જાગ્યો. ઊઠીને તપાસ કરું છું તો માલૂમ પડ્યું કે, ગામને પાદરે નાગાબાવાની જમાત આવી હતી. હું લોટો લઈ બહાર નીકળ્યો ને જોયું તો તળાવને કિનારે કેટલીયે રાવટીઓની વચ્ચે મોટો તંબૂ રોપાઇ ગયો હતો. ધુમાડો આકાશમાં બાઝી જતો હતો. હાથીઓ સૂંઢ હલાવતા હલાવતા ઊભા હતા. ઘોડાઓ ને ઊંટની કતાર જામી હતી. એક મોટા જટાધારી શરીરે ભભૂતી લગાવેલ મહંત બેઠા હતા. તેમની સામે લાકડાં બળતાં હતાં. રાખમાં એકમે મોટા ચીપિયા રોપેલા હતા. ઊભી ગદમો બાજુમાં પડી હતી. મહંતની બાજુમાં તેમનાજ જેવા બીજા જટાધારીઓ બેઠા હતા. તેમાંનો એક હાથમાં ગાંજો લઈ ઘોંટતો હતો. હું નજદીક ગયો એટલે મહંત બોલ્યોઃ 'આઇએ બચ્ચા.' અને આ બચ્ચાએ જ્યારે નમન પણ ન કર્યાં ત્યારે તેમની લાલ આંખ મારા તરફ ટાંપી રહી. હું તો કૂવા પર નહાવાધોવા ચાલ્યો; પણ પાછળથી મને અવાજ સંભળાયોઃ 'કૈસે લોક પૈદા હોતે હૈ!' અને બધા ખડખડાટ હસી પડ્યા.

સાંજે ગામમાં બૂમો આવવા લાગી કે, બાવાઓ તેમની તાપણી માટે બધેથી લાકડાં ઉપાડી જાય છે. એક બાઈ મંદિરમાં આવી મને કહેવા લાગ્યાઃ " અરે તમને શું વાત કરું ! આ બાવાઓએ તો જુલમ કર્યો. પેલી ગંગાડોશીનાં લાકડાં ઉપાડી ગયા. પેલા કુંભીના [illegible] થઈ ગયા. અરે નિશાળની આગળ લાકડાં હતાં તે પણ ઉપાડી ગયા. હું તો કહું છું કે, તમારે પહેલા આને જુદા તો કરવા જોઈએ. આ એટલા બાવા કેમ ચાલે : " આ બધું તેણે [illegible] ગયા. એટલું તો [illegible] હતું કે [illegible]

શાહી વૈભવ શાનો? આટલા ઘોડા, આટલાં ઊંટ શા માટે રાખો છો? આ રીતે હિંદુધર્મની રક્ષા કરો છો?'

'બકબક મત કરો.' મહંત આંખ ઝીણી કરી તડૂકયા. ધર્મ ધર્મ કી બાત કરતે હો, તુમારે જૈસા પેદા હુઆ ઔર ધર્મ બી બિગડ ગયા. નહિ પુણ્ય, નહિ દયા. કયા બાત કરે?

'અમારા જેવા નહિ પણ તમારા જેવા ઠગારા થયા ને ધર્મને બદલે ધતિંગો શરૂ થયાં. ધર્મ એટલે શું? બોલો હું જ તમને પૂછું છું.

'અંગ્રેજી પઢતે હો ના! આયા સમઝમેં. વો વરણશંકર કી બાત શીખ કર ઐસા નાસ્તિક હો ગયા. ખુદા! ઐસા લોકકા મત માનના.'

'બાપજી! એ ખરું જ તો. ધર્મ છે તો બધુંયે છે. પ્રભુ! પ્રભુ!

'તુમ પુણ્ય નહિ કરના તો ઐસા બરસ આતે હૈ. તુમારે મેં દયા નહિ તો બરસાદ કહાં સે આવે? ઉપરવાલા તો સબ દેખતે હૈ.'

'હા, હા, બાપજી બરાબર કે છે. દાન છે એ તો પુણ્ય છે. અને પુણ્ય કરતા રહીએ તો ઉપરવાળો પણ રાજી રે.' એક આધેડ વયના ભાઈ બોલ્યા.

'બાપુ બાપજી મેં કહ્યું તે માની જાઓ. હવે વધારે રકઝક ન કરશો. મુખી બોલ્યા અને બાપજીના ચરણમાં ઢળી પડ્યા. મારાથી આ [illegible] જેવું જતું ન હતું. મહંત એ કોઈ સંત ન હતો, તેના મોં પર માનવતાયે દેખાતી ન હતી. ગાંજો પી પી આંખો લાલઘૂમ રાખતો [illegible]. એના ચરણમાં ગામના પટેલ, ગામના નેતા—મુખી! મને [illegible] વછૂટી અને તુરત જ બોલી ઊઠ્યો.

'પોષ [illegible], શા માટે તમે આમ કરો છો? [illegible] આપવા-[illegible] નથી પૈસા વધારે હોય તો તમારાં છોકરાને પેન અને [illegible] આપો. તેમને સારાં કપડાં પહેરાવો [illegible] માટે આવા [illegible] ને [illegible] છો?'

'[illegible]. એમાં તમને ખબર ન પડે. આ તો ગામની આબરૂનો [illegible] પરગામમાં [illegible] ખરાબ દેખાય ને' [illegible]

[illegible]

गृहस्थों के लिये साधारण नियम

૧-પ્રાતઃકાલ સૂર્યોદય સે પહલે ઉઠો.
૨-ઉઠતે હી ભગવાન કા સ્મરણ કરો.
૩-શૌચ-સ્નાનાદિ સે નિવૃત્ત હોકર ભગવાન કી ઉપાસના, સન્ધ્યા, તર્પણ આદિ કરો.
૪-બલિવૈશ્વદેવ કરકે સમયપર સાત્વિક ભોજન કરો.
૫-રોજ પ્રાતઃકાલ મેં માતા, પિતા, ગુરુ આદિ બડોં કો પ્રણામ કરો.
૬-ઇન્દ્રિયોં કે વશ ન હોકર, ઉનકો વશ મેં કરકે ઉનસે યથાયોગ્ય કામ લો.
૭-ધન કમાને મેં છલ, કપટ, ચોરી, અસત્ય ઔર બેઇમાની કા ત્યાગ કરો. અપની કમાઇ કે ધન મેં યથાયોગ્ય સભી કા હક સમઝો.
૮-માતા-પિતા, ભાઇ-ભોજાઇ, બહન-ફૂઆ, સ્ત્રી-પુત્ર આદિ પરિવાર કા આદર ઔર પ્રેમ સે પાલન કરો.
૯-અતિથિ કા સચ્ચે મન સે સત્કાર કરો.
૧૦-અપની હૈસિયત કે અનુસાર દાન કરો. પડોસિયોં તથા ગ્રામવાસિયોં કી સત્કારપૂર્ણ સદા સેવા કરો.
૧૧-સબ કર્મોં કો બડી સુન્દરતા, સફાઈ ઔર નેકનીયતી સે કરો.
૧૨-કિસીકા અપમાન, તિરસ્કાર ઔર અહિત ન કરો.
૧૩-અપને કિસી કર્મ સે સમાજ મેં વિશૃંખલતા ઔર પ્રમાદ ન પૈદા કરો.
૧૪ મન, વચન ઔર શરીર સે પવિત્ર, વિનયશીલ ઔર પરોપકારી બનો.
૧૫-સબ કર્મ નાટક કે પાત્ર કી ભાન્તિ અપને ન માનકર કરો પરન્તુ કરો ઠીક સાવધાની કે સાથ

યદિ પ્રિય વાક્ય ભી અહિત કરનેવાલા જાન પડે તો નહીં કહના ચાહિયે. ઉસ અવસ્થા મેં તો હિતકર વાક્ય હી કહના ઉત્તમ હૈ, ચાહે વહ અત્યન્ત અપ્રિય હી ક્યોં ન હો. જો કાર્ય ઇસ લોક ઔર પરલોક મેં પ્રાણિયોં કા હિત કરનેવાલા હો. બુદ્ધિમાન પુરુષ કો મન, વચન ઔર શરીર સે ઉસીકા આચરણ કરના ચાહિયે.

જો મનુષ્ય દૂસરોં કી નિન્દા-ચુગલી નહીં કરતા, જૂઠ નહીં બોલતા ઔર એસા વચન ભી નહીં બોલતા જિસસે દૂસરોં કો ઉદ્વેગ હો, ઉસપર નિશ્ચય હી શ્રીભગવાન પ્રસન્ન રહતે હૈં. જો પુરુષ દૂસરોં કી સ્ત્રી, ધન ઔર હિંસા મેં રુચિ નહીં કરતા ઉસસે સદા હી શ્રીભગવાન સન્તુષ્ટ રહતે હૈં. જો મનુષ્ય કિસી ભી પ્રાણી (મનુષ્ય-પશુ-પક્ષી-વૃક્ષ-લતાદિ) કો પીડિત નહીં કરતા ઔર મારતા નહીં, ઉસસે શ્રીભગવાન બહુત પ્રસન્ન રહતે હૈં. જો મનુષ્ય દેવતા, બ્રાહ્મણ ઔર ગુરુજનોં કી સેવા મેં સદા તત્પર રહતા હૈ, શ્રીભગવાન ઉસસે સદા પ્રસન્ન રહતે હૈં. જો મનુષ્ય સ્વયં અપને ઔર અપને પુત્રો કે સમાન હી સબ પ્રાણિયોં કા હિત ચાહતા હૈ, શ્રીભગવાન કો વહ સહજ હી પ્રસન્ન કર લેતા હૈ. જિસકા મન રાગાદિ દોષોંસે દૂષિત નહીં હૈ, ઉસ વિશુદ્ધચિત્ત પુરુષસે શ્રીભગવાન સદા સન્તુષ્ટ રહતે હૈં.

—શ્રી વિષ્ણુપુરાણ

મલક બધો તારી કરવાનો ઠેકડી,
ને હું તો કહી કહીને થાચ્યો–
અરજણિયા હું તો કહી કહીને થાચ્યો;
આ ખતરીના કુરમેં ચ્યાંથી તું આવો (૨)
ઊંધા તે પાનિયાનો પાચ્યો–
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૪
અલ્યા જુધમાં જીતેશ તો રાજ કરેશ ને
મરેશ તો જાસ ઓલ્યા હરગે–
અરજણિયા મરેશ તો જાસ ઓલ્યા હરગે;
અલ્યા તારો તે દી જો ધેરજ હોય તો (૨)
આવો તે લાગ શીદ ચૂકે?
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૫
મોટા મોટા, માત્મા ને મોટા પુરસ
છોગે વાસનામાં મેલ્યો પૂળો–
અરજણિયા વાસનામાં મેલ્યો પૂળો,
અલ્યા એવાએ જગત હાટુ કરમ ઢહડ્યાં (૨)
પડે તુ તે ચોઇ વાડીનો મૂળો–
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૬
કરમની વાત બધી આપણા હાથમાં.
ન ફળની નહિ એક કણી–
અરજણિયા ફળની નહિ એક કણી.
મના હોય તો બધાય થઇ બેઠે—(૨)
ઓલ્યા દલ્લી ને શાહેરના ધણી-
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૭



महात्मा श्रीसरयुदासजीनुं चरित्र

મહાત્મા શ્રીસરયુદાસજીનો જન્મ સંવત ૧૯૦૪ ના શ્રાવણ વદિ આઠમના રોજ–જન્માષ્ટમીના દિવસે અમદાવાદ જિલ્લાના પાટડી ગામમાં થયો હતો. એમનું મૂળ નામ ભોગીલાલ હતું. એમના પિતાનું નામ પ્રભુદાસ અને માતાનું નામ ગંગાબહેન હતું. આ ગંગાબહેન પાટડીદરબારના ભાયાત રણછોડદાસની દીકરી થતાં હતાં.

એમને ગોવિંદજી નામે એક ભાઈ અને જમના તથા હરી નામે બે બહેનો હતી.

એમની બાલ્યાવસ્થા મોસાળમાંજ વીતી હતી. મોસાળમાં એમના મકાનની પાડોશમાંજ એ સમયે વલ્લ ભગત તથા સેઉનારામ ભગત રહેતા હતા. ભોગીલાલને તેમનો સમાગમ થયો. તેમના સત્સંગથી એમનામાં ભક્તિરસના અંકુર ફૂટવા લાગ્યા અને પૂર્વજન્મના સંસ્કારબળે તે દૃઢ થતા ગઈ દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યા.

કાયંક્રમ જેવું થઈ ગયું.

મામાની દુકાને એ કામકાજ માટે જતા, પરંતુ એમનું ચિત્ત તેમાં બિલકુલ ચોંટતું નહિ. એક દિવસ સંધ્યાસમયે દુકાનમાં પોતે એકલા હતા. એવામાં દેવમંદિરે થતી આરતીનો ઘંટાનાદ એમના સાંભળવામાં આવ્યો. આ ભગવદ્‌ભક્ત પુરુષનું ચિત્ત એ સાંભળી ક્યાંથી રોકાય ? દુકાનમાંથી પોતે નીકળ્યા અને સીધા દેવમંદિરે પહોંચી ગયા. એમને એ વાતનું ભાન પણ ન રહ્યું કે, પોતે દુકાન બંધ કરવાનું ને તાળું વાસવાનું ભૂલી ગયા છે !

બીજે દિવસે દુકાનમાં કામ કરનારાઓને આ વાતની ખબર પડી. મામાએ પોતાના સ્વભાવાનુસાર તેમને ઠપકો પણ આપ્યો; પરંતુ સંત થવાને સરજાયલા આ ભોગીલાલને એથી કાંઈ સંતાપ કે શોક થયો નહિ.

પોતાની પત્નીના સ્વર્ગવાસ પછી એમનું મન આ સંસાર ઉપરથી ઊઠી ગયું હતું. વારંવાર એમને એમજ થયા કરતું કે, "ક્યારે આ અસાર સંસાર-સાગરમાંથી છૂટું ને ચાલ્યો જાઉં ?" એમની આ વૃત્તિ ઉત્તરોત્તર બળવાન થતી ચાલી. એ અરસામાં નગવાડા (વઢિયાર) તરફના શ્રીભગવાનદાસજી નામના એક મહાત્મા ત્યાં પધાર્યા હતા અને ગામ બહાર એક વડ નીચે ઊતર્યા હતા. ગામલોકોએ તેમને કહ્યું કે, આ વડમાં એક પ્રેત રહે છે માટે આપ ગામમાં પધારો. ત્યારે તે સંતે જણાવ્યું કે, અમે પણ પ્રેત જેવાજ છીએ અને પ્રભુનું નામ સાંભળશે તો તે પ્રેતનું પણ કલ્યાણ થશે, માટે અહીંજ ઠીક છે. એમ કહી તે મહાત્માએ પોતાનો મુકામ ત્યાંજ રાખ્યો. આ મહાત્મા પધાર્યા-ની વાત ભોગીલાલના જાણવામાં આવતાં તેઓ વારંવાર તેમના પાસ જઈને સત્સંગનો લાભ લેવા લાગ્યા.

ભગવાનદાસજી હોવાના સમાચાર મળતાં તરતજ તેઓ ત્યાં જઇને તેમને મળ્યા.

આ રીતે પાટડી છોડ્યા પછી મહારાજ સરયુદાસજી પોતાના ગુરુની સાથે રહ્યા અને તેમની સાથે ફરતા ફરતા અનેક સ્થળોની મુલાકાત લેતા સંવત ૧૯૨૪ માં અમદાવાદ પધાર્યા. દરમિયાન તેમણે આત્મચિંતન અને ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો.

મહારાજશ્રી સરયુદાસજી અમદાવાદ પધાર્યા ત્યારે ગુરુ ભગવાનદાસજી તથા તેમના બીજા શિષ્યો લાલદાસજી, મોહનદાસજી અને આત્મારામજી સાથે હતા. ત્રણ વર્ષ સુધી તેઓ સર્વે ખડગધારાના આરે રહ્યા હતા. ત્યાર પછી સંવત ૧૯૨૭ માં મોટી હમામ પાસે આવેલા પટેલ મનસુખરામ ઓધડભાઇના ડહેલામાં રહેવા આવ્યા અને તે પછી પ્રેમ દરવાજે આવેલી દરજીની વાડી તેમને રહેવાના સ્થાન તરીકે આપવામાં આવ્યાથી ત્યાં રહેવા ગયા.

ત્યાર પછી દરિયાપુર-વાડીગામમાં રહેતા ત્રીકમદાસ પટેલે, શ્રીમુરલીધરનું મંદિર શ્રીસરયુદાસજીને સર્વ પ્રકારે યોગ્ય જાણી ઘણા આગ્રહપૂર્વક અર્પણ કર્યું; પરંતુ મહારાજશ્રીને તો એ પણ એક મહાન ઉપાધિ જણાવા લાગી. તેઓ વિચાર કરવા લાગ્યા કે, "આ બંધનમાંથી શી રીતે છૂટવું." એ અરસામાં શેઠ મોતીલાલ હીરાભાઈ તથા માધવલાલ પટેલ વગેરે, આશીર્વાદ આપવા માટે કોઇએક સારી વિશાળ જગા યોજતા હતા. તેઓ મહારાજ સરયુદાસજી પાસે આવી ચડ્યા અને આશીર્વાદ સંબંધી વાત કરી. મહારાજ તે વાત સાંભળીને ખુશ થયા અને કહ્યું પોતાની ઉપાધિ ટાળવાનો આ અવસર પ્રભુએ મોકલી આપેલો હોય એમ લાગે છે, જેમાં ...



સ્વામીશ્રી આત્માનંદ મહારાજ

મુજબ દરેક વિદ્યાર્થીને આઠ આઠ દિવસનું સામટું સીધું અને રોજનો એક એક પૈસો રોકડો મળવા લાગ્યો. પરિણામે વિદ્યાર્થીઓને અભ્યાસની ઘણીજ અનુકૂળતા થઈ ગઈ.

ધોળકાવાળા પટેલ ડાહ્યાભાઈ મનોરભાઈ એમના સમાગમમાં આવેલા. તેઓ પોતાના અનુભવનું વર્ણન કરતાં જણાવે છે કેઃ—

"હું પચ્ચીસીમાં હતો. મારા ઉપર અનેક પ્રકારના સંસ્કારો પડતા હતા. × × × એ કાળમાં મારી પાસે 'શ્રીસરયુદાસજી'-ની કથાની એવી વાતો આવી કે, તે બુદ્ધિને કેવળ અગ્રાહ્ય હતી. મહારાજ અધ્ધર ચાલે છે, તેમની કથા ભગવાન કરી ગયા; એવી અનેક વાતો પ્રચલિત હતી. મારી બુદ્ધિએ આ વાતોને પડકારી. મેં આ સાધુની પરીક્ષા લેવાનું બીડું ઝડપ્યું. × × કોઇ પૂર્વ સંસ્કારના બળે હું તેમની કથામાં જવા ઢસડાયો. ત્યાં જઈને પ્રશ્નો પૂછી તેમને મહાત કરીશ એ અભિમાનથી હું ગયો અને ગયો તેવોજ ઠરી ગયો! મારું બધું અભિમાન ગલિત થઈ ગયું. મારા જીવને અજબ પલટો ખાધો. હું જે હતો તે નહોતો બની ગયો!

"જગતમાં બીજે ક્યાંય મને આવી શાંતિ મળી નહોતી, [illegible] મારામાં અક્કડાઈ હતી. એકદમ સીધો પ્રણિપાત કરતાં હું શરમાતો હતો. મેં એક પત્ર લખ્યો અને તેનો ખુલાસો કથામાં થાય એમ ઇચ્છયું. ખુલાસો ન થયો. કથા પૂર્ણ થયા બાદ કેટલાક નિજભક્તો સાથે હું પણ તેમની મહૂલીએ તેમને વંદન કરવા માટે ગયો. તેમણે મને પિછાણી લઈ પ્રેમથી નવ-[illegible] દીધા અને કહ્યું 'કૃપાનાથ! આપે પત્ર લખ્યો છે!' [illegible] હું [illegible] તેમના ચરણે ઢળી પડ્યો અને [illegible] સુધી [illegible] મારા જીવનની [illegible] અજબ [illegible]

એ સાવચેતી હદ ઉપરની રહેતી. આટલી સાવધાનતા તો જૈન આચાર્યો પણ ભાગ્યેજ રાખતા હશે. તેમના જીવનમાં તેમણે કોઇનુંય દિલ દુભવ્યું નથી. સૌને તે અગાધ શાંતિમાં ઝબોળી દઈ ઠંડા પાડી દેતા.

"એક વખતે પોતે ડાકોર જતા હતા. ત્રીજા વર્ગના ડબ્બામાં અતિશય ભીડમાં તેઓ બેઠેલા હતા. એમની સામે એક પઠાણ બેઠેલો હતો. તે કંઇક અટકચાળો હતો. મહારાજશ્રીને પગ અડાડવા લાગ્યો. મહારાજે એ પઠાણનો પગ પકડી કહ્યુઃ "આપના પગને કાંઇ દુઃખ થાય છે? કળે છે? થાક્યો છે? હું દબાવું?" અને એમ કહી તેના પગ પંપાળવા લાગ્યા. પઠાણ તો સ્તબ્ધ થઈ ગયો. શરમિંદો બન્યો. "આપ તો ઓલિયા છો" એમ કહીને નમી પડ્યો.

"શેઠ મંગળદાસને બંગલે લાલદાસજી મહારાજની શુશ્રૂષામાં મહારાજશ્રી રહેવા આવેલા. ત્યાં સૂવે, રહે અને પ્રેમ દરવાજે કથા કરી આવે. હું પણ ત્યાં સૂતો હતો. તેમની સાથેજ હું કથામાં જતો હતો, પણ મોડો ઊઠતો હતો. મારી મોડા ઊઠવાની ટેવ ભુલાવવા એક દિવસ સવારે હું સૂતો હતો ત્યાં તેઓ આવ્યા અને મારા પગ પંપાળતા 'ઊઠો, ઊઠો, રામચંદ્ર! જાગત પંજનિયા!' નું ભજન ગાવા લાગ્યા. હું ઝબકી ઊઠ્યો, પસ્તાયો, મારી ખો ભુલાઈ ગઈ.

"શેઠ મંગળદાસને બંગલે કાશીના એક પંડિત જગતપ્રસાદ વેદકથા કરતા હતા. લોકો પણ બેસતા હતા. પંડિતજીની સામવેદ ગાવાની શૈલી અનેરી અને આકર્ષક હતી. આષાઢ મહિનો હતો. વાદળ ઘેરાતાં બફારો થતો હતો. કથા કરવાના પરિશ્રમ ને ઉકળાટથી બચવા માટે પંખાની આવશ્ય

'બાપજી! મારું વધારાનું ઘર છે, તે આપ મંદિર ખાતે લો.'
બાપજીએ પૂછ્યું: "તમારે સગાંવહાલાં કોણ છે?"

'બાપજી! જેઠના દીકરા છે, પણ તે જુદા રહે છે.'

'ક્યાં રહે છે?'

'ભાડાના ઘરમાં.'

'તેમને એ ઘર આપો. ઠાકોરજીને કાંઈ ખોટ નથી.'

'ના! એ તો મારી ખબર પણ લેતા નથી. એમને આપ્યે શું વળે? અહીં આપ્યે તો પુણ્ય મળે.'

'એમ! ત્યારે અમને આપશો?'

'હા.'

'તો, ત્યારે એ ઘર અમે લીધું. હવે અમે ગમે તેને આપીએ તેમાં વાંધો ન કાઢતાં.'

'તમને ગમે તેમ કરો ને!'

'તમારા જેઠના દીકરાઓને બે રૂપિયાના ભાડે આપ્યું.'

'પછી મહારાજશ્રીએ પેલા દીકરાઓને બોલાવી કહ્યું કે, 'ડોશીની ચાકરી કરો.' એમ બધાંનો મેળ થયો અને સૌ સુખી થયા. ઘર ડોશીના જેઠના છોકરાઓને મળી ગયું.

"આવી અનેકાનેક તેમના ચારિત્ર્યની કથાઓ રસિક અને શાંતિ આપે એવી છે.

"તેઓ તદ્દન નિર્મોહી હતા. આત્મધ્યાની હતા. શરીર નાશવંત છે અને આત્મા અમર છે–આત્મા સત્ય છે એનું જાગતું ભાન તેઓને ઘોળીને કલાક રહેતું. શરીરથી થતી ક્રિયાઓ શરીરની ગણતા અને અંતરના વિચારો આત્માના ગણતા. એથી વાતવાતમાં 'આ શરીરથી આમ થયું અને મારા રામને આવું દુઃખ્યું' એમ તેઓ વારંવાર કહેતા"

* * * *

નિર્ણય પર આવી શક્યું નહિ. દૈવયોગે બીજે દિવસે બાલાભાઈ શેઠને કોલેરા લાગુ પડ્યો અને ટૂંક મુદતમાંજ તે દેવલોક પામ્યા. આ વખતે મહારાજશ્રી પ્રથમ જે બોલેલા તેનું રહસ્ય ભક્તોના સમજવામાં આવ્યું.

તેઓ તદ્દન નિરભિમાની હતા. પ્લેગના સમયમાં મુંબઈના જયકૃષ્ણ મહારાજ અમદાવાદ પધાર્યા હતા અને દાણાપીઠમાં દેસાઇભાઇ વકીલને ત્યાં ઊતર્યા હતા. મહારાજશ્રી સરયુદાસજી પણ કથા–શ્રવણ નિમિત્તે ત્યાં જતા હતા. પંજાબના કેશવાનંદ સરસ્વતી નામના એક વિદ્વાન સંન્યાસી અને એક બીજા સુરદાસ મહારાજની કથા શાહપુર દરવાજા બહાર છોટાલાલની ધર્મશાળામાં થતી હતી, તેમાં પણ સરયુદાસજી મહારાજ જતા હતા.

તેઓ એટલા નમ્ર હતા કે, જો કોઈ એમને પગે લાગવા જાય, તો તેના પહેલાં તો પોતેજ તેને નમી પડતા.

શ્રી જાનકીદાસ મહારાજની સાથે મહારાજશ્રી કોઈ કોઈ વખત નડિયાદ–અંતરામના મંદિરમાં પણ જતા હતા. અહીં એમની ગેરહાજરીમાં પણ શ્રોતાજનો નિત્યનિયમ મુજબ એકત્ર થતા અને માંહોમાંહે ભજન–કીર્તન કરતા.

મહારાજશ્રીનાં પૂર્વાશ્રમનાં બહેન જમનાબાઈનું લગ્ન અમદાવાદમાં થયું હતું. તેઓ આંખે અંધ હતાં, ગરીબ ઘરમાં આવ્યા હતા અને ગરીબાઈમાંજ જીવન વ્યતીત કરતાં હતાં. આથી મહારાજશ્રીના પરમભક્ત ચોકમબાઈએ એક વખતે મહારાજશ્રીને વિનતિ કરી કે, " જમનાબાઈ મારા ધર્મના બહેન છે. એમને દર વરસે સો રૂપિયાની મદદ આપવાનો મારો ઇરાદો છે." આ સાંભળી મહારાજે તેમને તો કાંઈ ન કહ્યું; પરંતુ પોતાની બહેનને કહ્યું કે, " આપણે એવી મદદ ન લેવી, બહેન! આવી મદદ લેવા કરતાં તો રોજ દશ શેર ઘઉં દળીને જે મળે

કહેતા અને તેમાં પચાસ-સાઠ માણસ હાજરી આપતા. તે મંદિરના નીચેના ભાગમાં બેસીને કથા વાંચતા હતા. ત્યારબાદ સવારમાં મેડા ઉપર બેસીને કથા વાંચવા માંડી. તેમાં પ્રથમ પુરુષોનેજ આવવા દેતા, સ્ત્રીઓને આવવા દેતા નહિ. આ વખતે સાંભળનારાઓની સંખ્યા લગભગ દોઢસોને આશરે થતી હતી. તેમાં પારસભાગની કથા કહેવામાં આવતી હતી. પછી કેટલીક સ્ત્રીઓની, કથા સાંભળવાની ખાસ ઇચ્છા જણાવાથી દરેક માસની સુદિ અગિયારસથી પૂનમ સુધી અને વદિ અગિયારસથી અમાસ સુધી એમ દશ દિવસ કથામાં આવવા દેવાની તેમને આજ્ઞા આપી. તે પછી જ્યારે શ્રીમદ્‌ભાગવતની કથા શરૂ થઇ, ત્યારે બહેનોની ઇચ્છા હમેશાં કથામાં આવવાની આજ્ઞા મેળવવાની થઇ. કેટલીક બહેનોએ એ વાત એક ભક્તને કરી. તેમણે મહારાજશ્રીના અનન્ય ભક્ત રા. ભગુભાઈને એ વાત કહી. ભગુભાઇએ એ વાત મહારાજના કાને નાખી. મહારાજે પણ બહેનોની ઇચ્છા મુજબ તેમને દરરોજ કથામાં આવવાની છૂટ આપી. આથી ઘણી બહેનોએ કથાનો લાભ લેવા માંડ્યો. સ્ત્રી-પુરુષ બંનેનો સમાવેશ મેડા ઉપર થઇ શકે એમ નહોતું; એટલે સ્ત્રીઓ નીચે બેસતી અને પુરુષો મેડા ઉપર બેસતા. તેમજ નીચે-ઉપર સર્વત્ર કથા સંભળાય તેવી રીતે મહારાજશ્રી કઠેડા પાસે બેસી કથા કહેતા.

× × × ×

કોઈ દિવસ મહારાજશ્રી અમદાવાદ સાબરમતીના તીરે આવેલા ખડ્ગધારેશ્વરના આરે સ્નાન કરવા ગયેલા. માર્ગમાં પગે કાંઈ ઈજા થવાથી દરરોજના નિયમ પ્રમાણે એ કથા સમયે હાજર થઈ શક્યા નહિ; છતાં કથાનો સમય થતાં મંદિરમાં કથા તો ચાલુ જ. અસારવાના કેટલાક પાટીદારો કથ.

મહારાજ શ્રીરણછોડલાલજીને યજ્ઞોપવિત આપવાના પ્રસંગે બહારગામથી પણ લગભગ તમામ ગોસાંઇજી મહારાજના બાળકો પધાર્યા હતા. તેમાં શ્રીનાથજીના ટિકાયત મહારાજ શ્રીગોરધનલાલજી પણ હતા. મહાત્મા શ્રીસરયુદાસજીની પ્રશંસા સાંભળીને તેમને મળવાની ઇચ્છા જણાવી. મહારાજશ્રીએ પૂછાવતાં તેમણે પોતાની અનુમતિ આપી; એટલુંજ નહિ પણ અસારવા–શ્રી આચાર્યજીની બેઠક, જ્યાં મહારાજ શ્રીગોરધનલાલજી ઊતર્યા હતા ત્યાં–જાતે જઇ આમંત્રણ આપી આવ્યા હતા. બીજે દિવસે કથા–પ્રસંગની સમાપ્તિ બાદ શ્રીગોરધનલાલજી, મહારાજશ્રીને મળવા માટે પધાર્યા. ભક્તવર્ગને આ મુલાકાતની ખબર હોવાથી એ સમયે ઘણાં સ્ત્રી–પુરુષો હાજર રહ્યાં હતાં. શ્રીગોરધનલાલજી મહારાજે, મહારાજશ્રી સરયુદાસજીનાં ઘણાં વખાણ કર્યાં હતાં અને કહ્યું હતું કે, "જે કામ અમારા જેવા ધર્મગુરુઓએ કરવાનું છે, તે કામ એમણે પોતે હાથમાં લીધેલું છે; એ માટે એમના જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં છે."

કથામાં એમની મધુર વાણીએ જનતાને ઘણી આકર્ષી હતી. એક સમયે કડવાપોળમાં રહેતા જમનાદાસ નામના એક ભગતે એમને કહ્યું કે, "મહારાજ! આપનું શરીર જ્યારે નહિ હોય, ત્યારે બીજે કોઇ ઠેકાણે કથા સાંભળવામાં આવો પ્રેમ નહિ થાય; કારણ કે, આજકાલના સાધુસંતો તો પ્રવૃત્તિવાળા રહ્યા એટલે તેમનો વ્યવહાર પણ જુદો." મહારાજે આ સાંભળી જવાબ આપ્યો કે, "ભગતજી! એ શું બોલ્યા! કોઇએક બાળકની માતા મરણ પામે અને તેનો પિતા ધવરાવવા માટે ધાવ રાખે, ત્યારે બાળક કહે કે, 'હું નહિ ધાવું,' મારી માતાના જેટલું પ્રેમ એ ધાવનો નથી! ત્યારે એ બાળકનું શું થાય! [illegible]

જે નીચેની વાત ઉપરથી બરાબર સમજાશે. ઝાંપડાની પોળમાં રહેતા શેઠ ત્રીકમભાઇ, પોતાના હરિપુર ગામમાં મકાન બંધાવતા હતા. ત્રીજા મકાનના માળે લીમડાની એક ડાળી આડી આવતી હતી; એ ડાળીનું શું કરવું, તે બાબત શેઠે મહારાજશ્રીની સલાહ પૂછી. ત્યારે મહારાજશ્રીએ જણાવ્યું કે, "ત્રીજો માળ અધીજ કરજો, પણ ડાળી કપાવશો નહિ. લીમડો જ્યારે દેવલોક પામે ત્યારે ત્રીજો મજલો પૂરો કરી લેજો. ડાળી કાપશો તો બિચારા લીમડાને દુઃખ થશે અને એથી પ્રભુ રાજી નહિ રહે."

માર્ગમાં ચાલતી વખતે કોઇ જીવજંતુ પોતાના પગ નીચે કચડાઇ ન જાય, એ માટે તેઓ ઘણી સંભાળપૂર્વક પગલાં મૂકતા. દવા માટે કોઇ વૃક્ષ-વનસ્પતિનાં પાન લેવા આવે તો તેને તેઓ કહેતા કે, "પ્રથમ એ વનસ્પતિને પગે લાગીને પ્રાર્થના કરો, એની માફી માગો અને પછી પાન લો." તેઓ ધીમેથી અને વિચાર કરીનેજ બોલતા. કોઇના પણ આત્માને દુભવતા નહિ. ઉનાળાના દિવસોમાં પણ પાણીની માટલી સરખી રાખતા નહોતા; કારણ કે માટલી રાખવાથી જળ ઢળે અને એથી કીડીઓ થાય અને એ કીડીઓ કદાચ પગ નીચે આવે તો હત્યા થાય, એવી ભીતિ સદાય એમને રહ્યા કરતી. પાણી માટે એમની પાસે માત્ર એક લોટોજ રાખતા હતા

તેમનામાં સહનશીલતાનો એક અજબ જેવો ગુણ હતો એમના ડાબા કાન પાસે એક રસોળી જેવી ગાંઠ નીકળી હતી જે દિવસે દિવસે વધવા માંડી હતી. ઘણા ઘણા ભક્તો એમને વારંવાર કાલાવાલા કરી કરી દવા માટે વિનવતા, પરંતુ મહારાજ કોઈ પણ પ્રકારે માનતા નહિ. છેવટે બધાંએ એકત્ર થઈ વિનંતિ કરી અને પાટડી-દરબાર શ્રીસુરજમલજીને તેડવું તેમન-

કેમ્પમાં રહેતા ગોરા લોકો પણ એમનાં મુખારવિંદનાં દર્શન કરી નમ્ર બની જતા હતા. મહારાજશ્રીની ગાડી દેખતાંજ કલબમાં બેઠેલા યુરોપિયનો ઊભા થઈને એમને માન આપતા. એ લોકોને આવી તસ્દી આપવા મહારાજ ઇચ્છતા નહોતા, એટલે એમણે ફરવા જવાનો રસ્તો બદલ્યો. આથી તો પેલા ગોરા લોકો ઊલટા નારાજ થયા. પોતાને માટે મહારાજે રસ્તો બદલ્યો છે, એવી વાત જ્યારે તેમના જાણવામાં આવી, ત્યારે તેમણે મહારાજને સંદેશો કહેવડાવ્યો કે, "આપ જો આ રસ્તે નહિ પધારો તો જે રસ્તે આપ પધારશો, ત્યાં અમે આવીશું. પરંતુ આપનાં દર્શન તો જરૂર કરીશુંજ." આ સાંભળી મહારાજશ્રી મૂળ રસ્તેજ પાછા ફરવા જવા લાગ્યા.

એક દિવસે મહારાજશ્રી કેમ્પમાં ફરતા હતા. સાથે એક માણસ હતો. સામેથી એક ગોરો સાઈકલ પર બેસી પૂર ઝડપથી આવતો હતો. મહારાજશ્રી સન્મુખજ હોવાથી તેણે સાઈકલ એકદમ રોકી; પરંતુ એમ કરવાથી તે ગબડી પડ્યો. આથી તેના મનમાં ઘણો ગુસ્સો ચડ્યો ક્રોધમાં તેણે ઊભા મહારાજશ્રી તરફ જોયું. મહારાજશ્રી તો હાથ જોડીને ઊભા થઈ હતા. એ જોતાંજ પેલા ભાઈનો ગુસ્સો ઊતરી ગયો અને પછી મહારાજશ્રીને સાષ્ટાંગ દંડવત્ કરી ચાલતો થયો.

આવી આવી તો કેટલીય બાબતોથી એ મહાત્માનું જીવન ભરપૂર હતું. નિરપેક્ષતા, ભગવત્પરાયણતા, સુખદુઃખાદિ દ્વન્દ્વોથી પર દ્વન્દ્વરહિતપણું, નિર્મમત્વ, સમદૃષ્ટિ, શાંતિ, અપરિગ્રહ વગેરે સર્વ ગુણો તેમનામાં સંપૂર્ણ રીતે ખીલેલા હતા. એમનું જીવન અન્યને માટેજ હતું અને તેથીજ એમણે પ્રાણીમાત્રના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું.

આખરે એ દિવસ આવ્યો કે, જેની એ મહાત્મા રાહ

૧—શ્રીસરયુદાસ મહારાજનાં સંસ્મરણો

(મહારાજશ્રીના જીવનમાંથી અનેક બોધદાયક પ્રસંગો મળે એમ છે; પરંતુ તેમની હયાતીમાં એની નોંધ થયેલી નહિ હોવાથી તેની સળંગ નોંધ મળી શકતી નથી. એટલે કેટલાક ભક્તો કે જેમણે તેમના સત્સંગનો લાભ લીધો હતો અને હજી જેઓ હયાત છે તેમણે લખાવેલા છૂટા છૂટા પ્રસંગો અહીં ઉતાર્યા છે.)

મહારાજશ્રી ગામ બાવળા જતા ત્યારે ત્યાંના શ્રીહનુમાનજીના મંદિરમાં મુકામ કરતા. એ ગામના એક ડુંગરભક્તને મહારાજશ્રીનો સત્સંગ લાગવાથી તેમણે સંસારનો ત્યાગ કરેલો. આથી એ ભક્તના ભાઈ મહારાજશ્રીને લાકડી લઈ મારવા દોડી આવ્યા. એ વખતે મહારાજ આરતી ઉતારતા હતા. ડુંગરભક્તના ભાઈને ત્યાં દોડી આવેલો જોઈ બીજા સાધુઓ ગભરાયા અને તેમણે મહારાજશ્રીને એ વાત કહી. આથી જરાય ન ગભરાતાં એમણે સર્વે સાધુઓને જવાબ આપ્યો કે, "કોઈએ ગભરાવાનું કારણ નથી; આ શરીરને તેઓ ભલે માર મારે." એટલામાં તો ડુંગરભક્તના ભાઈ ત્યાં આવી પહોંચ્યા. મહારાજે તેમને જોયા એટલે શ્રીહનુમાનજી સામેથી આરતી ખસેડી તેમની આરતી ઉતારવા લાગ્યા. પેલા ભાઈનો ક્રોધ તો કોણ જાણે કયાંએ શમી ગયો અને ઊલટો મહારાજશ્રીને સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યો.

× × × ×

મહારાજશ્રી એક સમયે બાવળાથી અમદાવાદ પધારતા હતા. ગોરાર નામના એમના એક ભક્તે એ સમયે એમને થોડાક ૧૫ દિવસ રોકાઈ જવા વિનંતિ કરી, પરંતુ મહારાજ રોકાયા નહિ. એટલે ગોરાર ભક્ત તેમના જવાના રસ્તા વચ્ચે સૂઈ ગ.ન

જમાડવાનીજ હોય, તો તમારાં છોકરાંને જેવું આપો છો તેવુંજ મને આપો; નહિ તો ઉપવાસ કરીશું."

ભક્ત તો આ સાંભળી ઠંડોજ થઇ ગયો. ત્યાર પછી કોઈ પણ ભક્તે તેમની ઇચ્છાવિરુદ્ધ કાંઇ પણ કર્યું નથી.

× × × ×

અમદાવાદમાં મુરલીધરના મંદિરમાં મહારાજશ્રી નિત્ય કથા કરતા હતા. હમેશાં પ્રાતઃકાળમાં વહેલા ઊઠીને નદીએ સ્નાનાદિ માટે જતા હતા. પોતાના નિત્યનિયમ મુજબ એક દિવસ એ નદીએ ગયા હતા, ત્યાં કોઇએક રોગી માણસ એમની નજરે ચડ્યો. એટલે તેઓ તેની સેવામાં રોકાઈ ગયા. કથાનો સમય થઈ ગયો હતો; છતાં મહારાજશ્રી એ રોગી પુરુષ પાસેથી ઊઠ્યા નહિ. છેવટે કથાસમય પણ વીતી ગયો. પછી નદીએ જઈ પાછા ફર્યા ત્યારે કથામાંથી પાછા ફરતાં માણસો તેમને મળ્યાં. આજની કથાનાં તેઓ ઘણાં વખાણ કરતાં હતાં. મહારાજશ્રી તો આ સાંભળી અત્યંત આશ્ચર્ય પામ્યા. સામા મળેલા ભક્તોમાંના કેટલાકને તેમણે પૂછ્યું કે,-"હું તો નદી ઉપર એક રોગી માણસની સેવામા હતો, ત્યારે કથા કોણે વાંચી?" તે લોકો પણ આશ્ચર્યને વશ થઇ કાંઇ જવાબ આપી શક્યા નહિ. વિચાર કરીને મન સાથેજ તેમણે નિશ્ચય કરી લીધો કે, "નક્કી પરમકૃપાળુ પરમાત્માએજ આજે તસ્દી લઇ મારું સ્વરૂપ ધારણ કરી કથા વાંચી છે!" તેઓ મનમાં ને મનમાંજ પ્રભુની ક્ષમા યાચવા લાગ્યા.

× × × ×

અમદાવાદ શહેરના ભંગીઓએ એક વખત પગારના વધારા માટે હડતાળ પાડી. ત્રણ દિવસ સુધી આ હડતાળ લંબાઈ દરમિયાન જાજરૂ પણ સાફ કરવામાં આવતાં નહોતાં, તેથી આખ

સંત પુરુષ એક સમયે મહારાજશ્રીની મુલાકાતે આવ્યા. તેઓ એકાએક માંદા પડયા અને દિન પ્રતિદિન તેમની માંદગી વધવા લાગી અને છેવટે એટલી વધી પડી કે, આખરસ્થિતિએ આવી પહોંચેલા જણાવા લાગ્યા. એક દિવસ તેમની ગંભીર સ્થિતિ જોતાં કથામાં આવનાર ભક્ત લોકોએ એ રાત્રે અમરદાસજીની સેવામાં રહેવા આવવા માટે ઇચ્છા જણાવી. પરંતુ મહારાજ-શ્રીએ ના પાડી. ભક્ત લોકોએ જણાવ્યું કે, "જરૂર પડે તો રાત્રે અમને ખબર આપજો." મહારાજશ્રીએ કહ્યું: "બહુ સારું."

એ રાત્રે અમરદાસજીની પ્રકૃતિ વધુ બગડતીજ ચાલી અને બરાબર મધ્યરાત્રીએ એમણે છેલ્લો શ્વાસ લીધો. આ વખતે મંદિરમાં થોડાક માણસો હતા. મહારાજશ્રીએ તેમને જણાવ્યું કે, "સવાર થતાં શહેરમાં ખબર પડશે તો ઘણા લોકો એકઠા થઇ જશે. એ બધાને તસ્દી આપવી એ પણ ઠીક નથી, માટે આપણે જેટલા છીએ તેટલા સ્મશાને હમણાંજ પહોંચી જઇએ." આમ કહી રાતના બે વાગે શબ ઉપાડીને દુધેશ્વર પહોંચ્યા. અગ્નિ-સંસ્કાર કરીને સવાર થતાંમાં તો સર્વે પાછા આવી પહોંચ્યા. લોકોએ સવારમાં જ્યારે આ વાત જાણી ત્યારે મહારાજશ્રીને વિનતિ કરી કે, "આપે આ શું કર્યું?" મહારાજશ્રીએ જવાબ આપ્યો કે, "બે હજાર માણસોને તસ્દી આપવી એ ઠીક નહિ. લોકો કામ-ધંધામાં હેરાન થાય અને બપોર સુધી ભૂખ્યા રહે, તેમજ કથા પણ બંધ રાખવી પડે, તે કરતાં તો અમે થોડા માણસો હેરાન થયા એમાં શું ખોટું?"

× × × ×

એક દિવસ રાત્રીના સમયે મહારાજશ્રીને વીંછી કરડ્યો પણ આ વાતની કોઈને ખબર પડવા દીધી નહિ. પોતે આખી [illegible]

રૂપિયા તો મારી પાસે છે અને તે આ શરીર ટકતા સુધીને માટે ઘણા છે."

ત્યારે મહારાજે કહ્યું કે, "વખતે શરીર પડે નહિ ને સાજું થાય, ત્યારે તમે શું કરશો? શું ભીખ માગવા જશો? માટે હમણાં તો એ રૂપિયા પાછાજ લઈ જાઓ."

ડોશીમા નિરુપાયે એ રૂપિયા પાછા લઇ ગયાં. દૈવયોગે તેમનું શરીરદિવસે દિવસે સુધરવા માંડ્યું. પછીએક દિવસ મહાત્માએ તેમને કહ્યું: "ડોશીમા! તમે તો હવે સાજાં થઇ ગયાં! રૂપિયા વપરાઇ ગયા હોત, તો શું કરત? હવે પછી કોઇ દિવસ આવું વગરવિચાર્યું કામ કરશો તો દુઃખી થશો."

× × × ×

સાંકડી શેરીમાં રહેતા શેઠ કસનદાસ, મહારાજશ્રીના પરમભક્ત હતા અને મહારાજશ્રી જ્યારે આજ્ઞા આપે, ત્યારે તેમને માટે સાદી બિક્ષા લાવતા. એક દિવસ શેઠની વર્ષગાંઠ હતી. તે દિવસે બિક્ષામાં શેઠ લાડુ લાવ્યા. આ જોઇ મહારાજે તેજ દિવસથી બિક્ષા મગાવવી બંધ કરી દીધી. શેઠે ઘણા કાલાવાલા કર્યા, ત્યારે તેમની પાસે પોતે કબૂલ કરાવ્યું કે, "હવેથી કોઇ પણ દિવસ પાકી બિક્ષા નહિ લાવું અને જો લાવું તો બિક્ષા બંધ કરવી."

× × × ×

હાજાની પોળમાં રહેતા શાહ મકાભાઇ નારણદાસ, મહારાજશ્રીના પરમભક્ત હતા. છપ્પનિયા દુકાળ વખતે મહારાજશ્રીને એમણે કહ્યું કે, "કાંઈ સેવા હોય તે બતાવજો." ત્યારે મહારાજશ્રીએ પૂછ્યું, "તમારી પાસે [illegible] કેટલું [illegible] છે?"

મકાભાઈએ કહ્યું, "લગભગ ત્રીસ હજાર રૂ. [illegible]

વર્તન પામ્યા. ઘેર આવીને તેમણે ત્રીકમભાઈને કહ્યું: "મહારાજશ્રીનો સમાગમ કરવા જેવો છે." બીજે દિવસે બન્ને ભાઈઓ સાથે ગયા. એ પછી તો તેમને કથા સાંભળવાનો એવો રંગ લાગ્યો કે, તેઓ બંને ભાઈ નિયમિત કથામાં આવવા લાગ્યા અને મહારાજશ્રીના પરમભક્ત બની ગયા.

એક દિવસ તેમણે મહારાજશ્રીને કહ્યું: "અમારા લાયક જે કાંઈ સેવા હોય તે બતાવવાની કૃપા કરો." ત્યારે મહારાજે જણાવ્યું કે, "તમારી જે આવક હોય તેમાંથી ચાર આની ધર્માદા કાઢો ને સાધુ–સંત, ગરીબ–દુઃખી તથા નિરાધારોને અન્નવસ્ત્ર આપો."

બન્ને ભાઈઓએ મહારાજશ્રીની આજ્ઞા માથે ચઢાવી. જેમ જેમ તેઓ વધુ ધર્માદા કરવા લાગ્યા, તેમ તેમ તેમની આવક પણ વધતી ચાલી. એવામાં મોટા ભાઈ દેવલોક પામ્યા. આ સમયે એમની પાસે શુમારે પોણો લાખ રૂપિયાની મિલકત હતી. ભાઈના અવસાન બાદ ત્રીકમભાઈએ એક દિવસ મહારાજશ્રીને વિનંતિ કરી કે, "હવે વેપાર તરફ મારું લક્ષ નથી, માટે એ બંધ કરીને મિલકતના વ્યાજમાંથી ખર્ચ ચલાવવાનો મારો વિચાર છે." આ સાંભળી મહારાજે જણાવ્યું કે, "દુકાનો કાઢી નાખવી એ વાજબી નથી. તમે આટલી ઉંમર સુધી કામકાજ કર્યાં કર્યું છે, એટલે હવે ઓરડીમાં બેસીને ભજન કરવાનું પણ તમારાથી બની શકવાનું નથી; માટે દુકાનો ચાલવા દો. એટલું જ નહિ પણ એક દુકાન વધારે ઉઘાડો. ગુમાસ્તા રાખો ને તેમના ઉપર તમે દેખરેખ રાખો. ધર્માદાના ચાર આનીને બદલે આઠ આની વાપરો અને બેચાર વરસ જુઓ. પછી ન રહે તો વેપાર બંધ કરજો પરંતુ ગુમાસ્તાઓ ઉપર દેખરેખ બરાબર રાખજો, નહિ તો દેવાનું કરવું પડશે."

આજ્ઞાની રાહ જોઉં છું. આપની આજ્ઞા મળે એટલે મારી અનુકૂળતાજ છે." મહારાજે જણાવ્યું કે, "જેવી તમારી મરજી."

આજ્ઞા મળતાંજ શેઠે, મંદિરનું મકાન ઉકેલાવ્યું અને બાર હજાર રૂપિયાના ખર્ચે નવેસરથી મંદિર તૈયાર કરાવ્યું.

× × × ×

જાદા ભગતની પોળમાં રહેતા ખિલાડીવાળા શેઠ મનસુખરામ બીમાર પડ્યા હતા. મહારાજશ્રી ઉપર તેમનો અનન્ય પ્રેમ હતો. પોતાની બીમારી દરમિયાન મહારાજશ્રીને તેમણે ઘણી વાર કહેવડાવેલું કે, "એક વખત તો સેવકને દર્શન આપવાની કૃપા કરો!"

ભક્તનો એવો પ્રેમ જોઇ પોતે એક દિવસ રાત્રે આઠેક વાગતાં નીકળ્યા. સાથે એક ભક્તને લીધો અને તેને કહી રાખ્યું કે, "તમારે કાંઇ બોલવું નહિ. દૂરથી માત્ર આંગળીથી મને ભક્તનું ઘર બતાવી દેજો." ભક્તે એ પ્રમાણેજ કર્યું. મકાનનાં દ્વાર બંધ હતાં, એટલે દ્વાર પાસે જઇ મહારાજ બોલ્યાઃ "એક અભ્યાગત સાધુ ભૂખ્યો છે, કાંઈ ખાવાનું હોય તો આપો."

અંદરના માણસો જાગતા હતાં, તેમાંના કોઇએકે જવાબ આપ્યો, "શેઠ બીમાર છે, પોળમાં બીજાં ઘણાં ઘર છે માટે આગળ જા" મહારાજ આ સાંભળી બોલ્યા કે, "ઘર તો ઘણાં છે, પણ શેઠનું ઘર તો આજ છે ને? માટે ભિક્ષા આપો. શેઠ બીમાર છે, પરંતુ ભિક્ષા આપનાર તો બીમાર નથી ને?" આ સાંભળી મકાનની અંદરના માણસોએ કેટલાક તિરસ્કારના શબ્દો પણ કહ્યા; જેવા કે "છાનોમાનો ચાલ્યો જા, તારા જેવા તો ઘણાય સાધુ આવે છે" વગેરે. એવામાં પોતાની એક બાઈ શેઠની તબિયતના સમાચાર પૂછવા આવી રહી જ.

જીએ પૂર્વવત્ ખૂણામાંજ બેસવાનું ચાલુ રાખ્યું.

કથા સાંભળી લીધા પછી ભિક્ષુજી દરિયાપુરના અન્નક્ષેત્રમાં જઈને ભોજન લેતા. પ્રસંગોપાત્ત કોઈની સાથે વાત નીકળતાં ભિક્ષુજીએ જણાવેલું કે, અન્નક્ષેત્રમાં રસોઇ સારી થતી નથી. આ વાત શ્રીસરયુદાસજી મહારાજના કાને પહોંચી. પછી એક દિવસ કથા પૂરી થયા પછી મહારાજશ્રી જાતે અન્નક્ષેત્રમાં પધાર્યા. ત્યાં ભોજન કરી રસોઇ માટે ખાતરી કરી જોઇ અને પછી રસોઇયાને પ્રેમથી મળ્યા અને ભોજન સારું બનાવવા માટે મીઠાશથી બે બોધવચનો કહી ત્યાંથી પોતાને સ્થાને ગયા. તે પછી ભોજન પણ સારું બનવા લાગ્યું.

× × × ×

ભિક્ષુજીએ મુંબાઇમાં 'સસ્તું સાહિત્ય કાર્યાલય'નાં બીજ વાવ્યા હતાં તે સમયે એકાદ પુસ્તક પ્રસિદ્ધ થયેલું અને તે ખપી પણ ગયેલું તેની પુનરાવૃત્તિ તથા 'એકાદશ સ્કંધ' છપાતાં હતાં. પ્રસંગોપાત્ત તેમને અમદાવાદમાં પહેલું પુસ્તક છપાવાનો થોડો અનુભવ મળેલો તે બાદ કરતા, નવાં પુસ્તકોના વેચાણની તથા કોઇ કારણે ખોટ જાય તો શું કરવું એવી બીતિ તો તેમને રહેતીજ હતી. અને કદાચ ખોટ આવે તો મુશ્કેલી ઉભી થાય એવી પણીજ કરકસર રાખવી પડતી હતી. એ અરસામાં નાસિકના મોટા ભરાનારા મેળામાં જવાનો પૂ સ્વામીજીનો વિચાર હતો. ખર્ચ માટે શ્રીસરયુદાસ મહારાજના મંદિરમાં જતાઆવતા એક સંન્યાસીને વાત કરેલી, તેમણે સરયુદાસ મહારાજને કાને વાત નાખી એટલે તેમણે ગુપ્ત રીતે પંદર રૂપિયા એ સંન્યાસીની મારફત તેમને મોકલ્યા હતા, જેની ખબર સ્વામીજીને પાછળથી ખબર પડી હતી

. . . .

એક નિશાળ ચલાવતા હતા. પૈસેટકે પોતે સુખી હોવા છતાં હૃદયના ઘણા કઠિન હતા. દયાનું તો નામ નહિ. ઘરમાં સ્ત્રી-વર્ગ ઉપર પણ જુલમ ગુજારે, માર મારે, કોઇનું કહ્યું માને નહિ અને જો કોઇ કહે કે, "જરા પ્રભુનો તો ડર રાખો!" તો એ જવાબ આપતા કે, "જોયા, જોયા, મોટા પ્રભુને!"

આ ભાઈને મણકીવાળા હીરાલાલ શેઠ, શ્રીસરયુદાસજી મહારાજની કથામાં આવવા ઘણો આગ્રહ કરતા; પરંતુ મહેતા જવાબ દેતા કે, "જોઇ, જોઈ, હવે કથા! એમાં તે શું છે?" છતાં શેઠે આગ્રહ કરવો ન છોડ્યો. રોજની રોજ આ એકની એક વાતથી મહેતાના દિલમાંય હરિ વસ્યા અને એક દિવસ તે કથામાં ગયા. સ્વામીજીની કથા સાંભળી, કથા સાંભળતાં સાંભળતાં એમનું હૃદય પીગળવા માંડ્યું અને આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. એમને પોતાનાં કુકર્મો યાદ આવવા માંડ્યાં અને ત્યાં ને ત્યાંજ પસ્તાવો થવા માંડ્યો. દૈવયોગે કથાપ્રસંગ પણ કંઇક એવોજ હતો એટલે એમને તેની સચોટ અસર થઇ ગઈ. કથા પૂરી થઈ અને મહારાજશ્રી પોતાની ઓરડીમા પધાર્યા. હીરાલાલ શેઠ અને છગનલાલ મહેતા પણ તેમની પાછળ પાછળ ગયા. મહેતાએ પોતાનાં કુકર્મોની સઘળી કથા મહારાજશ્રીને કહી અને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. સ્વામીજીએ કહ્યું કે, "જાગ્યા ત્યારથી સવાર આજથી હવે નવું જીવન શરૂ કરો."

એ દિવસથી એમનો હૃદયપલટો થયો. પછી તો પોતાની તમામ મિલકત એમણે સ્વામીજીને અર્પણ કરવા માંડી ને કહ્યું: "પ્રભો! મારી આ મિલકત છે તે આપ પરમાર્થના કામમાં આપની ઇચ્છાનુસાર વાપરજો." સ્વામીજીએ જણાવ્યું "નહિ, આ મિલકત હવે હું તમને પાછી સોંપું છું. મારી આજ્ઞા [illegible] [illegible] હું કહું તેમ વાપરજો" તે પછી [illegible]

વીસનગરના અનવર કાજી પાલનપુરના નવાબના ગુરુ હતા. તેમણે " અનવર કાવ્ય " લખેલું છે. સ્વામીજીની કથામાં તેઓ ઘણી વખત આવતાં અને કથા સાંભળી મુગ્ધ થઈ જતા.

× × × ×

મોરબી નાટક કંપનીના એક મેનેજર હતા, તે ઘણા ગુમાની હતા. એમણે સાતેક પ્રશ્નો તારવી રાખેલા. તેના અર્થ જેને તેને પૂછ્યા કરે અને એ રીતે સાચા સંતને શોધ્યા કરે. કોઈએક ભક્ત તેમને શ્રીસરયુદાસજી મહારાજની પાસે તેડી લાવ્યા. મહારાજશ્રી એ સમયે એક ભાઈ સાથે વાતચીત કરતા હતા. વાતમાં ને વાતમાં પેલા મેનેજર જે પ્રશ્નો પૂછવાના હતા, તેજ પ્રશ્નોના ખુલાસા મહારાજે પેલા ભાઈને સમજાવવા માંડ્યા. આ સાંભળી મેનેજર આશ્ચર્ય પામ્યા. તેમને મહારાજશ્રી ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થઈ અને સાચા ભક્ત બન્યા.

× × × ×

મહારાજશ્રીને વિષ્ણુસહસ્રનામ ઘણુંજ પ્રિય હતું. જે વિદ્યાર્થી એનો પાઠ કરે તેને એક સીધું મળે એવો ક્રમ તેમણે ગોઠવી રાખેલો હતો. તે વિદ્યાર્થીઓમાના ઘણા આજે સમર્થ વિદ્વાનો છે. સંસ્કૃત ભાષા અને બ્રાહ્મણો પ્રત્યે તેમને ઘણો પ્રેમ અને પૂજ્યભાવ હતો.

× × × ×

પૂજ્ય સરયુદાસ મહારાજ એક દિવસ શાહપુર દરવાજે થઈને દૂધેશ્વર જતા હતા; એમની સાથે રામ મહારાજ, સુંદર ભક્ત તથા હીરાલાલ ભક્ત પણ હતા. માર્ગમાં એક ખેતરમાં ખેડૂત હળ ખેડતો હતો. ખેડૂતની ગોફણમાંથી ગોળો છૂટ્યો અને એક ઢેફું પાસેથી શ્રીસરયુદાસ મહારાજના પગ પાસે આવ્યું. પરંતુ

સમાધિના કાર્યથી પરવારી સર્વેએ નદીમાં સ્નાન કર્યું અને બાજુના ખેતરમાં લુગડાં સૂકવવા ગયા. ખેતરમાં બટાકા વાવેલા અને ક્યારાની આજુબાજુ માટીની પાળ બાંધેલી તે માણસો-ના અવરજવરથી ઠેકઠેકાણેથી તૂટી ગઈ. એવામાં ખેતરનો રખેવાળ ત્યાં આવી પહોંચ્યો અને પાળ તૂટેલી જોઇને ખીજ-વાયો અને સાધુઓને લાકડી લઈ મારવા દોડયો. સાધુઓએ વિનતિપૂર્વક તેને સમજાવવા માંડયો અને સરયુદાસ મહારાજનું નામ પણ આપ્યું. રખેવાળ કોઈ પણ ઉપાયે સમજ્યોજ નહિ અને પાળો હતી તેવી કરી આપવા કહ્યું. આથી સરયુદાસ મહારાજે તેમની સાથેના બીજા ત્રણચાર સાધુઓ સિવાયના બીજા સર્વેને ઘેર જવા કહ્યું. પછી તેમણે સાંજ પડતાં સુધી ભૂખ્યા-તરસ્યા પોતાના સોબતીઓ સાથે પાળો ફરી બાંધી આપી અને અંધારું થતાં ઘેર ગયા.

× × × ×

એક દિવસ મહારાજ કોઈએક ભૂખ્યા માણસને માટે કોઈ ગૃહસ્થને ઘેર ખાવાનું માગવા ગયા. તે ગૃહસ્થે તેમનું અપમાન કરીને કહ્યું કે, "ચાલ્યા જાઓ અહીંથી, તમારા જેવા તો ઘણાય આવે છે."

મહારાજે આથી નિરાશ ન થતાં નમ્રતાપૂર્વક જણાવ્યું કે, "ભાઈ! તમારે કેટલા દીકરા છે?"

તે ગૃહસ્થે જવાબ આપ્યો: "ત્રણ."

"ત્યારે મને તમારો ચોથો દીકરો જાણો અને એક ભૂખ્યા માણસ માટે કંઈક પણ ખાવાનું આપો" મહારાજે કહ્યું.

તે ગૃહસ્થનું હૃદય છેવટે પીગળ્યું ને ઘરમાંથી ખીચડી લાવી મહારાજને આપી. તે લઈ મહારાજ ત્યાંથી વિદાય થયા.

* * * *

મહારાજ બોલ્યાઃ "હું હાથમાં રામપાત્ર લઇને બેસીશ. પછી તમારે ફોટો લેવરાવવો."

આ સાંભળી સેવક તો ચૂપજ થઈ ગયો. પછી મહારાજે કહ્યું: "આપણે એવું તે કયું મહાન કાર્ય કર્યું છે, કે ફોટો પડાવીએ? મારી હયાતિમાં હજુ સુધી ફોટો પડ્યો નથી. બાકી બહાર જે વેચાય છે તે તો કલ્પિત છે. ભાવિક ભક્તોએ પોતપોતાની કલ્પનાથી પડાવ્યા હશે."

મહારાજના અવસાન બાદ એક સેવક, ફોટોગ્રાફરને બોલાવી લાવેલો; પરંતુ તેણે જણાવેલું કે, "મહારાજની આજ્ઞા નહિ હોવાથી હું ફોટો નહિ લઉં." એ પછી કોઇ એક બીજો સેવક એક પારસી ફોટોગ્રાફરને સ્મશાનભૂમિ ઉપર બોલાવી લાવેલો; છતાં ફોટો લઇ શકાયો નહિ.

૨–શ્રીસરયુદાસ મહારાજનાં બોધવચનો

૧. શ્રીગુરુમહારાજમાંથી ઇશ્વરબુદ્ધિનો ત્યાગ ન કરવો.

૨ સ્ત્રીનો, અશુચિ તથા મૃત્યુવત્ જાણીને સદા સર્વથા ત્યાગ કરવો.

૩. કોઈ પણ પરોપકારનું કામ જો થતું હોય, તો તેમાં પોતાના ભલા માટે, પોતાની ગરજે, તે આપણા ઉપર ઉપકાર કરતો હોય તેમ, આભારી બની ઇશ્વરબુદ્ધિ રાખી વર્તવું.

૪ પોતાની ભલાઇ અને પારકાની બૂરાઇ ભૂલી જ્યાં ઇશ્વરબુદ્ધિ રાખી વર્તવું.

૫. મૃત્યુ અને ઇશ્વર બેને વારંવાર યાદ રાખવાં

૧૭. સાધનવાળાને નિવૃત્તિમાં પ્રમાદ બગાડે છે ને પ્રવૃત્તિમાં અનિત્ય નડે છે, અર્થાત્ આત્મબુદ્ધિ રહેતી નથી; માટે બન્નેમાં સાવચેત રહેવું.

૧૮. અભ્યાસ ને વૈરાગ્યનો પ્રતિદિન વધારો કરવો એ જરૂરનાં સાધનો છે.

૧૯. નિદ્રા, લોકવાર્તા અને શબ્દ સાધનવાનને વિઘ્નરૂપ છે.

૨૦. મૈત્રીથી સ્પર્ધાનો નાશ થાય છે, કરુણાથી અભિમાનનો નાશ થાય છે, મુદિતાથી ઇર્ષ્યાનો નાશ થાય છે અને નિઃસ્પૃહતાથી ક્ષોભ(કલેશ)નો નાશ થાય છે. માટે આ ચાર રાજયોગનાં સાધન છે તથા શમ પ્રાપ્ત કરાવનારાં છે.

૨૧. સાહસ ન કરવું પણ પુષ્ટ વિચાર કરવો.

૨૨. વેરનો બદલો વેરથી નહિ પણ પ્રીતિથી વાળવો.

૨૩. ધનો વેરીને વશ કરે, માટે સેવાથી સર્વને રાજી રાખવા.

૨૪. શરીરને દુઃખ પડે ત્યારે તેને પારકું શરીર સમજીને પ્રીતિથી તેની સેવા કરવી અને આનંદમાં રહેવું.

૨૫. ગમે તેવો ક્ષુદ્ર ભક્ત હોય, તોપણ તેના તરફ ગ્લાનિની દૃષ્ટિએ જોવું એ મહાઅપરાધ છે.

૨૬. જ્ઞાનીનું અંતઃકરણ કાચ જેવું હોય છે. કાચમાં ડુંગર, સમુદ્ર વગેરે યથાર્થ દેખાય છે; પરંતુ તે ડુંગરના ભારથી તૂટી જતો નથી અને સમુદ્રથી પલળતો પણ નથી.

૨૭ જ્ઞાનીનું હૃદય સમુદ્ર જેવું હોય છે. સમુદ્રમાં નદીઓ, ઝરણ, પહાડ ને ગામનાં ગામ ખેંચાઈ આવે, છતાં સમુદ્ર ધીરે ધીરે તે સર્વને કિનારે કાઢીને નિર્મળ રહે છે. તેમજ નદીઓના આવવાથી તે વધતો ઘટતો પણ નથી.

માત્રમાં ભગવાનની ભાવના કરવી.

૩૫. સકામતાથી કરેલાં અનુષ્ઠાનમાં ક્રોધ કરવાથી તેના ફળની નાસ્તિ થાય છે; તો પછી ક્રોધથી મોક્ષ તો મળેજ કયાંથી ? ક્રોધ એ સકામ ફળ ને મોક્ષ બન્નેનો નાશ કરે છે.

૩૬. બ્રહ્મ એટલે અલક્ષી અર્થાત્–દૃશ્ય નહિ તે. સર્વના સાક્ષી બ્રહ્મસ્વરૂપ.

ઈશ્વર એટલે જગદીશ, કર્મફલપ્રદાતા ઈશ્વરસ્વરૂપ.

જીવ એટલે ભોક્તા, દીન એ જીવનું સ્વરૂપ.

કોઇ સાથે લડવું નહિ; કેમકે જે વસ્તુ માટે લડીએ તે વસ્તુ તો રહે અને લડી મરનાર જાય. સૌ આપણા બંધુઓ છે, કેમકે સૌ ઈશ્વરથી ઊપજ્યા છે. એટલે આત્મભાવથી તો લડનાર પણ આપણોજ આત્મા છે.

સારા ગુણ સંપાદન કરવા હોય, તો બીજાની જે ક્રિયા આપણને ન ગમે તે ક્રિયા આપણે કરવી નહિ; પરંતુ સર્વને પ્યાર આવે તેમ વર્તવું.

૩૭. દેહ છે તે પાકો શત્રુ છે. જેમ શત્રુ સાથે મિત્રતા રાખવાથી દેહનો નાશ થાય છે; તેમ દેહમાં મોહ રાખવાથી આત્માનો નાશ થાય છે. માટે સુખદુઃખમાં સમાનભાવે વર્તવું.

૩૮. વૈરાગ્યનું લક્ષણ—જેમ એરંડિયું દવા પીવામાં ખપ જેટલું પરાણે પિવાય છે અને બીજું વધારે લેવાની તો મરજી થતી નથી, તેમ તમામ ભોગ્ય પદાર્થોને માત્ર દેહનિર્વાહ કરતા સંયમપૂર્વક ઈશ્વરનો ઉપકાર માની વાપરે તેજ વૈરાગ્યનું લક્ષણ છે.

૩૯. આત્માકાર વૃત્તિની ભાવનાવાળાએ કોઈના સારાનરસા

ત્યારે કોઇનું છિદ્ર, બુરાઇ, દુર્ગુણ કે દુષ્ટભાવ હોય તે છુપાવીને તેને જરૂર હોય તે ગુણ વર્ણવવા ને સારા ગુણસ્વભાવ દેખાડવા. કોઇની એબ ઢાંકવી એ પરમધર્મ છે. જેમ બિંદુમાં સમુદ્ર ને સમુદ્રમાં બિંદુ સમાય છે તેમ. એટલે સજ્જન હોય તે બિંદુ જેટલા શુભ ગુણને સમુદ્રવત્ માને છે ને દુષ્ટ હોય તે સમુદ્ર જેટલા શુભ ગુણને બિંદુરૂપ માને છે.

૪૬. શુભકર્મ કોઇને કહેવું નહિ અને કદાચ કહેવું પડે તો પ્રેરક-સહાયકને મોટાઇ આપી કહેવું. જો કે એ ઘણુંજ કઠણ છે, કારણ કે એ દેહાભિમાન છૂટેલાનુંજ લક્ષણ છે.

૪૭. પ્રભુ મારી પાસે છે, પ્રભુ મને દેખે છે, પ્રભુ મારા અંતર્યામી છે, એવી ભાવના સદા રાખ્યા કરવી.

૪૮. પંચ વિષયો તથા મન દુઃખરૂપ છે, માટે તેનો ત્યાગ કરવો.

૪૯. જેમ વીંછી પોતાના ગુણ છોડતો નથી તેમ સાધુ-પુરુષે પણ શાંતિ આદિ સદ્ગુણોને છોડવા નહિ.

૫૦. અડગ નિશ્ચયથી કોઇ પણ કાર્યનો આરંભ કરવો. ડગમગતો નિશ્ચય હાનિ કરે છે.

૫૧ સત્યતા અને પ્રામાણિકતા સૌથી સારો વસીલો છે.

શ્લોકઃ—देहबुद्ध्यात्मदासोऽहं जीव बुद्ध्या सखा त्वहम् ।
आत्मबुद्ध्यात्ममेवाहं इति मे निश्चिता मतिः ॥१॥
धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी ।
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः ॥
शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनम् ।
एते यस्य कुटुम्बिनो वद सखे कस्माद्भयं योगिनः ॥२॥

૫૮. પ્રીતિ કરવી સહેલ છે પણ નિભાવવી કઠણ છે.

૫૯. અધ્યાત્મજ્ઞાન માટે જે કર્મ કરવામાં આવે, તે આરંભમાં વિષતુલ્ય હોય છે, પરંતુ પરિણામે અમૃતતુલ્ય થાય છે; માટે અધ્યાત્મજ્ઞાન માટે કર્મ કરવાં.

૬૦. વિષયપ્રાપ્તિ માટેનાં કર્મ આરંભમાં અમૃતતુલ્ય જણાય છે, પરંતુ પરિણામમાં વિષતુલ્ય નીવડે છે એટલે તે નર્ક આપનારાં થાય છે; માટે તેનો ત્યાગ કરવો.

૬૧. પુણ્યનું ફળ સુખ છે, પાપનું ફળ દુઃખ છે; માટે દુઃખ આવે ત્યારે પાપ મટે છે એમ જાણી આનંદમાં રહેવું.

૬૨. પોતાના અંતઃકરણને એવું રાખવું કે, કોઈ પણ વખતે તેનો કોઈ ફોટો લે તો તે વખતે હૃદય શુભ વિચારવાળુંજ હોય. તેમાં પારકા દોષ જોવારૂપ દુર્ગુણ પડવા દેવાજ નહિ. તે દોષ પડવાથી તો ઘણીજ હાનિ થાય છે.

૬૩. દુઃખ તો સર્વને છે; કેમકે જગત દુઃખરૂપ છે. જેમ માણસમાત્રને હાથપગ આદિ અંગ છે, તેમ દુઃખ પણ પોતાનાં કર્મનું ફળ છે. કોઈ કહે કે, મારે હાથ કેમ? તે જેમ ભૂલ છે, તેમ દુઃખનું સમજવું. માટે તેનો ઉપાય એ કે દુઃખનું સ્મરણ ન કરવું.

૬૪. તમામ તરહની અનુકૂળતા હોય, તોજ પરમાર્થ સાધી શકાય છે એવું નથી. એવી કોઈ સ્થિતિ નથી કે, જેમાં આતુર ઇચ્છાવાન શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સાધન સર્વોત્તમ પ્રકારે સાધી શકે નહિ. સાધારણ રીતે લોકો પારકાને દોષ આપીને પોતે નિર્દોષ રહે છે; પરંતુ ખરું એનાં પોતાનો કમાઈજ હાનિના કારણરૂપ હોય છે.

ો. પછી તેને કોઇ વસ્તુ અરુચિકર જણાતી નથી. જેમાંતેમાં ુખ, આનંદ, રસજ્ઞતા અને માધુર્યને જોવાનો અભ્યાસ પાડવાથી ોતાના મનને શાંતિ મળે છે અને કૃપણતા તથા અંધકાર ાશ પામી અધિક તેજસ્વિતા આવે છે.

૭૦. શરીરમાં જ્યાંસુધી થોડોક પણ ઝેરનો આવેશ હોય ત્યાંસુધી આરોગ્યતા ગણાય નહિ; તેમ જ્યાંસુધી અહંકાર છે ત્યાંસુધી ભક્તિ થતી નથી. અહંકાર નિર્મૂળ કપાઈ ગયા છતાં ચિત્ત ક્ષણમાત્ર પણ તેને (ક્રોધને) લાવે, તો તે પાછો જીવતો થઇને, વર્ષાઋતુમાં વાયુએ પાછા આણેલા મેઘની પેઠે સેંકડો વિક્ષેપોને ઉત્પન્ન કરે છે. માટે તેના બીજરૂપ માયા, વાસના તથા તેના કાર્યરૂપ વિષયનો ત્યાગ કરવો ને આત્માનુસંધાનમાં તત્પર રહેવું.

૭૧. પરમાર્થ સાધવાની ઇચ્છામાં મનુષ્યમાત્રના કર્તવ્યનો અંત આવી જાય છે. તો તે કર્તવ્ય એજ છે કે, જેમ સમુદ્રમાં લહેરો સ્વભાવથીજ ઊઠે છે, તેમ બ્રહ્મના સ્વભાવથી થયેલું જગત બ્રહ્મરૂપ છે, પણ તેમાં કલ્પાયેલ મિથ્યા જડરૂપ અવિદ્યાના કારણથી નામરૂપ મિથ્યા છે અને સત્‌રૂપ અસ્તિ ભાસે છે તે, પ્રિયરૂપે આત્માજ છે એવું આત્માનુસંધાન રાખી, યથાર્થ સમજી, દ્વંદ્વધર્મો આત્માના નથી એવો નિશ્ચય કરી, સર્વ પ્રવૃત્તિ ભગવતસેવા માટે છે એમ માનીને શ્રીરાધાકૃષ્ણજીનું સ્મરણ કરવું એજ કર્તવ્ય છે

૭૨ સર્વ ઇન્દ્રિયોના વિષયનું જ્ઞાન એકલી ચક્ષુ-ઇન્દ્રિયને થાય છે સાધનવાળાના હૃદયને ક્ષોભ કરે એવા સ્ત્રી આદિ વિષયનુ જ્ઞાન પણ ચક્ષુ ઇન્દ્રિયદ્વારાજ થાય છે. માટે ધ્યાન, ધારણા અને સમાધિમાં નાસાગ્ર દૃષ્ટિ રાખવી. હમેશાં દૃષ્ટિ નીચી રાખવી. અમારાદે દૃષ્ટિ ફેલાવવી એ મહાહાનિકારક છે. જેમ કોઇ સજ્જન માટે દરવાજે ઉપરે એટલે અસજ્જન અને પચીસ તોફાની પણ

ચન અને કર્મવડે થયેલું કર્મ ફળ આપ્યા વિના રહેતું નથી. ’મ દારૂડિયાના હાથમાં જ્યાંસુધી દારૂની બાટલી છે ત્યાંસુધી ને તે જો ધારે તો ગટરમાં નાખી દઇ શકે છે, પણ જો તે તેનું ાન કરશે તો તે (દારૂની બાટલી) પોતાનેજ ગટરમાં નાખી દેશે. આથી પુષ્ટ વિચાર કરીને કર્મ કરવું.

૭૭. આ લોકના સુખની ઇચ્છા કરનારને પરલોકનું સુખ પ્રાપ્ત થતું નથી ને પરલોકના સુખની ઇચ્છાવાળાને મોક્ષ મળતો નથી. સર્વ વિષયસુખને કાગવિષ્ટા સમાન ગણનાર વૈરાગ્યવાનજ ઈશ્વરની પ્રાપ્તિ કરી શકે છે.

૭૮. મોટા પુરુષો પારકાના સરસવ જેટલા દુઃખને મેરુસમાન માને છે અને પોતાના મેરુ સમાન દુઃખને સરસવસમાન જાણે છે.

૭૯. શરીરની અંદર વિકાર થવામાં એકલું તન નથી, મન પણ છે. માટે મનને ઉચ્ચ ભાવનાવાળું રાખતાં શીખવું એ શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિના કારણરૂપ છે.

૮૦. સામાના ઉપકારનો બદલો વાળી ન શકાય તો તેની સાથે પૂજ્યબુદ્ધિ રાખવી; નહિ તો કૃતઘ્નતાનો દોષ આવે છે.

૮૧ સમજ્યા વિનાનું વાંચ્યું તે વાંચ્યું કહેવાય નહિ, પણ સમજવાના દ્વારને ઢાંક્યું કહેવાય; માટે સમજીને વાંચવું.

૮૨. ઈશ્વરપ્રાપ્તિના ઉપાયને જાણનાર કરતાં ઈશ્વરપ્રાપ્તિના ઉપાયને જાણનાર ઉત્તમ ગણાય છે.

૮૩ હમેશાં સ્વાભાવિક કર્મમાં પણ પાપ થાય છે. પાપ નિવારવાના જે કર્મ થાય તેજ ધર્મને ઉત્પન્ન કરે છે; પરંતુ જે ધર્મથી ઈશ્વરપ્રાપ્તિ ન થાય તે ધર્મ નથી પણ નિષ્કામ કર્મ એજ ધર્મ છે.

૯૦. પ્રથમ કથાકારે, પ્રભુના ગુણાનુવાદ શ્રવણ કરનાર ત્યે આવો વિચાર કરવો કે, "મને પ્રભુના ગુણાનુવાદનું વિસ્મરણ થઇ જાત, તે આપે કૃપા કરી યાદ કરાવ્યા કે જેથી કરીને મારું મન શુદ્ધ થશે." તે લાભ શ્રોતાથી થયો છે એમ માની, લાભ થયા પછી પણ કૃતઘ્નતા ન આવે માટે શ્રવણ કરાવવું તથા શ્રોતામાં પૂજ્યભાવ રાખી દર્શન કરવાં; નહિ તો અહંકાર ઉત્પન્ન થઇ સોનાની બેડી જેવું બંધન થાય છે. શ્રોતાએ વક્તાને શ્રીશુકદેવજીસમાન માની તેના દોષ ન જોતાં–તે વચન તો મોટા પુરુષનાં છે–એમ માની સારગ્રાહી થવું, તેમાં બન્નેને લાભ છે.

૯૧. જપ, તપ, વ્રતાદિ કરીને તેમાં જૂઠ, નિંદા, પ્રપંચ આદિ દુરાચરણ કરવાં નહિ; કેમકે તેમ કરવાથી શુભ કર્મનું ફળ મળતું નથી અને ઊલટો શુભકર્મ કર્યાનો અહંકાર બંધાય છે.

૯૨. શુભ કર્મ કરવાથી શુભમાં પ્રીતિ થાય છે; કેમકે શુભ કર્મ પ્રકાશરૂપ છે, એટલે પુષ્પની માળા, ચંદન, સ્ત્રી આદિ વિષયો પ્રાપ્ત થાય છે. જ્યારે એથી પણ વધારે શુભ કર્મનું પુણ્ય મોટું થાય છે, ત્યારે સર્વ સુખના સ્થાનરૂપ શ્રીકૃષ્ણચંદ્રમાં પ્રીતિ થાય છે એમ શુભકર્મ પરિણામે ઈશ્વરપ્રાપ્તિ કરાવનારાં છે અને અશુભકર્મ અંધકારરૂપ છે. તેનું ફળ પાપ છે અને એ પાપથી તો દુરાચાર એવાં પરસ્ત્રી, ચોરી, મદિરાદિ અનિષ્ટ વિષયોમાં પ્રીતિ થાય છે અને નીચ ગતિને પમાય છે; માટે શુભકર્મી થવું

૯૩. સંસારમાં મોક્ષમાર્ગનાં જે સાધનો છે, તે ધર્મ, અર્થ અને કામને તો જરૂર પ્રાપ્ત કરે છે. જેમ હીરો પ્રાપ્ત થતાં તેને રૂપિયા, આના ને પાઈ તો મળી જ ચૂકી ગણાય, પણ ધનમહિમાવાળાને તો તે ક્ષુદ્ર નાણાંમાં પ્રીતિ થાય જ નહિ માટે મોક્ષની ઈચ્છાવાળાએ ધર્મ-અર્થમાં પ્રીતિ કરવી નહિ

લાભ છે, તેથી માત્ર વિચાર નકામા છે.

૯૯. આ વિશ્વવિદ્યાલયમાં શિક્ષકો ઘણા છે. હર્ષ–શોક, સુખ–દુઃખ, જય–પરાજય ઇત્યાદિ સઘળા શિક્ષકનું કામ કરે છે અને પ્રત્યેક ભિન્નભિન્નરૂપે ઘણાં શરીર ધારણ કરીને આવે છે. તેમાં કોઈ પ્રસન્નતાથી સુખપૂર્વક બોધ આપે છે અને કોઈ અપ્રસન્નતાથી કોપે ભરાઇ બોધ આપે છે; પણ પ્રત્યેક કાંઇ ને કાંઈ હિતકર શિક્ષા આપી જાય છે. માટે જગતમાં સૂપડાની માફક સારગ્રાહી થવું. જેમ શ્રીદત્તાત્રય મહારાજે ચોવીસ ગુરુ કર્યા હતા, તેમ સારગ્રાહી થઈ શિક્ષા લેનાર ઉત્તમતાને પામે છે.

૧૦૦. દોષદર્શન એ નિંદા છે અને નિંદા કરનાર પારકાં પાપ પોતાને શિર લે છે અને પોતાનાં પુણ્ય સામાને અર્પણ કરે છે. માટે દોષદર્શનરૂપ નિંદા કરવાથી મહાહાનિ થાય છે.

૧૦૧. જેમને પોતાના કુટુંબમાં કે જાતિમાં સંપ રાખવાની તથા પોતાને અનુકૂળ વર્તાવવાની ઇચ્છા હોય, તેમણે તેમની પ્રીતિ, વર્તન કે તેમના દોષ સામું ન જોતાં, નિરંતર તેઓને તન, મન ને ધનથી સુખ થાય તેમ વર્તવું. એથી સંપ રહેશે, તેઓ આપણને અનુકૂળ વર્તશે અને પોતે પણ સુધરશે. તેમજ આપણને પણ શાંતિ તો રહેશેજ.

૧૦૨. વેપારીની તથા સંસારી મુમુક્ષુની (ઓછો આચાર, ખાનની જોળી શુદ્ધિ તથા કુટુંબની શુદ્ધ જીવિકા નહિ હોવાથી) કમાઈ સારી નથી એવો ક્લેશ વેઠી ત્યાગી પણ અંતઃકરણ બગાડે છે. પરંતુ તેણે સમજવું જોઈએ કે, બધી દુનિયા પાપવાળી થઈ જાય તોપણ ઈશ્વરના જનને શુદ્ધ આહાર મળે છે. [illegible] ઉપરથી ચાર આની જેવું, શરીરને અનુકૂળ અને [illegible] સાત્ત્વિકપણાનું ભોજન ભગવત–અર્પણ કરી લેવું એ [illegible] છે અને ભગવત–નૈવેદ્ય થયેલી શુદ્ધ જીવિકારૂપ નિવેદ

श्लोकः-अभिमानं सुरापानं गौरवं घोररौरवं ।
प्रतिष्ठा सुकरिविष्टा त्रयंत्यक्त्वा सुखी भवेत् ॥

અર્થાત્:-અભિમાન એ મદ્યપાનરૂપ છે, ગૌરવ એ ઘોર નરકરૂપ છે અને પ્રતિષ્ઠા એ ભૂંડણની વિષ્ટારૂપ છે-એ ત્રણે છોડીને સુખી થવું.

૧૦૯. મોટા પુરુષો દરેક કાર્ય બહુંજ ધીરજથી કરે છે અને એની એ વાત વારંવાર મુમુક્ષુને પણ કહે છે. તેથી જાણે પુનરુક્તિ દોષ જેવું દેખાય છે; પણ તેમ નથી. પોતાને જે ધર્મ સૂઝે છે તે સામાને સુઝાડવા માટેજ ઉલટાવીને કહે છે, તરત કહે તો શ્રદ્ધા રહે નહિ. કોઈ વાર ઉલટી લાગતી ક્રિયા હોય, પરંતુ તેના ફળ વખતે તે જણાવે છે તે ક્રિયા ધર્મવાળી ને સફળવાળી હોય છે ત્યારે ઘણોજ સ્નેહ થાય છે.

श्लोकः-नपाणिपाद चपलो न नेत्रचपलोऽनृजुः ।
न च वाक्चपलश्चैवमिति शिष्टस्य लक्षणम् ॥

અર્થાત્:-હાથપગ હલાવ હલાવ ન કરવા, આંખ ફેરવ ફેરવ ન કરવી, કુટિલતા ન રાખવી અને બડબડ બોલ્યા ન કરવું, આ શિષ્ટનાં લક્ષણ છે.

૧૧૦. દસ ઇન્દ્રિયો તથા અગિયારમું મન વશ કરવાં. પોતાને તથા જગતને બ્રહ્મરૂપ માની, પરબ્રહ્મ એવા પરમાત્મા યુગલસ્વરૂપ શ્રીરાધાકૃષ્ણનાં શ્રવણ, કીર્તન, ભજન તથા ધ્યાનમાં રહેવું, એજ કલિયુગમાં ઈશ્વરને પામવાનો રસ્તો છે.

૧૧૧. શબ્દને શ્રીરાધાકૃષ્ણના નામસ્મરણમાં જોડવો. ટાઢ, તડકો અને ત્વચાને જીતવી. બધે શ્રીરાધાકૃષ્ણની ભાવના કરી અગર મૂર્તિ સામું ત્રાટક કરી, નેત્રેન્દ્રિયને (રૂપને) જીતવી ને

श्लोकः—अभिमानं सुरापानं गौरवं घोररौरवं ।
प्रतिष्ठा सुकरीविष्टा त्रयंत्यक्त्वा सुखी भवेत् ॥

અર્થાત્‌:—અભિમાન એ મદ્યપાનરૂપ છે, ગૌરવ એ ઘોર નરકરૂપ છે અને પ્રતિષ્ઠા એ ભૂંડણની વિષ્ટારૂપ છે—એ ત્રણે છોડીને સુખી થવું.

૧૦૯. મોટા પુરુષો દરેક કાર્ય બહુજ ધીરજથી કરે છે અને એની એ વાત વારંવાર મુમુક્ષુને પણ કહે છે. તેથી જાણે પુનરુક્તિ દોષ જેવું દેખાય છે; પણ તેમ નથી. પોતાને જે ધર્મ સૂઝે છે તે સામાને સુઝાડવા માટેજ ઉલટાવીને કહે છે, તરત કહે તો શ્રદ્ધા રહે નહિ. કોઈ વાર ઊલટી લાગતી ક્રિયા હોય, પરંતુ તેના ફળ વખતે તે જણાવે છે તે ક્રિયા ધર્મવાળી ને સુફળવાળી હોય છે ત્યારે ઘણોજ સ્નેહ થાય છે.

श्लोकः—नपाणिपाद चपलो न नेत्रचपलोऽनृजुः ।
न च वाक्चपलश्चैवमिति शिष्टस्य लक्षणम् ॥

અર્થાત્‌:—હાથપગ હલાવ હલાવ ન કરવા, આંખ ફેરવ ફેરવ ન કરવી, કુટિલતા ન રાખવી અને બડબડ બોલ્યા ન કરવું, આ શિષ્ટનાં લક્ષણ છે.

૧૧૦. દશ ઇન્દ્રિયો તથા અગિયારમું મન વશ કરવાં. પોતાને તથા જગતને બ્રહ્મરૂપ માની, પરબ્રહ્મ એવા પરમાત્મા યુગલસ્વરૂપ શ્રીરાધાકૃષ્ણનાં શ્રવણ, કીર્તન, ભજન તથા ધ્યાનમાં રહેવું, એજ કલિયુગમાં ઈશ્વરને પામવાનો રસ્તો છે.

૧૧૧. શબ્દને શ્રીરાધાકૃષ્ણના નામધ્વનિમાં જોડવો. ટાઢ, તડકો અને ત્વચાને જીતવી. બધે શ્રીરાધાકૃષ્ણની ભાવના કરી અગર મૂર્તિ સામું ત્રાટક કરી, નેત્રેન્દ્રિયને (રૂપને) જીતવી ને

श्रुत्वा काव्यमलक्षणं परकृतं संतिष्ठते मूकवत् ।
दोषांश्च्छादयते स्वयं न कुरुते ह्येतत्सतां लक्षणम् ॥३॥
वाञ्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौनेम्रता ।
विद्यायां व्यसनं स्वयोषितिरतिर्लोकापवादाद्भयम् ॥
भक्तिः शूलिनि शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले- ।
ष्वेते येषु वसन्ति निर्मलगुणास्तेभ्यो नरेभ्यो नमः ॥४॥

अविरुद्धमनुद्वेगं समभावचराचरम् ।
अहं मम परित्यज्य परोधर्मः स उच्यते ॥५॥
अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥६॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥७॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥८॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥९॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥१०॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥११॥
तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥१२॥

જે મારો ભક્ત સર્વ ભૂતોનો દ્વેષ નહિ કરનાર, મિત્રભાવે વર્તનાર, કરુણાવાળો, મમતારહિત, અહંકારરહિત, સુખ–દુઃખમાં સમદૃષ્ટિવાળો, ક્ષમાશીલ, સદા સંતોષી, સમાહિત ચિત્તવાળો મનને વશ રાખનારો, દૃઢ નિશ્ચયવાળો અને મારામાં અર્પણ કરેલાં મન–બુદ્ધિવાળો હોય છે તે મને પ્રિય છે. ૬,૭.

જેનાથી લોક ઉદ્વેગ પામતા નથી અને જે લોકથી ઉદ્વેગ પામતો નથી તથા જે હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી મુક્ત છે, તે મને પ્રિય છે. ૮.

જે મારો ભક્ત સ્પૃહાવિનાનો, પવિત્ર, દક્ષ–ચતુર, પક્ષપાત રહિત, વ્યથાથી મુક્ત અને સર્વ આરંભોને તજનારો છે, તે મને પ્રિય છે. ૯.

જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, ઇચ્છા કરતો નથી અને શુભાશુભનો ત્યાગ કરનારો તથા ભક્તિમાન હોય છે, તે મને પ્રિય છે. ૧૦.

વળી જે શત્રુ કે મિત્ર ઉપર, માન કે અપમાનમાં તથા ટાઢ, તાપ, સુખ કે દુઃખમાં સમાન ભાવવાળો અને સંગરહિત હોય છે; તથા નિંદા અને સ્તુતિને સમાન માને છે, મૌન ધારણ કરે છે, જે કોઈ પણ પ્રકારે સંતુષ્ટ રહે છે, સ્થાન વિનાનો હોય છે અને સ્થિર બુદ્ધિવાળો તથા ભક્તિમાન હોય છે તે મનુષ્ય મને પ્રિય છે. ૧૧,૧૨.

મારા પરાયણ અને શ્રદ્ધાળુ એવા જે ભક્તો ઉપર કહેલા આ ધર્મરૂપ અમૃતનું સેવન કરે છે તેઓ મને અત્યંત પ્રિય છે. ૧૩.

૧૧૨. જીવન્મુક્ત અર્થાત્ જેને દેહનું ભાન નથી એવા પુરુષ વિના મુમુક્ષુએ એકલા કે એકાંતમાં રહેવું નહિ.

૧૧૩. [illegible]

દોષવાળો બને છે. એટલે અન્યમાં પણ રાગદ્વેષ ન થાય તેજ જ્ઞાન.

૧૨૨. સ્વપ્ન ન આવે ત્યારેજ નિરોધ દશા કહેવાય.

૧૨૩. મૂર્ખો સાથે વિશેષ લાભહાનિ ન હોય તો હાજી હાજી કરવું તેમાં પરમ શાંતિ છે.

૧૨૪–अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

અર્થાત્–એકત્વભાવને પામેલા અને મારું ચિંતન કરતા જે મનુષ્યો મને સંપૂર્ણ રીતે ઉપાસે છે, તે નિત્ય મારામાં જોડાયલા મનુષ્યોના યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) તથા ક્ષેમ (પ્રાપ્તની રક્ષાને) હું ચલાવું છું.

આથી નરસિંહ મહેતા, મીરાંબાઇ આદિએ વેપાર સામું જોયુંજ નહિ; કેમકે શરીર સાથે પ્રારબ્ધ તો પહેલુંજ બંધાયું છે માટે પુરુષાર્થની જરૂર નથી. કર્તવ્ય તો ઈશ્વરપ્રાપ્તિ માટેજ છે; જેથી તેજ કર્તવ્ય કરવું કે જેથી ઈશ્વરપ્રાપ્તિ થાય.

૧૨૫. વિષ્ઠા–મૂત્રના આ દેહમાં મમત્વ થાય તો બહાર પણ એવા પદાર્થો ઘણા છે. એ મલિન પદાર્થોમા મમત્વ કરનારના જેવો, દેહ વિષે મમત્વ કરનાર અધમ કહેવાય, માટે આ દેહ અધમ છે એમ જાણી દેહમાં મમત્વ રાખવું નહિ.

૧૨૬. આવરદા રક્ષા કરે, પ્રારબ્ધ કરે સેવ;
મનમાં ધારજ ધાર કે, ભજ નિરંજન દેવ.

એટલે ધનાદિ પોતાની રક્ષા કરશે એવી આશા રાખવી નહિ, તેમજ સ્ત્રી–પુત્રાદિ કે શિષ્યાદિ સેવા કરશે એવી પણ આશા રાખવી નહિ. પણ આવરદાજ જિવાડશે ને પ્રારબ્ધમાં હશે તેજ સેવા કરશે એમ માની નિશ્ચિત થઈ ભગવાનનું ભજન કરવું.

હું શ્લોકના એક અડધિયામાં કહીશ–બ્રહ્મ એ સત્ય છે, જગત એ મિથ્યા છેઃ જીવજ કેવલ બ્રહ્મ છે. ૧.

વાયુ, જલ, અને પાંદડાં ખાઈ રહેનારા વિશ્વામિત્ર તથા પરાશર આદિ ઋષિઓય સ્ત્રીઓનાં સુલલિત મુખકમલને જોઇને મોહવશ થયા છે. કામે કરીને બ્રહ્મા હાર્યો છે, કામે કરીને શિવજી હાર્યો છે, કામે કરીને વિષ્ણુ હાર્યો છે અને કામે કરીને ઇન્દ્ર હાર્યો છે. ૨

હાથી, રથ, ઘોડા, ગાય, ભૂમિ, સુવર્ણ, ઋષિપાત્ર અને વેદગ્રંથ, એ સેંકડોથી દાનમાં અપાય તેમજ બન્ને કુળને વિશેષકારી એવી કરોડો કન્યાઓનું દાન કરવામાં આવે, તોય શિવરૂપ જે અન્નદાન કરવામાં આવે છે, તેની સરખામણીમાં તે ઊભાં નહિ રહી શકે. ૩

૧૨૯. જ્યાં તકરારના પ્રસંગે સમાધાન કરવું હોય; ત્યાં આપણા સંબંધીએ અને આપણે શુદ્ધ અંતઃકરણથી ગુનેગાર થવું. આપણો દોષ ન હોય ને સંબંધીનો દોષ હોય, તો તેની શિક્ષા પોતે ભોગવવા સામા પાસે માગણી કરીને માફી માગવી. જેથી સામો માણસ ક્રોધ છોડીને શાંત થશે અને આપણને પણ તરત શાન્તિ વળશે. આમ બન્ને પક્ષને શાંતિ આપવી એ મહાન યજ્ઞ કરતાં શ્રેષ્ઠ છે.

૧૩૦. આયુષ નિરંતર અંજલિ, ટપકત શ્વાસોશ્વાસ;
ગોરીશિ ચલિ જાત હૈ. અવસર ઈશ્વરદાસ.
જ્ઞાન બઢે ગુણવાન કી સંગત, ધ્યાન બઢે તપસ્વિ સંગ કીજે;
મોહ બઢે પરિવાર કી સંગત, લોભ બઢે ધન મેં ચિત દીન્હેં;
ક્રોધ બઢે નર મૂઢ કી સંગત, કામ બઢે ત્રિય કે સંગ કીને.
બુદ્ધિ વિવેક વિચાર બઢે, કવિ દીન સુસજ્જન સંગત કીને.
સંત ગયે પાછી રહ્યા. પાછી હિ સબ જાત;
કહે નારાયણ ગુણ પાસેથ, નાસભંગ ન થાય

ધ્યાન શ્રેષ્ઠ છે, ધ્યાન કરતાં સર્વ કર્મનાં ફળનો ત્યાગ શ્રેષ્ઠ છે; (એ) કર્મફળના ત્યાગથી શીઘ્ર શાંતિ પ્રાપ્ત થાય છે.

માટે જે પ્રકારે શાંતિ મળે તેમ વર્તવું. કોઇ કાંઇ વસ્તુ લઇ જાય તો સંતોષ માનવો. કોઇનો અપરાધ થાય તો માફી માગવી. કોઇ વસ્તુ ગ્રહણ કરવાથી ક્લેશ રહેતો હોય તો તેનો ત્યાગ કરવો. સંસર્ગથી રાગદ્વેષ થાય તો સંસર્ગથી દૂર રહેવું. વિહિત વસ્તુની અપ્રાપ્તિથી વિક્ષેપ રહે તો નીતિ તથા ઉદ્યમથી તે પ્રાપ્ત કરવી. પણ કોઇ પણ પ્રકારના ફળની ઇચ્છા વિના પ્રભુ મરજીથી મળેલા સર્વ સંજોગોમાં સર્વ સુખરૂપ માની શાંતિ રાખવી. બધે ભગવદ્‌ભાવના કે બ્રહ્મભાવના (પોતારૂપ ભાવના) કરી કર્મફળને મિથ્યા માનવાથી તે સ્વપ્નવત્ થાય છે. પછી શોક કે રાગદ્વેષ ક્યાં રહે? અર્થાત્ શાંતિ રહે છે.

૧૩૫. દરેક વસ્તુ ઇશ્વરરૂપે, બ્રહ્મરૂપે, સત્યરૂપે સત્યજ છે; પણ પુરુષને તેનો સંગજ દુઃખદ છે. પુરુષ શુદ્ધ ચૈતન્ય છે, માયા એ પણ શુદ્ધ શક્તિ છે, પણ જગત માયાના સંગેજ દૂભવે છે.

૧૩૬. વર્તુળનું મધ્યબિંદુ, વર્તુળના પરિઘ ઉપરની કોઇ પણ જગ્યાએ ઊભા રહીએ ત્યાંથી સરખુંજ દૂર હોય છે. કોઇ પશ્ચિમમાં, કોઇ ઉત્તરમાં કે કોઇ દક્ષિણમાં ઊભો હોય; તેમાંના દરેકને મધ્યબિંદુ તો સરખા અંતરે રહે છે. તેવીજ રીતે ઇશ્વર અગર બ્રહ્મનું સ્વરૂપ सत्यं ज्ञानमनन्तं ब्रह्म છે. એટલે વર્તુળાકારે અનંત છે. અનંત કહેતાં છેડો ન આવે તેવું. તે વર્તુળના મધ્યબિંદુ તરીકે બ્રહ્મધામને પહોંચવા માટે કોઇ કર્મમાર્ગી (પૂર્વદિશા)માં હોય, કે કોઇ જ્ઞાનમાર્ગી (ઉત્તરદિશા)માં હોય, તોપણ તે બધે મધ્યબિંદુએ જવાના. પણ એ પોતાનો સ્વધર્મ છોડી, એટલે જેનો કર્મનો અધિકાર છે તે કર્મદિશા

પદાર્થથી સંતોષ માને તે સુખી છે અને જે ઘણા પદાર્થ હોવા છતાં ઇચ્છા રાખે તે દુઃખી છે.

૧૪૫. કામાદિક દોષ સાધુપુરુષે સંગરહિત થઈને જીતવા, પણ સંગ રાખી જીતવા કઠણ છે. શાસ્ત્રનો સિદ્ધાંત પણ એમજ છે કે, સંગથી યતિનો એટલે યતિધર્મનો નાશ અને લોભથી લાજનો નાશ થાય છે; માટે અસંગ રહેવું. સિદ્ધપુરુષે કામાદિ જીત્યા હોય તોપણ મનનો વિશ્વાસ કરવો નહિ. દેહ છે ત્યાંસુધી મનનો નાશ થતો નથી.

૧૪૬. જે વસ્તુ ભૂત, ભવિષ્ય ને વર્તમાન ત્રણે કાળમાં નથી અને છે એમ દેખાય તે માયા. જેમ બાજીગરના હાથમાં ઠીકરામાં રૂપિયો ત્રિકાલાબાધિત છતાં દેખાય છે તેમ.

આત્મસ્વરૂપને પોતાના આવરણથી આચ્છાદિત કરી અન્ય સ્વરૂપે દેખાડે તે માયા. જેમ મદારીની માયા ઠીકરાનું આવરણ કરી રૂપિયો દેખાડે તેમ.

જે વસ્તુ યથાર્થ જ્ઞાન થયા પછી સમૂળથી નિવૃત્ત થઇ જાય તે માયા. જેમ મદારીને ને તે માયા જાણનાર જંબૂરાને યથાર્થ જ્ઞાન ન હોવાથી રૂપિયો છેજ નહિ.

જેમ જડ લોઢું અગ્નિના સંગથી દાહ કરે, તેમ બ્રહ્મની અચિંત્ય શક્તિ તથા બ્રહ્મનો વિવર્તભાવે જગતરૂપ થવાનો સ્વભાવ તે માયા. જેમ જળના તરંગ અથવા પુરુષનું સ્વપ્ન પુરુષમાંથી ભિન્નવિકારે થાય છે પણ તે મિથ્યા હોય છે તેમ.

અશુચિમાં શુચિબુદ્ધિ, અનાત્મમાં આત્મબુદ્ધિ, દુઃખમાં સુખ-બુદ્ધિ તે માયા.

બ્રહ્મથી શક્તિ જુદી નહિ પણ સામાન્ય વિશેષરૂપ અર્થાત રૂપાંતર તે માયા. જેમ સુવર્ણ પાટરૂપે હોય છે તેમ.

ભરોંસો રાખવો, સુખ માટે ઉદ્યમ કરવો નહિ.

૧૫૦. શરીરમાં નડતા એવા મળમૂત્રનો ત્યાગ કર્યા બાદ ફરી તેનું શું થશે તેની કોઈ ફિકર કરતું નથી ને તે મળત્યાગ માટે ઉત્સુક રહે છે તેમ આત્માને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણેનું અભિમાન જન્મ–મરણ આપનાર છે, માટે તેનો ત્યાગ કરવા ઉત્સુક રહેવું. અપમાનને અમૃત સમજી સેવનાર અને માનને ઝેર-સમાન સમજી તેનાથી સદા સાવચેત રહેનાર ઉત્તમ પુરુષ છે. માનથી દેહાભિમાન વધે છે.

असंमाने तपोवृद्धि संमानाच्च तपक्षयः।
पूजया पुण्यहानिः स्यान्निन्दया सद्गति भवेत्॥

અર્થાત્:–માન ન મળ્યે તપની વૃદ્ધિ થાય, માન મળ્યે તપનો ક્ષય થાય, સત્કારથી પુણ્યની હાનિ થાય અને નિન્દાથી અસદ્‌ગતિ થાય.

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठस्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात्।
न चलति भगवत्पदारविंदाल्लवनिमिषा धर्मप्रियः स वैष्णवाग्र्यः॥

અર્થાત્:–ત્રણે ભુવનના વૈભવના કારણે પણ જેની સ્મૃતિ કુંઠિત થતી નથી, અજિત મનવાળા દેવાદિઓ જેને શોધે છે, તે ભગવાન ચરણારવિન્દમાંથી એક તલમાત્ર પણ ચળતો નથી, તે ધર્મપ્રિય વૈષ્ણવોમાં અગ્રણી છે.

દુઃખ, ભૂખ, અપમાન ને પ્રતિયોગીમાં પ્રીતિ રાખવાથી અનુકૂળતા પ્રિય હોવાથી સઘળે પ્રિયતા થાય છે ને સમાનત્વ પ્રાપ્ત થાય છે. એમાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું પ્રમાણ છે કે:—

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ।
समदुःख सुखं धीरं सोऽमृतत्वाय कल्पते॥

અર્થાત્–હે પુરુષશ્રેષ્ઠ! સુખદુઃખને સમાન માનનારા જે

તુર્યાથી આવેરી ઉન્મુની પાંચમી,
તેને કહીએ નિર્વિકલ્પ સમાધિ નામ જો;
તે સ્થળ જોતાં આવાગમન ત્યાં વિરમે,
ત્યાં વાર્યો મારો મહિમા નિજસુખધામ જો—બ્રહ્મદર્શી૦ ૪

જાગ્રતમાં હું ધરીશ ચોવીસ સંઘાતને,
ઇન્દ્રિયદ્વારે કરું નાના વહેવાર જો;
સ્વપ્નમાં નવ તત્ત્વ કલેવર આથડે,
તેના તે સુખદુઃખનો જાણનહાર જો—બ્રહ્મદર્શી૦ ૫

બિન જાને એ વાત સુષુપ્તિ પાધરી,
કોઇ નહિ ત્યાં હુંજ પ્રકાશિત એક જો;
જાણનહારી તુરિયા ત્યાંથી વેગળી,
જ્ઞાતા જ્ઞાન જ્ઞેય તણી ત્યાં ટેક જો—બ્રહ્મદર્શી૦ ૬

બોલું તોપણ મુન્ય ટળે નહિ માહરું,
દેખીને નવ દેખું એવી રીત જો;
સાંભળું તોપણ સાંભળું નહિ કંઈ વાતને,
એ છે મારો અનુભવ વેદવિદિત જો—બ્રહ્મદર્શી૦ ૭

અગ્નિ સંગે શીતળ લોહું તાવિયું,
લોહ બળે પણ અગ્નિ તે કહેવાય જો;
મારી ચૈતનતા એ લોહને આશરે,
તન-મન ઇન્દ્રિય એ ત્રણ મત કહેવાય જો—બ્રહ્મદર્શી૦ ૮

હું અસંગ છું સંગ નહિ મારા અંગને,
તો પરે જેમ આપણું અજાણું થાય જો;



श्रीभूधर भक्तनुं संक्षिप्त चरित्र

[આ ભૂધર ભક્તનું ચરિત્ર તેમના પુત્ર શ્રી. ઉત્તમભાઇએ પોતાની યાદદાસ્ત મુજબ લખાવ્યું છે. આ સિવાય બીજી વિગત જે કોઇ ગૃહસ્થની જાણમાં હોય તે લખી મોકલવા કૃપા કરે. જેથી તેનો નવી આવૃત્તિ વખતે યથામતિ ઉપયોગ થશે.]

શ્રીભક્તનો જય ! ભગવાનને પણ ભક્તને આધીન કહેલા છે; એથી ભક્ત, ભગવાનથી મોટા ગણાય છે, માટે ભક્તનો જય ! ભક્તનો જય !

ભૂધર ભક્તનો જન્મ સંવત ૧૯૦૧ માં ધોળકા તાલુકાના ચંડીસર ગામમાં થયો હતો. એમના પિતાનું નામ કિશોરભાઈ અને માતાનું નામ કંકુબહેન હતું. તેઓ ગામમાં પોતાનો લુહારી ધંધો સારી રીતે ચલાવતા હતા.

કિશોરભાઇને એક ભાઈ હતા જેમનું નામ મનોરદાસ હતું. બન્ને ભાઇઓ પોતાનો ધંધો-રોજગાર સારી રીતે ચલાવતા હતા. એવામાં એક દિવસ કંઇ કારણસર કિશોરભાઇને પોતાના ભાઈ સાથે અણબનાવ થયો અને મનોરદાસે તેમને કહી દીધું કે, "આજથી તમારે અમારા ઘરાકનું કામ કરવું નહિ અને કરો તો તમને રામદુહાઇ છે." આ સાંભળતાંજ કિશોરભાઇએ પોતાનું કામકાજ બંધ કરી દીધું.

આ રીતે કામ બંધ તો કર્યું; પરંતુ પછી શું કરવું એ

પાછા લઇ ગયા. કંકુબહેને એજ ઝાડ નીચે પોતાનાં બાળકો સહિત રાત્રિ વિતાવી.

બીજે દિવસે સવારે કિશોરભાઈ પાછા આવ્યા, એટલે સર્વેએ મળીને આગળ ચાલવા માંડ્યું. માર્ગમાં ચાલતાં નજીકના એક ગામના મુખીનો મેળાપ થયો. તે ઘોડા પર સવાર થઇને બીજે ગામ જતા હતા. તેમણે કિશોરભાઇને સહકુટુંબ દુઃખી હૃદયે જતા જોઈ પૂછ્યું, "તમે બધાં કયાં જાઓ છો?" કિશોરભાઈએ જવાબ આપ્યો કે, "જ્યાં પ્રભુ લઈ જાય ત્યાં. અમારો વિચાર અમદાવાદ તરફ જવાનો છે." આ સાંભળી મુખીએ કહ્યું, "ભલે, જાઓ સુખી થાઓ." તેમણે પોતાની પાસેથી (ગોળ, રોટલા, કોકડીઓ વગેરે) ખાવાનું આપ્યું. એ શુભ દિન લઇ ત્યાંથી નીકળ્યા અને સરોડા ગામે આવી વિશ્રામ કર્યો. ત્યાં નદીકિનારે સ્નાન કરી ભોજન કર્યું અને ત્યાંથી પછી સર્વેએ અમદાવાદ તરફ ચાલવા માંડ્યું.

આ પ્રમાણે સંવત ૧૯૦૫ માં એ કુટુંબ અમદાવાદમાં આવ્યું. તે સમયે ભૂધર ભગતની ઉંમર માત્ર પાંચેક વર્ષની હતી. એ સમયે અમદાવાદ-કાલુપુરમાં ભુવાલડીના નાગરદાસ નામના એક ગૃહસ્થ રહેતા હતા. એ ભૂધર ભક્તના મોસાળ તરફના સંબંધી હોવાથી કિશોરભાઈ કુટુંબસહિત તેમને ત્યાં ઉતર્યા. બેચાર દિવસ ત્યાં રહ્યા બાદ સર્વે આંબલિયાસણવાળા બહેચરદાસ ખુશાલદાસને ઘેર ગયા અને કિશોરભાઇએ તેમને પોતાના દુ:ખની બધી વાત કહી સંભળાવી. બહેચરદાસે એમને આશ્વાસન આપ્યું અને તેમના છોકરાને કામે લગાડી આપવા જણાવ્યું.

બહેચરદાસ પોતે ઓવરસિયર હતા. કિશોરભાઇના મોટા પુત્ર છગનલાલને તેઓ પોતાની સાથે લઇ ગયા અને દરરોજના બે આનાના રોજથી તેને કામ પર ચડાવી દીધો.



એક ઓરડી ભાડે રાખી અને ત્યાં સર્વે રહેવા લાગ્યાં. પછી કિશોરભાઈનાં પત્નીએ દરરોજ રેંટિયો કાંતવો શરૂ કર્યો અને તેની કમાણીમાંથી ઘરના ભાડા માટે દરરોજ ત્રણ પૈસા જુદા મૂકી રાખતાં. આ રેંટિયો તેમણે જિંદગીપર્યંત ચલાવ્યો હતો. પાછળથી આર્થિક સ્થિતિ સુધર્યા પછી પણ તેમણે આ રેંટિયો ચલાવ્યે રાખ્યો હતો. દિવસો જતાં બહારનું બીજું પરચૂરણ કામ પણ મળવા માંડ્યું અને ઘરનાં બધાં માણસો ખંતથી મહેનત કરવા લાગ્યાં. આથી એમની થોડી આવકમાંથી પણ બચત થવા લાગી અને એ રીતે અગિયાર વર્ષનો લાંબો સમય વીત્યા પછી (એટલે કે સંવત ૧૯૧૬ લગભગ) તેમને સ્વતંત્ર ધંધો કરવાની ઇચ્છા થઈ અને એ દિશામાં પ્રયત્નો કરવાની શરૂઆત કરી.

પ્રથમ તો તેમણે લોખંડની સાંકળો બનાવવાનું કામ શરૂ કું. પછી ઑફિસોમાં વપરાતા પિત્તળના પટામાં નામ કોતરવાનું ામ કરવા માંડ્યું. ત્રણેક વર્ષ એ કામ ચલાવ્યા પછી ગુજ-ાતી ટાઈપો (છાપખાનાંમાં વપરાતા અક્ષરો) બનાવવાનું અને ા પછી જસતની બતકો (પીવાનું પાણી ભરવાની) બનાવવાનું કામ ારવા માંડ્યું. પાછળથી દિલ્લી ચકલામાં ચાંદીની એક દુકાન પણ ઉઘાડેલી; પરંતુ તે ઠીક નહિ પડવાથી દુકાન બંધ કરવી પડી હતી.

ધંધા-રોજગારમાં આ રીતે આગળ વધવાથી તેમની આર્થિક સ્થિતિ પણ કંઈક સુધરવા લાગી. તેઓ ધીકાંટા રોડ પર રહેવા આવ્યા અને ત્યાં નેતરની છત્રીઓના ખોખાં બનાવવા-નું કામ ચાલુ કર્યું. પછી કસબ બનાવવાના સંચાઓ તૈયાર

બોલ્યા કે, "તમે રાત્રે પણ મજૂરી કરી છે, તેથી આ બેવડી મજૂરી આપું છું." આ સાંભળી મજૂર શરમાયો અને માફી માગી. આ વાત [illegible]માએ કરી હતી.

માટે તેમના ખભા ઉપર મસાનું ચિહ્ન હતું, તે તપાસી જોયું અને ખાત્રી થતાં અગ્નિસંસ્કાર શી રીતે કરવો, એ પ્રશ્ન કંકુમાના મનમાં ઉત્પન્ન થયો. એમણે પળવારમાં વિચાર કરી લીધો અને ગામમાં જઈ પોતાના જ્ઞાતિબંધુઓને બોલાવવાનું નક્કી કર્યું. પોતાની સાથે આવેલી બાઈ અમીનાને ત્યાં બેસાડી કંકુમા ગામમાં ગયાં અને જ્ઞાતિના બે–ચાર માણસોને ભેગા કરી તેમને તેડી લાવ્યાં. સર્વેએ મળી એ કોઠીના ઝાડ નીચેજ કિશોરભાઈને અગ્નિસંસ્કાર કર્યો. આમ પોતાના પતિનો અગ્નિસંસ્કાર કરાવી કંકુમા અમદાવાદ પાછાં ફર્યાં.

કિશોરભાઈનો આમ એકાએક દેહાન્ત થઇ જવાથી ઘરની ચિંતાનો તમામ ભાર તેમના બે પુત્રો છગનભાઇ તથા ભૂધરભાઈ ઉપર પડ્યો. આ સમયે ભૂધરભાઇની ઉંમર લગભગ બાવીસેક વર્ષની હશે. તેમણે કુનેહથી પોતાનું કામકાજ ચલાવવા માંડ્યું અને સુખ–શાંતિપૂર્વક દિવસો ગુજારવા માંડ્યા.

કેટલોક સમય આવી રીતે વીતી ગયા પછી ભૂધરભાઇ, તેમના ભાઈ છગનલાલ તથા માતા કંકુમા સાથે અંબાજીની યાત્રાએ ગયા. ત્યાંથી પાછા આવતાં, અમદાવાદ પાસે આવેલા વાડજ નામના ગામમાં–કાશ્મીરી મહાદેવના મંદિરમાં મુકામ કર્યો. ત્યાં રાત્રે ભજન ગવાતાં હતાં અને મંદિરના મહંત નારાયણગીરજી પણ તેમાં હાજરી આપતા હતા. ભૂધરભક્તના ગળામાં (માતાજીની પ્રસાદીરૂપે બાંધેલી) નાડાછડી જોઇને નારાયણગીરજી મહારાજે તેમને કહ્યું કે, "ભક્તોના ગળામા તો રુદ્રાક્ષ અથવા તુલસીની માળા જોઇએ; તેને બદલે તમે આ નાડાછડી કેમ બાંધી છે? નાડાં તો બાઇઓ બાંધે, એ તો સ્ત્રીઓનો શણગાર છે!" આ સાંભળી ભૂધરભક્ત શરમાયા અને બીજેજ દિવસે તેમણે રુદ્રાક્ષની માળા ધારણ કરી.

ત્યાં યોગવાસિષ્ઠની કથા વંચાતી હતી, તે જોઈ આત્માનંદ સ્વામી ખુશી થયા અને ત્યાં રહેવાની પોતાની ઇચ્છા દર્શાવી; પછી ભૂધરભક્તની અનુમતિથી તેઓ ત્યાંજ રહ્યા.

સ્વામી આત્માનંદજીએ ત્યાં રહીને ભૂધરભક્તને વિચારસાગર અને પંચીકરણની પ્રક્રિયાઓ શીખવી. ભક્તને આ રીતે સત્સંગનો પ્રભાવ દિવસે દિવસે વધતો જતો હતો. ચાતુર્માસ ત્યાં રહ્યા ી સ્વામી આત્માનંદજી સિદ્ધપુર તરફ પ્રયાણ કરી ગયા. તે ી ગામ વાલમથી આવેલા રામમહારાજ સાથે ભૂધર ભક્ત- ા મેળાપ થયો. આ રામમહારાજે ભૂધર ભક્તને ગીરધર વેના કુંડળિયા બહુજ સારી રીતે કહી સંભળાવ્યા, જે ભક્ત- . ઘણા ગમી ગયા. ભક્તે રામમહારાજને પોતાને ત્યાં હેવાનો ઘણો આગ્રહ કર્યો; પરંતુ ગૃહસ્થના ઘરમાં રહેવાની મહારાજે અનિચ્છા જણાવી. આથી અચરતલાલ વૈરાગીના અન્નક્ષેત્રમાં તેમને રહેવાની સગવડ કરી આપવામાં આવી. રામ મહારાજ દરરોજ સાંજે ભૂધરભક્તને ઘેર આવીને સત્સંગનો લાભ આપતા અને સવારમાં શ્રીસરયુદાસજી મહારાજની દયામાં જતા.

સંવત ૧૯૩૮માં એક દિવસ ભૂધરભક્ત વાડજ–કાશ્મીરી મહાદેવના મંદિરે પોતાના ગુરુનાં દર્શન કરવા ગયા હતા અને રાત્રે ત્યાં રોકાયા હતા. અહીં ઘર આગળ તેમનો ત્રણેક વરસનો પુત્ર (ઉત્તમભાઈ) એકાએક માંદો થયો અને તેને તાણ આવવા લાગી. પળે પળે મંદવાડ વધતો જતો માલૂમ પડ્યો. એથી ઘરનાં માણસોએ ભૂધર ભક્તને બોલાવવા માટે વાડજ એક માણસ દોડાવ્યો. તેણે જઈને ભક્તને સઘળી હકીકત કહી. ત્યારે ભક્તે જવાબ આપ્યો કે, "એમાં મારું શું કામ છે ? એ તો ગુરુ મહારાજ સારું કરી દેશે. તેમ છતાં

યા. રસ્તામાં જતી વખતે એક ગાડાનું પૈડું તૂટી જવાથી, ામનાથ નાગર નામના એ સંઘમાંના એક સજ્જનને ઇજા થઈ, મેટલે તેમને પંદરેક દિવસ અજમેરમાં રોકાવું પડ્યું. ત્યાંથી સર્વે જયપુર તરફ ઊપડયા અને ત્યાંથી આગ્રા ગયા. આગ્રામાં ભૂધર-ભક્તના તારકસખના ગ્રાહકો હતા. તેઓ આખાય સંઘને ઘણાજ આગ્રહપૂર્વક પોતાને ત્યાં તેડી ગયા અને ઘણીજ સારી મહેમાનગીરી કરી પાંચ દિવસ ત્યાં રાખ્યા. આગ્રાથી એ આખોય સંઘ કાશી તરફ ગયો. ત્યાં ગોર રણછોડજી રૂઘનાથજીને ત્યાં વીસેક દિવસ સર્વે રહ્યા. રામનવમીના દિવસે સર્વે ગંગાજીમાં સ્નાન કરી મણિકર્ણિકાના ઘાટ ઉપર બેઠાં હતાં. ગામ ચંદીસરનાં એક બ્રાહ્મણ-ડોશી બાઈ સૂરજ પણ સાથે હતાં. વૃદ્ધાવસ્થાને લીધે સૂરજડોશી જરા આડે પડખે થયાં. એ જોઈને જેસિંગ ઠાકોરે વિનોદમાં કહ્યું: "સૂરજ આથમ્યો કે શું?" સૂરજ ડોશી એ સાંભળી બોલ્યાં કે, "મારું એવું સદ્‌ભાગ્ય ક્યાંથી હોય કે 'સૂરજ' અહીં આથમે?" એ પછી બધાં મુકામે આવ્યાં ને થોડા સમયમાંજ સૂરજ ડોશીએ કહ્યું કે," મારા પેટમાં બહુ દરદ થાય છે. માટે તમે સર્વે અહીં આવો ને હું લખાવું તે લખી લો." એમ કહી ડોશીએ પોતાની તમામ મિલકતની વિગત લખાવી. પછી તરત ડોશીની વાચા બંધ થઇ ગઇ અને સૂરજ ખરેખર આથમી ગયો! ડોશી દેવલોક પામ્યાં!!

મરતી વખતે ડોશીએ કહ્યું હતું કે, "મારી મિલકતમાંથી ચોરાશી કરજો અને બાકી વધે તેમાંથી સંતસાધુઓને જમાડજો તથા પક્ષીઓને દાણા નાખજો." મણિકર્ણિકાના ઘાટ પર તેમના શબનો અગ્નિસંસ્કાર કર્યો અને ઉત્તરક્રિયા પણ ત્યાંજ કરી.

બીજે દિવસે બધાં માણસો ગયાજી જવા સાંજની ગાડીમાં બેઠાં. કંકુમા જઇ શકે તેવાં નહિ હોવાથી, તે તથા ઉત્તમબાઈ

"તમે સઘળા શાંતિથી જમી લો, હું અને મારાં કુટુંબીઓ પાછળથી બેસીશું." આવો જવાબ સાંભળી સઘળા માણસો જમવા બેસી ગયા. સાથીઓ અને સાધુઓના જમી રહ્યા બાદ જે કાંઈ વધ્યું હતું, તેમાંથી ભક્તે અને તેમનાં કુટુંબીઓએ પ્રસાદ લીધો.

ત્યાંથી સર્વે વેરાવળ જવા નીકળ્યા અને સ્ટીમરમાં બેઠા. સ્ટીમર થોડેક દૂર ગઈ હશે, ત્યાં તો તેમાં કંઇક નુકસાન માલમ પડયું. સ્ટીમર અધવચ્ચેજ રોકાઈ ગઇ. બે-ત્રણ કલાક સ્ટીમરમાં કામ કરવા છતાં તે ચાલુ થઇ નહિ. એટલે ભગતે સ્ટીમરના કપ્તાનને વિનતિ કરી કહ્યું કે, "અમોને જો કામ કરવાની રજા આપો તો અમારી પાસે પણ એ કામ જાણનારા માણસો છે." પરંતુ કપ્તાને જણાવ્યું કેઃ "તુમ કાલા માણસ એ કામમેં ક્યા સમજે?" પછી ઘણી મહેનત કરવા છતાં જ્યારે કાંઇ વળ્યું નહિ, ત્યારે આખરે કંટાળીને કપ્તાને ભક્તને કહ્યુંઃ "જાઓ, તુમેરે કરના હો સો કરો."

ભક્તની સાથે ગામ ધાધરેટના મિસ્ત્રી લલ્લુ ગોવિંદ હતા. તેમણે એ કામ હાથમાં લીધું અને ક્યાં ભૂલ છે તે પકડી. પછી શાન્તિથી તેને દુરસ્ત કર્યું એટલે સ્ટીમર ચાલુ થઇ. સ્ટીમર ચાલુ થતાંજ ઉતારુઓના હર્ષનો પાર રહ્યો નહિ. કપ્તાન પણ રાજી થયો અને ભક્ત તથા તેમના સાથીઓને ઘણી રાહત આપી. લલ્લુ મિસ્ત્રીને એક સોનાનું ઘડિયાલ ઈનામમાં આપ્યું. થોડાં ફળફળાદિ પણ આપ્યાં. પછી ઊતરતી વખતે પણ કપ્તાને તેમને મદદ આપી અને તેમને ઊતરવા માટે એક નાવ પણ આપ્યું. પરંતુ દૈવયોગે નાવ પવનને લીધે આગળ ખેંચાઈ ગયું અને સોનાની દ્વારકાં ડૂબી હોવાનું જે સ્થળ મનાય છે તે ભયવાળા સ્થાન તરફ નાવ જવા લાગ્યું. આથી નાવમાં બેઠેલા બધાના હોશકોશ ઉડી ગયા. સર્વે પ્રભુસ્મરણ કરવા લાગ્યા.

જરાક વધારે દમદાટી આપતાં તેણે જણાવ્યું કે, "ભાઈસાબ, મેં તો એકલી કંઠીજ લીધી હતી, સાંકળાં લીધાં નથી; કોઈ બીજો બદમાસ ઉઠાવી ગયો હશે!" આખરે કંઠી લઇને તેને જવા દીધો. પાછળથી સાંકળાં પણ મળી આવ્યાં અને રૂપિયાની કોથળી પણ એક માણસ આવીને આપી ગયો હતો. આમ ગયેલી વસ્તુઓ પાછી મળવાથી સર્વેને આનંદ થયો. પછી શ્રીદ્વારકાનાથજીનાં દર્શન કરી ત્યાંથી બેટ દ્વારકા ગયા અને દર્શન કરીને તરતજ ત્યાંથી પાછા ફર્યા.

ત્યાંથી સર્વે સીંગડી ગામે ગયાં. ત્યાં મોદીખાનાનો બંદોબસ્ત નહિ હોવાથી શ્રીરણછોડજીનાં દર્શન કરીને ત્યાંથી પોરબંદર પહોંચ્યાં. ત્યાંથી સુદામાપુરીમાં દર્શન કરી મોરબી ગયાં. મોરબીમાં મીઠા ભગત રહેતા હતા. તેમને મોરબીના ઠાકોર સાથે સારો સંબંધ હતો. પોતે સત્સંગી હોવાને લીધે ભક્તને આગ્રહ કર્યો, એટલે આખા સંઘને પાંચેક દિવસ ત્યાં રોકાઇ જવું પડયું. તે પછી ત્યાંથી વાંકાનેર આવ્યા. ત્યાં માધવજી નામના એક ભક્ત રાસમંડળના ઘણા પ્રેમી હતા. તેમણે "પ્રીતમના મહિના" ગાઈ સંભળાવ્યા. માધવજી ભક્ત માસિક એંશી રૂપિયા પગાર મેળવતા હતા. તેમાંથી માત્ર પંદર રૂપિયા પોતાના ખર્ચ માટે રાખી બાકીની સઘળી રકમ તેઓ ધર્માદામાં વાપરી નાખતા અને આ ધર્માદાની સઘળી વ્યવસ્થા ભૂધરભક્ત કરતા હતા. વિદાય થતી વખતે તેઓ વળાવવા સારુ સ્ટેશન ઉપર આવેલા અને ગાડી ઊપડવાની થોડી વાર હોવાથી ડબામાં બેસીને તેમણે "પ્રીતમના મહિના" ગાવા માંડયા. તે ભજન ગાતા ગાતા એવા તલ્લીન બની ગયા કે ગાડી ઊપડી તેનું પણ તેમને ભાન રહ્યું નહિ. છેવટે એક ભક્તના કહેવાથી તે નીચે ઉતરવા લાગ્યા; પરંતુ ગાડી ઊપડી ચૂકેલી હોવાથી તેઓ દરવાજાનો દાંડો પકડીને લટકી રહ્યા! ગાર્ડે આ જોયું અને તેઓ

વિદાયગીરી માગી અને પછી સર્વે અમદાવાદ આવ્યા.

એ સમયે દર મહિનાની પૂનમે અમદાવાદથી ભજનમંડળી વાડજ ભજન કરવા માટે જતી હતી અને ત્યાં જમીને રાત્રે ભજન-કીર્તન કરી સવારમાં શહેરમાં આવતી. એ નિયમ મુજબ એક પૂનમની રાત્રે ભજન-કીર્તન થઇ રહ્યા પછી મંદિરના મહંત શ્રીનારાયણગીરજીએ મંડળીનાં સર્વે માણસોને રાત્રે ને રાત્રે ઘેર ચાલ્યા જવા કહ્યું. કારણ પૂછતાં મહારાજે જણાવ્યું કે, "સવારમાં સાબરમતી-નદીમાં ભારે પૂર આવશે અને તમારાથી જઇ શકાશે નહિ." આ સાંભળી મંડળીનાં તમામ માણસો ઘેર ચાલ્યાં ગયાં. માત્ર મગનલાલ પટેલ નામના એક ભક્ત મહારાજની પાસે રહ્યા. મહારાજે તેમને પણ ઘેર જવા કહ્યું પરંતુ તેઓ ત્યાંજ રહ્યા. પછી સવાર થતાંજ નદીમાં પૂર ચઢવા લાગ્યું. પૂરનો વેગ એટલો તો પ્રબળ હતો કે, બપોર થતા સુધીમાં તો મહાદેવની જગામાં પણ પાણી ભરાવા લાગ્યું. આ જોઈ મહારાજે રસોઈની સઘળી સામગ્રી મંદિરના ધાબા ઉપર મોકલી દીધી. આખો દિવસ વીતી ગયો છતાં પાણીનો પ્રવાહ અટક્યો નહિ કે ઓછો થયો નહિ; પરંતુ ઊલટો વધવા લાગ્યો. સાંજ પડતાં સુધીમાં તો મંદિરના ધાબા સુધી પાણી આવી ગયું. આ જોઈને મગનલાલ પટેલ તો ગભરાઇ ગયા. મહારાજે ધાબા ઉપરજ રસોઈ બનાવી લઈ જમી લીધું. બીજા દિવસથી પાણી ઊતરવા માંડ્યું અને ત્રીજે દિવસે પાણી બિલકુલ ઊતરી ગયું. તે પછી મહારાજે માણસોને બોલાવીને મહાદેવની આસપાસ જામી ગયેલી રેતી કઢાવી સરખુ કરાવ્યું. મગનલાલ પટેલ ત્યાં સાત દિવસ સુધી રહ્યા.

ઉપર જણાવ્યા મુજબ ભજન મંડળી દર મહિનાની પૂનમે વાડજ જતી હતી, ત્યારે ભૂધરભાઈ પણ તેમની સાથે જતા. મહારાજ શ્રીનારાયણગીરજી સાથે પરિચય થયા પછી એક

તથા ત્યાં રહેતા બીજા માણસોના મનમાં એવી શંકા થઈ કે, મહારાજે જરૂર સમાધિ ચડાવી હશે–અર્થાત્ એમના આત્માએ દેહ તજી દીધો હોવો જોઇએ. છતાં વધુ ખાતરી કરાવવા માટે નીલકંઠ મહાદેવના મોટા મહારાજને તથા બીજા પણ કેટલાક સાધુઓને બોલાવ્યા. સર્વેનો એકજ અભિપ્રાય મળ્યો; એટલે એમની સમાધિ કરવાનો વિચાર નક્કી કરીને તે મુજબની સઘળી ગોઠવણ કરવામાં આવી. ત્રણ વર્ષ બાદ એ સમાધિ પાકી કરવાનું નક્કી થયું. તે મુજબ જ્યારે ચણતર કામ શરૂ કરવામાં આવ્યું, ત્યારે માટી કાઢતાં જાણે તેઓ આજેજ વિદેહ થયા હોય એવો તેમનો દેહ જણાયો. શહેરમાં આ વાત ફેલાઇ ગઇ અને તેમનાં દર્શન કરવા હજારો માણસો આવ્યાં. પાંચ દિવસ સુધી સમાધિ ખુલ્લી રાખવામાં આવી હતી.

આમ મહારાજશ્રીના વિદેહ થયા પછી તેમની ગાદી પર આત્માનંદ સ્વામીને બેસાડવામાં આવ્યા. તેઓ પૂર્વાશ્રમમાં નાગર બ્રાહ્મણ હતા અને કાશી જઈ એમણે સંન્યસ્ત ધારણ કર્યું હતું. તેઓ ઘણાજ પ્રેમી અને ભગવદ્‌ભક્ત હતા. તેમને સર્વ પ્રકારે સુયોગ્ય જાણી શ્રીનારાયણગીરજી મહારાજની ગાદી સુપરત કરવામાં આવી.

રામ રાખે તેને કોણ ચાખે ?

નવરાત્રના દિવસોમાં એક વખત આસો સુદિ આઠમની રાત્રે અસારવા–નીલકંઠ મહાદેવમાં શ્રીઅન્નપૂર્ણા માતાનો હવન થતો હતો. ભૂધર ભક્ત પાંચ-પચીસ માણસો સાથે દર્શનાર્થે પણ આવેલા હતા. ઠંડીનું પ્રમાણ કંઈક વધુ જણાવાથી એક તરફ લાકડાં સળગાવીને સર્વે તાપવા બેઠા. તેમાંનું એક લાકડું પોલું હતું અને બંને બાજુથી સળગતું હતું. એ પોલા-

ગયું હતું. છગનભાઇ ડોશીને ઉપાડીને ઘરમાં લઇ ગયા. ત્યાં લાકડાં તથા છાણાંનો તાપ કરીને આખી રાત્રિ ડોશીને શેક કર્યો. ચોવીસ કલાક પછી ડોશીમાને કંઇક શુદ્ધિ આવી, એટલે રાબ બનાવી ચમચા વડે તેમના મોંમાં રેડવા માંડી. પછી ધીમે ધીમે ડોશીમાની હાલત સુધરી. છગનભાઇની આવી સેવાથી પ્રસન્ન થઇને ડોશીએ તેમને આશીર્વાદ આપ્યો કે, "જા, તારે ઘેર છોકરો થશે." ત્યાર બાદ થોડાજ સમયમાં ડોશીનો એ આશીર્વાદ ફળ્યો અને ફરી લગ્ન કરવાની ઉપાધિમાંથી છગનભાઈ છૂટી ગયા!

ડૉક્ટર નારાયણરાવનો પરિચય

સંવત ૧૯૫૩ માં અમદાવાદમા પ્લેગ ચાલતો હતો. સ્થળે સ્થળે ક્વૉરેન્ટીનની (રોગવાળાં મનુષ્યોને જુદાં રાખવાનું સ્થળ) સ્થાપના થઈ હતી. એ વખતે ગાયકવાડની હવેલીમાં પણ એવું એક સ્થળ રાખવામાં આવ્યું હતું. ત્યાં નારાયણરાવ નામના એક સૌથી મોટા ડૉક્ટર હતા. દૈવયોગે તેમને પણ તાવ લાગુ પડ્યો. એક દિવસ બાજુના ક્વૉરેન્ટીનમાં રહેલા બે મારવાડીઓનાં ભજનનો સુંદર ધ્વનિ પથારીમાં સુતાં સુતાં ડૉ. નારાયણરાવને કાને અથડાયો અને તે સાંભળીને એમને મનમાં શ્રદ્ધા ઉત્પન્ન થઇ એમણે પોતાના મન સાથે એવો નિશ્ચય કર્યો કે, "મને જો સારું થઈ જશે તો હું પણ પ્રેમપૂર્વક શ્રીરામદેવજીનું ભજન કરાવીશ."

શ્રીપ્રભુની કૃપાથી તેમનો તાવ ઉતરી ગયો અને થોડાક દિવસોમાં શરીર સારું થઇ ગયું. આથી શ્રીરામદેવજી પ્રત્યેની તેમની શ્રદ્ધામાં વધારો થયો અને પોતે ધારી રાખેલું ભજનનું કામ કરાવવાની એમને ઇચ્છા થઇ. પરંતુ ભજન કોની

ત્યારે ભક્તે કહ્યું કે, "એક રામદેવજી તો અયોધ્યામાં થઇ ગયા; બીજા રણુજા (ગામ)માં થઇ ગયા, ત્રીજા મથુરામાં થયા; અરે, રામદેવજી તો ઘટઘટમાં વ્યાપી રહેલા છે, પરંતુ તમે કયા રામનું ભજન કરવાની વાત કરો છો?"

ભક્તની આ વાત સાંભળી ડૉકટર સાહેબ વિચારમાં પડી ગયા. ભક્તને શો જવાબ આપવો તે તેમને સમજાયું નહિ; એટલે છેવટે કહી દીધું કે, "તમે જે રામનાં ભજન ગાતા હો, તેમાંનું એકાદ સંભળાવો એટલે પછી હું નિર્ણય કરી શકીશ."

આ સાંભળી મંડળીના બધા માણસો ત્યાંજ જમીન ઉપર બેસી ગયા. ડૉકટર સાહેબ પલંગ પર બેઠેલા હતા. ભક્તોએ ભજનની શરૂઆત કરીઃ—

"સરખી સહિયરો આવોને આ ગરબે ખેલીએ રે,
જેથી મળિયે આપણે ત્રણે ભુવનના નાથને રે;
કુળનું કામ, લોકની લાજ-મર્યાદા મૂકીએ રે."

ભજન પૂરું થયું એટલે ડૉકટર સાહેબે કહ્યું કે, "હવે એનો અર્થ સમજાવો." ભૂધર ભક્તે એ ભજનનો અર્થ સમજાવવા માંડ્યો; પરંતુ ડૉકટર સાહેબ સમજી શક્યા નહિ. કારણ કે એ વિષય એમને પોતાની સમજશક્તિ બહારનો લાગ્યો હોવો જોઇએ. ત્યાર પછી ભક્તે તેમને જણાવ્યું કે, "તમારા મહોલ્લાનાં બીજાં માણસોને ભજન સાંભળવા બોલાવો." એટલે સાહેબે પટાવાળાને મોકલીને મહોલ્લાનાં માણસોને ભેગાં કર્યાં.

ભજન સાંભળવા આવનાર માણસોમાંના કેટલાકે ડૉકટર સાહેબને જણાવ્યું કે, "આ ભક્તમંડળી જમીન પર બેઠી છે તે યોગ્ય નથી, નીચે કંઇક પાથરીને એમને બેસાડવા જોઇએ." આ સાંભળી ડૉકટરે ચાદરો પથરાવી અને આસન આપ્યાં.

દિવસે ડૉક્ટરે તેમને જોયા; એટલે તે બાળ પરથી તરતજ નીચે ઊતર્યા અને મહારાજની પાસે આવી તેમના પગે પડી કહેવા લાગ્યાઃ "મહારાજ! મારે ત્યાં પધારવા કૃપા કરો તો સારું." ડૉક્ટરે ઘણી ઘણી વિનતિ કરી તેથી મહારાજ તેમની સાથે તેમના ઘરમાં ગયા. ડૉક્ટરે તેમને પલંગ પર બેસવા વિનતિ કરી; પરંતુ તેમણે જમીન ઉપરજ પોતાનું આસન લીધું. પછી ડૉક્ટરે પોતાની જિજ્ઞાસાવૃત્તિથી પૂછ્યું કે, "મહારાજ! પ્રભુ કેવી રીતે મળે?"

મહારાજે એ સાંભળી જવાબ આપ્યો કે, "ભાઈ! છોકરાંઓ જેમ એકડે એકથી ભણવા-ગણવાની શરૂઆત કરે છે, તેમ તમારે પણ ધર્મશાસ્ત્રો વાંચવા-સાંભળવાનું પ્રથમ શરૂ કરવું પડશે. તે પછી તેના એક-એક વાક્ય ઉપર પૂરતો વિચાર કરવો પડશે. એમ સતત અભ્યાસ કરવાથી તમને પ્રભુ પ્રાપ્ત કરવાનો રસ્તો જડશે. આ માટે પ્રથમ તો તમે "યોગવાસિષ્ઠ" નું વૈરાગ્ય પ્રકરણ વાંચવાનું શરૂ કરો." એટલું કહી રામબાવા ત્યાંથી ચાલ્યા ગયા. ડૉક્ટર સાહેબે તરતજ તે પુસ્તક મંગાવી વાંચવાની શરૂઆત કરી. તેઓ જેમ જેમ વાંચતા ગયા તેમ તેમ તેમને વિશેષ આનંદ આવવા લાગ્યો.

આ રીતે ડૉક્ટર નારાયણરાવના જીવનના પરિવર્તનની શરૂઆત થઈ. મહારાજ રામબાવા સાથેનો તેમનો સમાગમ જેમ જેમ વધતો ગયો, તેમ તેમ તેમને જીવનમાં કંઇ અલૌકિકજ આનંદ આવતો ગયો. યોગવાસિષ્ઠ પૂરું કર્યા પછી મહારાજશ્રીના કહેવાથી તેમણે "પંચીકરણ" નામના પુસ્તકની ત્રણ નકલ મંગાવી. તેમાંની એક મહારાજશ્રીને આપી, બીજી ડૉક્ટરે પોતાની પાસે રાખી અને ત્રીજી નકલ પોતાની પત્નીને વાંચવા આપી. ડૉક્ટરે મહારાજશ્રીને પૂછ્યું કે, "આ પુસ્તક કેટલા દિવસમાં પૂરું કરી શકાશે?" મહારાજે કહ્યું: "જેવી તમારી ઇચ્છા.

મને ત્યાં આવતા હતા; એટલે નારાયણરાવ ડૉક્ટરે પણ ત્યાં આવવાનું શરૂ કર્યું અને સત્સંગનો લહાવ લૂંટવા માંડ્યો.

એ રીતે દોઢેક માસ પસાર થઈ ગયો એટલે ડૉક્ટર સાહેબના ઉપરી અધિકારી તરફથી એવી મતલબનું લખાણુ આવ્યું કે, "તમારું કામ સંતોષજનક થતું નથી." એટલે ડૉક્ટરે એનો જવાબ વાળતાં લખી જણાવ્યું કે, "નોકરી કરવાની મારી ઇચ્છાજ નથી એટલે પેન્શનનો બંદોબસ્ત થવો જોઇએ." આ જવાબ વાંચી એમના ઉપરી અધિકારીએ એમને લાહોર-રૂબરૂમાં બોલાવ્યા. નારાયણરાવ પોતાનાં પત્નીને સાથે લઇને ત્યાં ગયા અને પેન્શનનો બંદોબસ્ત કર્યો. પરંતુ ત્યારબાદ થોડાજ દિવસ ત્યાં રોકાયા અને એકાએક તેમનો દેહ ત્યાંજ પડી ગયો! તેમનો અમર આત્મા અમરધામને પંથે પ્રયાણ કરી ગયો!

તેમની મરણક્રિયા કરીને તેમનાં પત્ની લાહોરથી અમદાવાદ આવ્યાં અને ભૂધર ભક્તને સર્વ વાત કહી સંભળાવી પતિની ઉત્તરક્રિયા કરવાની પોતાની ઇચ્છા જણાવી. ભૂધર ભક્તે તેમની ઇચ્છા મુજબ શહેરના બ્રાહ્મણોની ચોરાશી જમાડવાની સર્વ તૈયારી કરવાની ગોઠવણ કરી આપી; પરંતુ એ ઇચ્છા પાર પડે તે પહેલાં એટલે કે તેમના પતિના અગિયારમાને દિવસેજ એ પ્રેમાળ પત્નીનો આત્મા પણ પતિ પાછળ પરલોક પ્રયાણ કરી ગયો! અને પછી તો એ બંનેની ઉત્તરક્રિયા બીજા મનુષ્યોએ સંભાળપૂર્વક સમાપ્ત કરી.

આમ એ બંને સરળ હૃદયનાં પરમભક્તાની જીવનયાત્રા સમાપ્ત થઈ.

સીતારામ મહારાજ સાથેનો પરિચય

સીતારામ મહારાજ મૂળ તો ગામ વાલમના હતા. વાલમથી

પ્રેમદાસ મહારાજે કથાનો સમય બદલીને સવારનો રાખ્યો; પછી રાત્રે કથા વાંચવા માટે ગામ નાયકાના એક ચુનીલાલ નામના પંડિતને બેસાડયા. બારેક માસ તો આ પ્રમાણે ચાલ્યું હશે; તે પછી એક દિવસ ચુનીલાલ પંડિતને કાંઇ કારણસર બહારગામ જવાનું થયું. આથી તેમની જગ્યાએ કથા વાંચવાને માટે શ્રીરામ મહારાજને બેસાડવામાં આવ્યા.

ત્રણેક દિવસ પછી ચુનીલાલ પંડિત પાછા આવ્યા અને ભક્તને ત્યાં કથાના સમયે હાજર થયા. એ સમયે શ્રીરામ મહારાજે કથા શરૂ કરી દીધી હતી. એટલે ભૂધર ભક્તે પંડિતને જણાવ્યું કે, "આજનો દિવસ શ્રીરામ મહારાજ ભલે કથા વાંચતા, તમે આવતી કાલથી વાંચવાનું શરૂ કરજો." આ સાંભળી પંડિતને માઠું લાગ્યું અને બીજે દિવસે તેઓ કથામાં આવ્યાજ નહિ. આથી શ્રીરામ મહારાજે હમેશાં કથા કહેવાનું ચાલુ રાખ્યું.

પરંતુ ચુનીલાલ પંડિતનો ક્રોધ આટલેથીજ અટક્યો નહિ. તેમણે અજાદિત્રમાં ગુલાબબાઇને શ્રીરામ મહારાજ વિરુદ્ધ આડું-અવળું સમજાવવા માંડયું અને મહારાજનું આસન ત્યાંથી ખસેડવાની યુક્તિઓ રચી. આખરે તે ફાવ્યા અને એક દિવસ રાતના નવ વાગે રામમહારાજને પોતાનો મુકામ ત્યાંથી ઉપાડવો પડયો. રાત્રિના સમયે એકાએક ક્યાં જવું તેની તેમને ચિંતા થવા લાગી. તેમણે ભૂધર ભક્તને બોલાવી કહ્યું કે, "હાલ ને હાલ કોઇ બીજી ધર્મશાળામાં સગવડ કરાવી આપો." ભક્તે તરતજ શાહપુર-સત્યનારાયણના મંદિરમાં તેમનું આસન મોકલાવ્યું અને ત્યાંજ રહેવાનું નક્કી કરી આપ્યું.

બીજા દિવસે મહારાજ ભક્તને ત્યાં આવ્યા અને તેમને કહ્યું કે, "ચુનીલાલ પંડિતનો મેં શો અપરાધ કર્યો છે, કે

ભૂલ કબૂલ કરી; છતાં શ્રીરામ મહારાજે અન્નક્ષેત્રમાં પાછા ફરવાની નાજ પાડી. મહારાજે જ્યારે કોઇ પણ પ્રકારે માન્યું નહિ ત્યારે ગુલાબબાઈ ભૂધર ભક્ત પાસે આવ્યાં અને તેમને વિનતિ કરી કે, "તમે મહારાજને સમજાવો." ત્યારે તેમણે જવાબ આપ્યો કે, "એમને માટે આજ સુધી નહિ અને હવે તમને એકાએક કયાંથી એટલું બધું લાગી આવ્યું કે, આજ એમને પાછા લઇ જવા માટે તૈયાર થયાં છો?"

ગુલાબબાઇએ જવાબ આપ્યો કે, "એમની સેવાની ખરી કિંમત આજેજ અમને સમજાઇ છે. એમનું શરીર સો વરસ જેટલું વૃદ્ધ છતાં સવારના ચાર વાગે ઊઠીને એ અન્નક્ષેત્રની જગ્યા સાફ કરતા હતા, આજુબાજુનાં લૂલાં-લંગડાં તથા સંત-સાધુઓનાં કપડાં નદીએ ધોઈ લાવીને તથા તેમનાં મળમૂત્ર ધોઇને સેવા કરતા હતા. તે કોઇનું પણ કામ કરી છૂટતા. મને આજ સુધી એ વાતની ખબર હતી નહિ. આવા મહાત્મા સાધુનું આસન અન્નક્ષેત્રમાંથી ઉપડાવવાથી સર્વે નિરાશ બની ગયાં છે."

આ સાંભળી ભૂધર ભક્તે શ્રીરામ મહારાજને અન્નક્ષેત્રમાં પાછા પધારવા વીનવી જોયું; પરંતુ મહારાજની મરજી નહિ હોવાથી તેમને પણ નિષ્ફળતાજ મળી.

સાહપુર-સત્યનારાયણના મંદિરમાં રહ્યા પછી પણ શ્રીરામ સ્વામીનું સેવાનું કામ તો રાતદિવસ ચાલુજ હતું. દરરોજ સવારના તે શ્રીનરસુદાસ મહારાજની કથામાં જતા અને પછી ભૂધર ભક્તને ત્યાં કથા વાંચવા આવતા. એ રીતે આઠ વર્ષ આનંદપૂર્વક વીતી ગયાં. એ પછી એમના સાથી અને ભક્તને ત્યાં રામાયણની કથા વાંચવા આવનાર શ્રી. પ્રેમદાસ મહારાજનો સ્વર્ગવાસ થયો. શ્રીરામ મહારાજે એમની ઉત્તરક્રિયામાં

અને ત્યાંથી ભૈરવાનંદ સ્વામીને બોલાવી લાવી પોતાને ઘેર રાખ્યા અને તેમની પાસે મહિમ્ન ભણવા માંડયું.

એ રીતે આખો દિવસ વાચન-અધ્યયનમાં ગાળી, રાત્રે પાનાચંદ ભક્ત તથા ભૈરવાનંદ સ્વામી અને ભૂધર ભક્તને ત્યાં કથા સાંભળવા આવતા. એક દિવસ ભૂધર ભક્તે પોતાને ત્યાં ભિક્ષા લેવા માટેનું શ્રીભૈરવાનંદ સ્વામીને આમંત્રણ આપ્યું. સ્વામીએ જણાવ્યું કે, "જ્યારે મારી ઇચ્છા થશે ત્યારે એક દિવસ હું જરૂર ત્યાં આવીશ." તે પછી એક દિવસે સાંજનો સાત વાગે સ્વામી ભક્તને ત્યાં આવી પહોંચ્યા અને કહ્યું કે, જે કાંઇ તૈયાર હોય તે મને પીરસી દો. એ સમયે ખીચડી તૈયાર હતી તે પીરસી અને સાથે દૂધ આપ્યું. જમી પરવારીને સ્વામીજી કથા સાંભળવા બેઠા. નિત્યના એ કાર્યક્રમથી પરવારી સ્વામીજીએ રાત્રે શયન પણ ત્યાંજ કર્યું.

રાત્રે વાતો કરતાં સ્વામીજીએ ભક્તને કહ્યું કે, "ભગત! એક વાત સાંભળો. મારું આ શરીર પડી જાય તો તેને જળ-સમાધિ દુધેશ્વરમાં કરજો અથવા તો મારા શબને ઊંડા પાણીમાં પધરાવજો અથવા નદીની ભેખડમાં ગુફા જેવું બનાવી તેમાં સ્થાપજો." ભક્તે કહ્યું કે, "તમારું શરીર અહીં હશે અથવા જ્યાં હશો ત્યાંથી અહીં લાવી શકાશે તો તેની વ્યવસ્થા આપની ઇચ્છા મુજબ થશે."

મંગળ ભક્ત સાથેનો પરિચય

મંગળ ભક્ત કડીમાં રહેતા અને તે એવા તો સંતોષી હતા કે, તેમની પાસે જ્યાંસુધી પૈસા પહોંચતા ત્યાંસુધી તે કામ કરતા નહિ. જ્યારે તેમની પાસે પૈસા ખૂટે ત્યારે તે કામ કરતા અને તેના નાણાં પહોંચે ત્યાંસુધી બીજું કામ હાથ પર નહિ લેતા,

દિવસમાં એમનો દેહ પણ પડી ગયો. મરતી વખતે સ્વામીજીએ પોતાની સમીપનાં માણસોને જણાવેલું કે, "આ શરીરને અમદાવાદ લઇ જવું અને તેની વ્યવસ્થા કરવાનું કામ ભૂધરભક્તને સોંપવું." એ મુજબ સ્વામીજીના મૃતદેહને પાલખીમાં બેસાડી અમદાવાદ લાવવામાં આવ્યો. ભૂધર ભક્તે સ્વામીજીની ઇચ્છા મુજબ તેમના શરીરને, નદીકાંઠે એક ભેખડ કોરાવીને તેમાં ગુફા બનાવી તેમાં પધરાવ્યું હતું.

મૂંડિયા બાવાનો પરિચય

એક દિવસ ભૂધર ભક્તને ત્યાં ભજન થતું હતું, તેવામાં અચાનક ત્યાં મૂંડિયા બાવા આવી ચડયા. એ એબ્જાર ગામના વતની હતા અને ભૂધર ભક્ત જ્યારે દ્વારકાની યાત્રાએ ગયેલા ત્યારે એમની મુલાકાત થયેલી. ત્યાં મૂંડિયા બાવાએ ભક્તિભાવનો ઘણો સારો સત્સંગ કરાવેલો હોવાથી ભૂધર ભક્ત તેમને ભૂલી ગયા નહોતા. તેમને મળીને મૂંડિયા બાવા પોતે પોતાના મુકામ પર જવા તૈયાર થયા. એ વખતે તેમની સાથે બીજા આશરે ચાલીસેક સાધુ હતા અને એ સર્વેએ સપ્તઋષિના આરે મુકામ કરેલો હતો.

નીકળતી વખતે ભક્તે પોતાને ત્યાં ભિક્ષા લેવાની તેમને વિનંતિ કરી. ત્યારે મહારાજે જવાબ દીધો કે, "કોઇક દિવસ આવીશું." થોડી રસોઇ કરી ઘણા માણસોને જમાડવા એવી યોગસિદ્ધિનું આ મૂંડિયા સ્વામીને અભિમાન હતું.

તે પછી એક દિવસે મહારાજને ભિક્ષાનું આમંત્રણ આપી ભક્તે પોતાને ત્યાં દૂધપાક-પૂરીની રસોઇ કરાવી. આ મૂંડિયા બાવાનો એવો નિયમ હતો કે, તેઓ જ્યાં ભિક્ષા માટે જાય ત્યાં રસ્તામાં જે કોઈ સંત-સાધુ મળે તેમને પણ સાથે

મહારાજ પોતે પતરાં ઊંચકી ઊંચકીને આપતા હતા. એવામાં વીસ-પચીસ વર્ષની ઉંમરનો એક મજૂરનો છોકરો છાપરા ઉપરથી કામ કરતાં નીચે પડયો અને તેને એવું સખ્ત વાગ્યું કે તે બેભાન બની ગયો. સરયુદાસ મહારાજ તરતજ પોતાનું કામ પડતું મૂકી તેની પાસે દોડી ગયા. તેના શરીરે હાથ ફેરવી તેને ભાનમાં લાવવાના પ્રયત્ન કરવા માંડયા. ધીમે ધીમે તે કંઇક શુદ્ધિમાં આવ્યો એટલે તેને સરયુદાસ મહારાજ પોતાની ખાંધે ઉપાડી મંછારામને કારખાને પહોંચાડવા ગયા. ત્યાં તેનાં માબાપને બોલાવ્યાં; છતાં તેની સારવાર તો પોતે પોતાની જાતેજ કરવા લાગ્યા. ચાલુ ત્રણ દિવસ સુધી મહારાજે ભોજન લીધા સિવાય તેની સારવાર કર્યા કરી. ચોથે દિવસે છોકરાને કંઇક આરામ જણાયો ત્યારે તેને થોડીક રાબ પાઇને પછી મહારાજે ભોજન કર્યું. તેને સંપૂર્ણ આરામ થયો, ત્યાંસુધી મહારાજશ્રીએ પોતે જાતેજ તેની સેવા કરી હતી.

મહારાજ સરયુદાસના ગુરુભાઇ લાલદાસજી અમદાવાદમાં ધીકટિ આવેલા-રણછોડજીના મંદિર પાસે રહેતા હતા. મહારાજ હમેશાં ત્યાં જતા. માર્ગમાં કોઇ ગરીબ કે ભૂખ્યો માણસ મળી જાય, તો ગમે ત્યાંથી માગી લાવીને પણ તેમને ભોજન કરાવતા.

એક દિવસ રાતના ભૂધર ભક્તને ત્યાં મહારાજ ખાવાનું માગવા માટે આવ્યા. ભક્તે મહારાજને ઓળખ્યા ને કહ્યું: "અત્યારે શું ખાવાનું હોય?"

"જે હોય તે આપો, મારા દાદા માંદા છે." મહારાજે જણાવ્યું.

ભક્તે પૂછ્યું: "તે ક્યાં છે? મને બતાવો, હું આપી આવીશ."

બરાબરજ છે. એમ કરવાથી પ્રભુ પ્રસન્ન થશે."

× × × ×

એક દિવસ રાત્રે નવેક વાગ્યાના શુમારે મહારાજ સરયુદાસજી તથા સ્વામી સુરશ્યામજી, ભૂધર ભક્તને ઘેર આવ્યા. થોડીવાર ભક્તિવિષયક વાર્તાલાપ કર્યો પછી એક પ્રશ્ન ઊઠયો કે, "જ્ઞાનીને સ્વપ્નાવસ્થા પ્રાપ્ત થાય કે નહિ ?"

સુરશ્યામ મહારાજે જણાવ્યું કે, "જ્ઞાનીને પણ સ્વપ્નાવસ્થા પ્રાપ્ત થાય છે."

સરયુદાસ મહારાજે જણાવ્યું કે, "જ્ઞાનીને સ્વપ્નાવસ્થા હોય નહિ."

ભૂધર ભક્ત જણાવ્યું કે, "ત્રણ અવસ્થા તો જ્ઞાની અને અજ્ઞાની એ દરેકને હોય; માટે જ્ઞાનીને સ્વપ્નાવસ્થા પણ અવશ્ય પ્રાપ્ત થાયજ."

આથી સર્વના મનનું સમાધાન થયું અને ત્યાંથી સર્વ છૂટા પડયા.

મહાત્મા બમ્ભોળાનો પરિચય

એ સમયે દૂધેશ્વર–ચંદ્રભાગાના આરા ઉપર એક મહાત્મા રહેતા હતા. લોકો તેમને બમભોળા કહેતા. તેઓ પંચકેશ રાખતા અને ભિક્ષાવૃત્તિથી પોતાનો નિર્વાહ ચલાવતા. તે શહેરમાં જ્યારે ભિક્ષા માગવા નીકળતા ત્યારે છોકરાં બમ્ભોળાનો પોકાર કરીને તેમની પાછળ દોડતા અને મૂઠી મૂઠી દાર તેમના ભિક્ષાપાત્રમાં નાખતા. આ રીતે ભિક્ષામાં જેટલો દાર મળે તેટલા ઉપર તે નિર્વાહ ચલાવતા અને જે દિવસે કાંઈ ન મળે તે દિવસે ઉપવાસ કરી દેતા. મળેલા દારના ક્યારેક

વાત કરી અને કથામાં આવવા કહ્યું. ભૂધરભાઈ પોતાના મોટા પુત્ર ઉત્તમભાઈને સાથે લઈને કથામાં ગયા. કથામાં વિષયાકારવૃત્તિ ને વિવેકરૂપી સંન્યાસનો પ્રસંગ ચાલતો હતો. કથા કહેવાની મહારાજની ઢબ અનોખી હતી. સર્વે શ્રોતાજનોનાં મન એમની વાણીનું અમૃત પીતાં ધરાતાં નહોતાં.

કથાપ્રસંગ પૂરો થયા બાદ ભૂધરભાઈએ મહારાજને ભિક્ષા માટે પોતાને ત્યાં પધારવાનું આમંત્રણ આપ્યું. મહારાજે કહ્યું કેઃ "હું કોઈને ત્યાં જમવા જતો નથી." ભક્તે કહ્યું કે, "કોઈને ઘેર જવાનું નથી, પરંતુ વાડજ કાશ્મીરી મહાદેવમાં જવાનું છે." એ સાંભળી જયકૃષ્ણ મહારાજે ત્યાં આવવાનું કબૂલ કર્યું અને કહ્યું કે, "હું રવિવારે આવીશ; પરંતુ મારે માટે દૂધ લાવજો."

પછી રવિવારે સર્વે સત્સંગીઓ તથા બીજા આમંત્રિત વકીલ, બૅરિસ્ટરો ઇત્યાદિ મળી લગભગ સોએક માણસો ત્યાં આવ્યા હતા. શ્રીસરયુદાસજી, શિવાનંદજી, સુરશ્યામજી, ભજનાનંદજી, વગેરે મહાત્માઓ પણ પધાર્યા હતા. સમય થતાં જયકૃષ્ણ મહારાજ ત્યાં પધાર્યા એટલે ભૂધર ભક્ત તેમને લેવા માટે ઝાંપા સુધી સામા ગયા અને તેમને તેડી લાવ્યા.

જયકૃષ્ણ મહારાજે આત્માનંદ સ્વામીને નમસ્કાર કરી મહાદેવનાં દર્શન કર્યાં અને પછી નંદી પાસે બેઠા. ભક્તે તેમને જણાવ્યું કે, "આપ અંદર પધારો. આપને માટે આસન તૈયાર છે અને સર્વે આપની રાહ જુએ છે."

એ સાંભળી મહારાજ ઊઠીને પોતાના આસને ગયા તો ખરા, પરંતુ તેમની મુખમુદ્રા જોતાં એમ જણાયું કે, સાધુ મહાત્માઓ એમનો સત્કાર કરવા માટે દરવાજા સુધી સામા ન

પંડિતે કહ્યું કે, "મગની દાળનાં વડાં, તેલ-મરચાં વિના બનાવજો."

રસોઇ તૈયાર કરાવી ભૂધરભક્ત પંડિતજીને તેડવા ગયા. પંડિતજી તદ્દન નિરભિમાની હતા. તેઓ તરતજ તૈયાર થઇ ગયા અને પગે ચાલીને ભક્તની સાથે તેમને ત્યાં આવ્યા. ભોજનકાર્યથી પરવાર્યા પછી ભક્તે કહ્યું: "કોઇ કથા-પ્રસંગ સંભળાવો." એટલે પંડિતે ચિદ્‌ઘનાનંદ સ્વામીની ગીતા લીધી અને તેમાંથી 'ક્ષેત્રક્ષેત્રજ્ઞ વિભાગ યોગ' શરૂ કર્યો. સર્વે શ્રોતાજનો એકચિત્તે સાંભળવા લાગ્યા. પંડિતજીએ એ અધ્યાય ઘણીજ સારી રીતે કહી સંભળાવ્યો.

તે પછી ભૂધરભક્તની દૃષ્ટિ પંડિતજીની કામળી તરફ ગઇ તો તે ફાટેલી જોવામાં આવી. આથી ભક્તે એક નવી કામળી મંગાવી પંડિતજીને આપવા માંડી. પંડિતે આગ્રહપૂર્વક સ્વીકારવા ના પાડી, પરંતુ ભૂધર ભક્તે પણ માન્યું નહિ; આખરે પોતાની ફાટેલી કામળી ભક્તને આપી અને તેના બદલામાં નવી કામળી લેવા તેમણે કબૂલ કર્યું. ભક્તે એ વાત મંજૂર રાખી અને તેમને નવી કામળી આપી વિદાય આપી.

કીશનપ્યારીનો પરિચય

કીશનપ્યારી આગ્રામાં વસતાં હતાં અને ભૂધર ભક્તને ઘેર તારકરાણના સંચા સુધરાવવા આવતાં હતાં. તેઓ ઘણાંજ ભગવદ્‌પ્રેમી હતાં. પગે ઘૂઘરા બાંધી, હાથમાં મંજીરા લઇને અથવા તો ટોલક કે ખંજરી સાથે તે શ્રીકૃષ્ણની ગરબીઓ સુંદર રાગરાગણીમાં ગાતાં હતાં અને શ્રીકૃષ્ણના પ્રેમમાં તલ્લીન થઇ જતાં હતાં. તેઓ જ્યારે જ્યારે આવતા ત્યારે ત્યારે પંદર વીસ દિવસ રહેતાં અને સર્વેને તેમના ભજનોનો આનંદ

ભીનું શાક બનાવ્યું અને તેમની સામે રહેતા શા. પુંજારામ વનમાળીદાસે બાજરીનો રોટલો બનાવી આપ્યો અને એમ રસોઈ તૈયાર કરીને મહારાજને સારી રીતે જમાડયા.

એક વખત એ મહારાજ એક તૂમડું લઇને ભૂધર ભક્તને ઘેર આવ્યા અને કહ્યું કે, "આ તૂમડાનો હાલને હાલ મને તંબૂરો બનાવરાવી આપો. આજ રાત્રે મારે એજ તંબૂરાથી ભજન ગાવાં છે." ભક્તે તરતજ તેમની ઇચ્છા પ્રમાણે ગોઠવણ કરી દીધી. પછી એજ તંબૂરા વડે રાતના તેમણે ખૂબ પ્રેમથી પ્રીતમના મહિના તથા સાખીઓ ગાઈ. એ વખતે શ્રીરામ મહારાજ ત્યાં બેઠેલા હતા. મહાત્મા રામદાસનાં ભજન સાંભળી પરમહંસજી ખૂબ પ્રેમમાં આવી ગયા અને ઊભા થઇ નાચવા લાગ્યા. આખી રાત એ પ્રમાણે ભજનનો આનંદ કરી સવાર થતાં તેઓ પોતાની ગુફામાં જતા રહ્યા.

આ રામદાસ મહારાજ એકવડા બાંધાના અને સાડાસાત ફૂટ ઊંચા હતા. જ્યારે તેઓ સૂઇ રહેતા ત્યારે કહેતા કે, "બાવો કેટલો લાંબો છે તે જોઇ લેજો !" સૂતા પછી તેઓ લાંબો તાડ હોય એવા જણાતા હતા.

મહાત્મા ખુશાલદાસજીનો પરિચય

મહાત્મા ખુશાલદાસજી અમદાવાદ-શાહપુર-રંગીલા પોળમાં આવેલા શ્રીરાધાકૃષ્ણના મંદિરમાં રહેતા હતા. દરેક મહિનાની શુદિ નવમીને દિવસે એ મહાત્મા ભૂધર ભક્તને ત્યાં ભજનમાં પધારતા હતા.

મહાત્મા ખુશાલદાસ હડકાયાં કુતરાંની પરીક્ષા કરવામાં ઘણા પ્રવીણ હતા. જો કોઇને કૂતરું કરડયું હોય તો તે મહાત્મા પાસે જઇ તેમને પૂછતા કે, "બાપજી! આને કેવું

જ્યાં જ્યાં એમનાં ભજન થતાં, ત્યાં ત્યાં ભૂધરભાઈ પોતાના ઉત્તમભાઇને સાથે લઇને જતા. સ્વામી શિવાનંદ તો હંમેશાં એમનાં ભજનમાં હાજર હોયજ. કોઈ કોઇ વખત તો મહાત્મા સરયુદાસજી, સુરસ્યામજી તથા મનોહરભારતીજી પણ એમનાં ભજન સાંભળવા આવતા.

મહારાજ શ્રીકૃષ્ણાનંદજીનો પરિચય

શાહપુર દરવાજા બહાર આવેલી છોટાલાલની ધર્મશાળામાં કૃષ્ણાનંદજી આવીને ઊતર્યા હતા અને એજ ધર્મશાળામાં તેઓ કથા કહેતા હતા. તેમની સાથે બીજા પણ એક મહાત્મા હતા. તેમની કથામાં શ્રીસરયુદાસજી તથા બીજા પણ ઘણા સંત-મહાત્માઓ આવતા હતા. ભૂધર ભક્ત તો હમેશાં તેમની કથામાં જતા હતા. કથામાં તેઓ સરળ અને સચોટ દષ્ટાંતો કહેતા. તેમની વાણી પ્રભાવશાળી હતી. તેઓ શરીરે ઘણાજ પ્રચંડ અને હૃષ્ટપુષ્ટ હતા, હિંદી ભાષા બોલતા હતા અને કથા-વાર્તા પણ હિંદીમાંજ કરતા હતા. તેઓ વારંવાર એવો ઉપદેશ દેતા કે, "ડોલ-દોરી કૂવામા નાખવા છતાં ચાર આંગળ દોરી હાથમાં રાખવાથી પણ કૂવામાંથી ડોલ કાઢી શકાય છે; તેમ થોડું ભજન કરવાથી પણ સારો લાભ મેળવી શકાય છે. માટે થોડો સમય પણ ભજન-કીર્તનમાં ગાળવો જોઇએ."

આ મહારાજ પણ કોઇની પાસેથી પાઇ-પૈસો લેતા નહોતા. એ લગભગ સંવત ૧૯૫૫ માં થઇ ગયા.

ઉદાસી મહાત્માનો પરિચય

આ ઉદાસી મહારાજ કાંકરિયા તળાવ પાસે કથા કરતા હતા. એમની કથામાં શેઠ રણછોડભાઇ તથા તેમના પુત્ર માધુભાઇ પણ હાજરી આપતા, તેમજ બીજા અનેક સજ્જનો

ઠાકોર ભૂધર ભક્તને ઘેર આવતા અને સત્સંગ કરતા. દર અઠવાડિયે જેસિંગ ભક્તને ત્યાં ભજન થતાં, ત્યારે ભૂધર ભક્ત તેમને ત્યાં જતા અને ઘણાજ પ્રેમપૂર્વક ભજનોમાં ભાગ લેતા.

નોકરીની મુદત પૂરી થયા પછી જેસિંગ ભક્ત પેન્શન ઉપર ઊતરી પડયા. પેન્શનની જે રકમ એમને મળતી, તેનો ઉપયોગ તે ધર્માદાનાં કાર્યોમાં કરતા. સંવત ૧૯૫૦ ની સાલમાં ભૂધર ભક્ત પોતાના કુટુંબ સાથે જ્યારે યાત્રાએ ગયેલા, ત્યારે જેસિંગ ઠાકોર પણ તેમની સાથે ગયા હતા. એ સમયે તંબૂરો, ઢોલક, મંજીરા, કરતાલ વગેરે ભજનનાં સાધનો પણ તેમણે પોતાની સાથે રાખેલાં અને જે ગામમાં ઊતરતા, ત્યાં ભજનની ધૂન લગાવતા લગાવતા ગામમાં જતા અને રાત્રે પણ ધૂન મચાવતા. ત્યાર પછી એકાદ કલાક પુસ્તકોના વાચનમાં ગાળતા, પછી ભજનો ગાતા અને તે પછી આરામ લેતા. યાત્રાએ નીકળ્યા પછી ઘર સંબંધી કોઇ પણ પ્રકારની ચિંતા નહિ કરતાં, તે શાંતિથી પ્રભુભજનમાંજ આનંદપૂર્વક રહેતા હતા. મથુરામાં ગયા ત્યારે બિહારીલાલ કક્કડ નામના એક ભક્તસજ્જન મારફત મથુરાની ભક્તમંડળીઓને બોલાવી રાસમંડળ સાથે રસપૂર્વક ભજન કરતા. મથુરાથી પ્રયાગરાજ ગયા ત્યારે ત્યાં કુંભનો મેળો ભરાયલો તે પૂરો થવાની તૈયારીમાં હતો. દારાગંજમાં એક-બે વખત તેમણે ભજન પણ કરાવેલાં અને એમ ભગવદ્ભક્તિનો રસ લૂંટતા તેઓ ચૌદપંદર દિવસ ત્યાં રહેલા. ત્યાંથી કાશીપુરીમાં જઇ, શ્રીગોકુળચંદ્રમાજીના મંદિરમાં મુકામ કર્યો ને બીજે દિવસે રામનવમી હોવાથી નિરંજની અખાડામાં રસોઇ આપી. ત્યાંથી અયોધ્યા જઈ પાંચેક દિવસ રહ્યા અને સરયુ નદીના કિનારા ઉપર રહેતા એક મહાત્માની સાથે આનંદ ભોગવી ત્યાંથી હરદ્વાર ગયા. ત્યાં મનીષાનંદ નામના એક

મ્હાએ જણાવ્યું કે, એ સરગવાનો ગુંદર* હતો.

દવા ચોપડીને મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા તે ફરી પાછા જણાયાજ નહિ. તેમની ઘણી ઘણી તપાસ કરી, તોપણ પછી તેમની કાંઇ ભાળ મળી નહિ.

મહાત્મા ચિદ્દઘનાનંદજી સાથેનો પરિચય

આ મહાત્મા સાથે ભૂધર ભક્તને લગભગ સંવત ૧૯૫૩-માં પરિચય થયો હતો. શ્રીગજકર્ણ મહાદેવના મંદિરમાં તેઓ રહેતા હતા. ભૂધર ભક્ત ત્યાં મહાદેવનાં દર્શનાર્થે જતાં હતા અને મહાત્મા પાસે શ્રીમદ્ ભગવદ્ગીતાના અઢારમા અધ્યાયનો પાઠ કરીને ઘેર આવતા. સાથે સાથે શિવમહિમ્નસ્તોત્ર-નો પાઠ પણ કરતા અને તે પછી ભોજન લેતા.

મહાત્મા ચિદ્દઘનાનંદજી, ગુલાબબાઇના અન્નક્ષેત્રમાં ભોજન લેતા હતા; પરંતુ પાઠ-પૂજા આદિ નિત્યકર્મ કરતાં કરતાં તેમને ઘણું મોડું થઇ જતું; આથી અન્નક્ષેત્રમાં ભિક્ષા લેવા જતાં મોડું થતું તે અન્નક્ષેત્રના અધિપતિથી સહન થયું નહિ. તેથી તેણે એક દિવસ એમને કહી દીધું કે, "તમે મોડા આવો છો તેથી અમને ઘણીજ તકલીફ પડે છે; માટે હવેથી તમે આવશોજ નહિ."

મહાત્માએ જવાબ આપ્યો: "ભલે, જેવી આપની ઇચ્છા."

એમ કહીને તે દિવસથી એમણે ત્યાં જવાનું બંધ કર્યું અને કોપીન કાઢીને ફેંકી દીધું. ત્યારે અન્નક્ષેત્રનાં માલિક ગુલાબબાઇએ હસીને કહ્યું કે, "પશુઓ પણ વસ્ત્રને પારણ કરતાં નથી; માટે તમે આમાં વિશેષ શું કર્યું ?"

* દાતરડીના દર્દમાં ગાલની અંદર [illegible] પડે છે [illegible] સરગવાનો ગુંદર પાણી [illegible] [illegible]

ચાર જણાને ભજન કરતા જોઇ ત્યાંથી ચાલ્યા જવાને કહ્યું. વધુમાં તેમણે જણાવ્યું કે, "આ જંગલમાં હિંસક જાનવરોની ઘણી બીક છે, માટે તમારે અહીં રહેવું નહિ. તમે નહિ માનો તો પછી તમને હાથકડી પહેરાવી અહીંથી લઇ જવા પડશે." આટલી વાત સાંભળવા છતાં પેલા ચારમાંના કોઇએ તેમને કશો જવાબ આપ્યો નહિ અને ઘોડેસવારો ત્યાંથી ચાલ્યા ગયા.

બીજે દિવસે સાંજે પેલા ઘોડેસવારો પાછા આવ્યા અને ફરીથી તેમને એજ વાત જણાવી. છતાં તેમાંના કોઇએ કાંઇ જવાબ આપ્યો નહિ. આ વખતે તેમાંના એક જણે કહ્યું: "ભાઇ! અમને શું કામ હેરાન કરો છો? અમે પ્રભુસ્મરણ કરી રહ્યા છીએ અને જ્યારે પ્રભુ અમને મળશે ત્યારેજ અમે અહીંથી જવાના છીએ; તેમ કરતાં કદાપિ આ દેહ પડી જાય તોપણ પરવા નથી. પરંતુ અમે પ્રભુદર્શન કર્યા સિવાય પાછા જવાના નથી."

આ સાંભળી તે ઘોડેસવારોએ કહ્યું કે, "આવી રીતે તે કોઇ પ્રભુ મળતા હશે? જાઓ, અહીંથી ચાલ્યા જાઓ!"

ઘોડેસવારો કોઇ પણ પ્રકારે સમજ્યા નહિ, એટલે ચારે જણા ઊઠીને ત્યાંથી કરનાળી ક્ષેત્રમાં આવ્યા. પછી તેમાંના બે જણ અમદાવાદ ભૂધર ભક્તને ઘેર આવ્યા અને બાકીના બે બારોબાર જતા રહ્યા. અમદાવાદ આવ્યા ત્યારે એ બે જણા બિલકુલ બોલતા નહોતા. ભક્તે તેમને ઘણા ઘણા સમજાવ્યા અને અતિ આગ્રહપૂર્વક ભોજન કરવા બેસાડ્યા. આમ છતાં તેઓ મોઢેથી એક પણ શબ્દ બોલતા નહોતા. પછી ભક્તે તેમને બોલાવવાની યુક્તિ રચી. તેમણે પીવાનું પાણી માગ્યું એટલે ભક્તે તે આપવાની ના પાડી. આખરે તેઓ અકળાયા અને પછી મોઢેથી બોલીને તેમણે પાણી માગ્યું.

× × × ×

મનનમાં ગાળવા માંડયો. પછી તેમને કોઈ સંસાર-વ્યવહાર-નું કામકાજ પૂછવા આવતું નહિ. કોઈ ભૂલેચૂકે પૂછવા આવે તો પોતે જવાબ દેતા નહિ; **પરંતુ તેમને ઈશ્વરસ્મરણ કરવાનું કહેતા.** દરરોજ સવારમાં પોતે ગુરુગીતા, રામ-રક્ષા તથા શિવરક્ષાનો પાઠ કરતા અને તે પછીજ ભોજન લેતા. વચ્ચેવચ્ચે **શ્રીમદ્ ભગવદ્ગીતનો** પાઠ કરતા હતા. બપોરના સમયે પુરાણ વાંચતા અને સાંજે આત્મચિંતન માટે વેદાંતવિષયક જ્ઞાનના ગ્રંથો સાંભળતા.

હવે તેમનું શરીર પણ નરમ પડવા લાગ્યું; એ કોઇની દવા કરતા નહોતા. ફક્ત ચંગા મહારાજે બનાવી આપેલું એક વનસ્પતિનું તેલ માલિશ કરાવતા.

એક દિવસ પોતાના શરીરનો અંતિમકાળ નજીક આવ્યો જણાયો. તે દિવસે તે **શ્રીમદ્ ભગવદ્ગીતાનો**, પાઠ કરતા હતા અને **સરયુદાસ મહારાજ, મહાત્મા શિવાનંદ સુરસ્વામજી,** મનોભારતી તથા આત્મારામ જાડિયા વગેરે વીસેક સંતમહાત્માઓ ત્યાં બેઠેલા હતા ભૂધર ભક્ત વારંવાર પુસ્તક વાંચતા અને પાછા ભૂલી જતા હોવાથી વળી પાછું પહેલેથી શરૂ કરતા. એમ પાઠ કરતાં મધ્યાહ્નસમય થઈ ગયો. તેમણે ભોજન લીધેલું નહિ હોવાથી તેમના માતુશ્રી તેમની પાસે આવ્યાં અને ઠપકો આપી કહેવા લાગ્યાં કે, " આમ ભૂખ્યા ને ભૂખ્યા કયાં સુધી પાઠ કરશો ? હવે ભોજન કરી લો."

" લાવો ત્યારે, ખાજી બનાવી લાવો." ભક્તે જણાવ્યું. આ સાંભળી તરત ખાજી બનાવી આપી. તે જમ્યા પછી ... કહ્યું : " માજી ! હવે આ શરીરને રજા આપો, ... ચિઠ્ઠી આવી છે."

[illegible]

પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જો ને;
માહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જો ને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જો ને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જો ને.
રામઅમલમાં રાતામાતા, પૂરા પ્રેમી પરખે જો ને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની-દિન નિરખે જો ને."

ભજનો ગાતાં ગાતાં ભક્તના શબને દૂધેશ્વર લઈ જવામાં આવ્યું અને ત્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. ચિતાની આજુબાજુ પણ સર્વે ઉત્સાહપૂર્વક ભજનો ગાતા હતા. વાડજ–કાશ્મીરી મહાદેવમાં આત્માનંદ સ્વામીને પણ આ સમાચાર મોકલવામા આવેલા ત્યારે તેમણે જણાવેલું કે, "મારાથી ત્યાં આવી શકાશે નહિ; કારણ કે તેમને જોતાંજ મારું હૃદય કાબૂમાં નહિ રહે, માટે હું એક બીલીપત્ર આપું છું, તે લઈ જાઓ." અન્નક્ષેત્રના મહાત્માઓને સ્વામી આત્માનંદની આ વાત રુચિ નહિ, એટલે આગ્રહપૂર્વક તેમને શ્મશાનમાં બોલાવી લાવ્યા હતા.

પછી સ્નાનાદિથી પરવારીને ત્યાંથી બધા વિદાય થયા. અન્ન-[illegible]ના વખત થઇ ગયો હતો; એટલે સાધુઓને બરફી, પેંડા, દહીં, આદુ વગેરે મંગાવી જમાડવામાં આવ્યા.

યોગ્ય સમયે ભૂધર ભક્તની ઉત્તરક્રિયાનો સમારંભ કરવામાં આવ્યો. ચોમાસાના દિવસો હોવાથી જ્ઞાતિના આગેવાનોએ તથા ઉત્તમભાઇના કાકાએ પણ સમસ્ત જ્ઞાતિનું જમણવાર બંધ રાખવા જણાવ્યું. પરંતુ ઉત્તમભાઇનું મન માન્યું નહિ અને [illegible] કરવાનું નક્કી કર્યું.

નક્કી કરેલા દિવસે રસોઈ કરવાનો આરંભ કર્યો. એ વખતે આકાશ તો વાદળાંથી છવાયલું હતું અને ચોવીસ કલાકથી મુશળધાર વરસાદ ચાલુ હતો. તેથી બસો રૂપિયાના ખર્ચે રેલવે



[illegible]ાનકીદાસ મહારાજનું ટૂંક ચરિત્ર

[illegible]ામીશ્રી જાનકીદાસજી પવિત્ર કીર્તિવાળા, શાંતમૂર્તિ હતા. [illegible] જન્મસ્થાન વિષે (તેમની સેવામાં રહેનાર સંત શ્રીહીરા-[illegible] જણાવે છે કે, સિંધપ્રાંતના નગરપારકર પાસેના પાટણ[illegible]ાં તેમનો જન્મ થયો હતો.) તેમજ પૂર્વાશ્રમના નામ [illegible]ી કંઇ ચોક્કસ માહિતી મળી શકી નથી

[illegible]ામીજીએ નાની ઉંમરમાંજ સંસાર ત્યાગ કરેલો હતો. એક એક બ્રાહ્મણ કથા કરતા હતા તેમ [illegible]ની અનિત્યતાનો [illegible]ચાલી રહ્યો હતો. પૂર્વ[illegible]ના ફળરૂપે સત્ત્વ-[illegible] સ્વામીજીને સં-[illegible]પેલી હોવાથી, એ કથા[illegible] પામ્યો, ક્ષણભંગુર પ્રતીત [illegible]ાં અનાસ્થા ઉત્પન્ન [illegible] દેવા માંડ્યો અને [illegible]લાગ્યા, મૃત્યુને [illegible] થઈ ગયો આવી ચિત્તની [illegible] વિના ઉપ[illegible]ીને તેઓ ચાલી નીકળ્યા.

અવસ્થા[illegible]ને તેઓ હાલાર (કાઠિયાવાડ)માં પોતાના ગામ[illegible] આંબાલિયા ગામમાં વૈષ્ણવસંત મોરારદાસ-[illegible] અને ત્યાં [illegible]રામજી રહેતા હતા, તેમની પાસે [illegible] વિરક્ત વૈષ્ણવપંથની દીક્ષા લીધી. સ્વામીજીને સંગીત [illegible] ભજનમાં અધિક પ્રેમ હતો.

જળપાન માટેજ આવે છે. હું આપના શરણે આવ્યો છું અને વિશેષ તો પત્રમાં લખ્યું છે" એ સાંભળી પંડિતજીએ પત્રિકા વાંચી અને બોલ્યા કે, "આપની વિદ્યાધ્યયન કરવાની ઇચ્છા છે,તો ઘણી ખુશીથી અત્રે રહો; કેમકે આપ સુશીલ હોવાથી વિદ્યાને પાત્ર જણાઓ છો. મહંતજીએ પત્રમાં આપને વિદ્યા ભણાવવા માટે ઘણી ભલામણ લખી છે; પરંતુ ભલામણ તો અયોગ્ય બાળકને માટે સંભવે અને આપને તો જોતાંજ એવી ભલામણ કરવાની જરૂર રહેતી નથી." પછી પંડિતજીએ પૂછ્યું કે, આપનો અભ્યાસ ક્યાં સુધીનો છે? સ્વામીજી બોલ્યાઃ "હું મહિમ્ન તથા વિચારસાગર, વિષ્ણુસહસ્રનામ, શ્રીમદ્ ભગવદ્ગીતા અને સારસ્વતનો પાઠ કરી શકું છું." પંડિતજીએ કહ્યુંઃ "ત્યારે તો તમે અર્થ સહિત સારસ્વત વ્યાકરણ ભણો." એમ કહી બીજા શિષ્ય પાસે પુસ્તક મંગાવી પાઠ આપવો શરૂ કર્યો.

આ વખતે પંડિતજી પાસે સ્વામી જગતપુરીજી નામના એક સંત વિદ્યાધ્યયન કરતા હતા. તેઓ ઘણા વિરક્ત અને ઊંચી કોટિના સંત હતા; અને સ્વામીશ્રી જાનકીદાસજી સાથેજ છેવટ સુધી રહ્યા હતા.

કેટલાક વખત પછી પંડિત ચિદ્‌ઘનાનંદજીના ગુરુ વિદેહ-મુક્ત થવાથી તેમને કાશી જવું પડ્યું. તેમની સાથે સ્વામી જગતપુરીજી તથા જાનકીદાસજી પણ ગયા હતા. સ્વામીશ્રી જાનકીદાસજીએ જો કે પ્રથમ ગુરુ કરેલા હતા; તથાપિ તેમને વિદ્યાગુરુ ઉપર શ્રદ્ધા અધિક હોવાથી ચિદ્‌ઘનાનંદજી પાસે સંન્યસ્તદીક્ષા લીધી હતી. પંડિતજીએ તેમનું નામ બ્રહ્માનંદ રાખ્યું હતું, પરંતુ પહેલાંના ગુરુસ્થાનમાં તથા શિષ્યસેવકોમાં પહેલી અવસ્થાનું નામ જાનકીદાસ પ્રસિદ્ધ થઈ ગયેલું હોવાથી તેજ નામ કાયમ રહ્યું હતું. સ્વામીજીને પોતાને તો પહેલા નામથી

વેદાંતની ચર્ચા કરી હતી.

અંતે અંગ્રેજ પંડિતે પૂછેલું કે, "અમે પણ વિદ્યા ભણ્યા છીએ તો પણ આપના જેવી નિષ્ઠા અમારામાં કેમ નથી આવતી?" સ્વામીજી બોલ્યા કે, "ભાઇ! શ્રદ્ધાથી વિધિયુક્ત સંતપુરુષોનો સમાગમ કર્યા કરો અને તેમનાં વચનોમાં શ્રદ્ધા રાખી તેમના કહેવા મુજબ આચરણ કરો તો જરૂર આપ પણ અમારા જેવી નિષ્ઠાને પ્રાપ્ત કરશો. યત્ન કરવાથી દુનિયામાં કોઈ વસ્તુ દુર્લભ નથી. વાર્તાવિનોદમાં સંધ્યા થઈ ગઈ. સ્વામીજી પંડિત બાલાનંદજીની આજ્ઞા લઈ અસિઘાટ ઉપર ચાલ્યા ગયા અને બીજા સંતો પણ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

નડિયાદમાં શ્રીસંતરામ મહારાજના સુપ્રસિદ્ધ સ્થાનમાં બિરાજેલા શ્રીમણિરામજી તથા જુગતરામજી કેટલોક વખત સ્વામીજી સાથે વિદ્યાધ્યયનમાં તેમજ તીર્થાટનમાં રહ્યા હતા. તે બન્નેને સ્વામીજીનામાં અનન્ય શ્રદ્ધા ઊપજી હતી. એટલે સ્વામીજીને નડિયાદમાં રાખવાની અને તે દ્વારા નડિયાદવાસીઓને તેમજ મંદિરના સાધુઓને વિદ્યા તથા સત્સંગાદિનો લાભ અપાવવા તેઓ ઇચ્છતા હતા. સ્વામીજી તીર્થાટન પૂરું કરીને હાલમાં હરદ્વારમાં બિરાજે છે, એવા સમાચાર એક સંત મારફત તેમને મળ્યા. તેમણે એ વાત સંતરામ મહારાજની ગાદીના મહંત યોગીરાજ મુકુટરામજીને કહી યોગીરાજની પ્રેરણાથી તથા અન્ય ભક્તજનોની વિનંતિથી તેઓ બન્ને હરદ્વાર પહોંચ્યા. સ્વામીજી હરદ્વારમાં ગંગાજીના કિનારા પર બિરાજી ગંગાજીનું સ્તવન કરી રહ્યા હતા. એટલામાં સ્વામીજી! ૐ નમો નારાયણ! એવો શબ્દ સાંભળી ઊંચું જોયું તો આ બન્ને સંતોને જોયા અને સ્વામીજી બોલ્યા, "આવો, આવો, ક્યારે આવ્યા છો?" સ્વામીજીના ચરણનો સ્પર્શ કરી બન્ને સંતો બોલ્યા "આપના દર્શનાર્થે જ અહીં આવેલા છીએ.

ક્રિયા બંધ થઇ ગઇ. એટલે બધા ભક્તોને સમજાયું કે, હવે સ્વામીજીનું શરીર પંચતત્ત્વરૂપ થઇ જશે અને તેથી તેમણે અંતક્રિયાને માટે તૈયારી કરવા માંડી. સમાધિ લેવડાવવા સારુ ખાડો ખોદાવ્યો અને બીજી સામગ્રી તૈયાર કરાવી. તેમણે અંતિમ દર્શનનો લાભ લેવા શ્રદ્ધાળુઓનાં ટોળાં ભેગાં થઇ ગયાં. આ જોઇ સ્વામીજીએ હાથના સંકેતથી કહ્યું કે, "તમે બધા બહાર જાઓ અને થોડો વખત ઓરડી બંધ રાખો. એમ કર્યા બાદ કોણ જાણે સ્વામીજીએ કયું આસન કરીને શું ક્રિયા કરી કે થોડીવારમાં ૐકારનો ઉચ્ચાર કરતા સ્વામીજી બહાર આવતા દેખાયા. આ આશ્ચર્યઘટના જોઇ બધાં મનુષ્યો દિઙ્મૂઢ બની ગયાં અને તેમને દંડવત્ પ્રણામ કરવા લાગ્યાં.

ત્યાંથી શેઠ નારણભાઇ આગ્રહપૂર્વક સ્વામીજીને પેટલાદ લાવ્યા અને એક સુંદર સ્થાનમાં આસન આપી સર્વ વસ્તુઓનો પ્રબંધ કરી દીધો. તેમના સમાગમનો લાભ હંમેશ સત્સંગીઓ લેતા હતા. એક દિવસ શેઠ નારણભાઈની મુખમુદ્રા ઉદાસીન જોઇ સ્વામીજીએ પૂછ્યું કે, "તમારા મુખ ઉપરથી જણાય છે કે, તમારે કોઇ વસ્તુની ચિંતા રહે છે." શેઠે જવાબ આપ્યોઃ "પ્રભુ! અમે ગૃહસ્થાશ્રમી છીએ, તેમાં સર્વથા નિશ્ચિંત રહેવું કઠણ છે. મારે સૂતર રંગવાની મિલ છે, તેવી મિલ એક નવા વેપારીએ કાઢી છે. તે હરીફાઈમાં ખોટથી કામ કરે છે અને તેને અંગે અમારે પણ ખોટમાં કામ કરવું પડે છે. તો નફો ન મળે તેની ફિકર નહિ; પણ ખોટમાં કામ કેમ થાય અને તે પણ ક્યાં સુધી થાય! જેની ફિકર રહ્યા કરે છે." સ્વામીજીએ કહ્યુંઃ "આનો ઉપાય તો સરળ છે. તમે બધાં વેપારીઓ સમજીને અમુક નફો બાજુ રાખીને કામ કરો અને નફામાંથી દશાંશ ધર્માદા કરો તો તમારી ઉન્નતિ જરૂર થશે." એમની સલાહ પ્રમાણે કરવાથી તેઓ [illegible] [illegible]

જગતપુરીજી પણ ત્યાં એક શિષ્યને સાથે લઈને આવી પહોંચ્યા. આ પ્રમાણે ચારે સંતો પરસ્પર વિચારમાં અને શાસ્ત્રાભ્યાસમાં કાળ નિર્ગમન કરતા હતા. સાધુ હીરાપુરીજી નજીકનાં ગામડાંમાંથી અનાજ માગી લાવી રસોઈ બનાવતા અને રબારીનાં ઘરોમાંથી સ્વામીજી માટે દૂધ લાવતા હતા.

આ પ્રમાણે સ્વામીજી એકાંતમાં આનંદમાં દિવસો નિર્ગમન કરતા હતા. આ બાજુ સત્સંગીઓમાં સ્વામીજી ક્યાં છે એની તપાસ ચાલી રહી હતી. પેટલાદ, નડિયાદ, ભાદરણ વગેરેના સત્સંગીઓ અરસપરસ પૂછપરછ કરતા કે, સ્વામીજી ક્યાં છે? દરમિયાન દૈવયોગથી એવી ઘટના બની કે, મહુધાના એક ભક્ત બ્રાહ્મણ જેમણે સ્વામીજીના સમાગમનો લાભ પલોલમાં લીધો હતો, તેઓ કોઈ કાર્યને માટે નજીકના વાસણા ગામમાં ગયા. ત્યાં જઈને એ સત્સંગના વ્યસની બ્રાહ્મણે ત્યાંના માણસને પૂછ્યું કે, "આટલામાં કોઈ મહાત્મા રહે છે? કેમકે મારો એવો નિયમ છે કે, હું કોઈપણ મહાત્માનાં દર્શન કર્યા સિવાય ભોજન લેતો નથી." આવું સાંભળી એક જણે કહ્યું કે, "અહીંથી થોડે દૂર લોટેશ્વર મહાદેવનું મંદિર છે, ત્યાં છ-સાત માસથી ચાર મહાત્માઓ રહે છે." આ સાંભળીને બ્રાહ્મણને નિશ્ચય થયો કે, જરૂર તે સ્વામી શ્રીજાનકીદાસજી હશે તરતજ તે બ્રાહ્મણે ત્યાં જઈને જોયું તો ખરેખર, તેની ધારણા સાચી ઠરી!

તે બ્રાહ્મણ સ્વામીજીના ચરણોમાં પડી પ્રેમાશ્રુથી રૂદન કરવા લાગ્યો. સ્વામીજીએ બધા સત્સંગીઓની ખબર પૂછી. પછી બ્રાહ્મણે કહ્યું કે, "પ્રભુ! હવે બધાને જરૂર દર્શન આપવાં જોઈએ." બ્રાહ્મણે ત્યાંથી ફિર જઈ બીજા સત્સંગીઓને ખબર આપી. આથી જેમ જેમ સત્સંગીઓને ખબર મળતી ગઈ તેમ તેમ સ્વામીજીના દર્શને આવતા ગયા. આમ રોજ સત્સંગીઓની અવરજવર

એ હશે એમ સમજી મેં મકાનની બહાર કાઢવાનું કહ્યું હતું." સ્વામીજી બોલ્યા, "અમે પ્રથમથીજ વૃક્ષો નીચે રહેવાવાળા છીએ. આથી અમને કંઇ ખેદ થયો નથી." આ સાંભળી અધિકારી સ્વામીજીના ચરણોમાં પડ્યો અને કહેવા લાગ્યો કે, "ભલે આપ આ ધર્મશાળામાં આસન કરો, અમે વૃક્ષ નીચે રહીશું." પછી તેણે સિપાઇઓને આજ્ઞા કરી કે, "ઝાડ નીચે તંબૂ લગાવી દો." બધી વ્યવસ્થા કર્યા પછી તે અધિકારી સ્વામીજી પાસે આવીને બેઠા અને કહેવા લાગ્યા કે, "અમારા જેવી કોઇ સેવા બતાવો કે, જેથી અમે કૃતાર્થ થઇએ."

સ્વામીજીએ કહ્યું: "બધી સેવા તમારીજ છે; આ સાધુ ગામમાંથી માગી લાવે છે, જેથી અમારે બીજી કોઇ વસ્તુની અપેક્ષા નથી. પરંતુ જો આપ કરી શકો તો એક કામ છે અને તે એ કે, અહીં પારધિઓ આવે છે અને બંદૂકોથી જાનવરોને મારી નાખે છે; તેથી અમને બહુ ખેદ થાય છે. જો આપનાથી બની શકે તો આ મહાદેવની નજીકની ભૂમિમા જીવહિંસા બંધ થાય એવી વ્યવસ્થા કરો." અધિકારીએ કહ્યું કે, "એ કામ તો સહેલું છે. હમણાંજ થઇ જશે." એમ કહી સિપાઈને મોકલીને પાસેના ગામના માણસોને બોલાવ્યા અને હુકમ આપ્યો કે, "ઉત્કંઠેશ્વર મહાદેવની ઝાડીમાં બંદૂકથી અથવા બીજા કોઇપણ શસ્ત્રથી અથવા કૂતરાઓથી કોઇપણ જીવની હિંસા કરનાર ગુનાને પાત્ર ગણાશે." આ પ્રકારે સ્વામીજીની કૃપાથી આ વનમાં રહેતાં પ્રાણીઓની રક્ષા થઈ. તે અધિકારીએ સ્વામીજીને માટે એક બ્રાહ્મણ રસોઇઓ પોતાના તરફથી રાખી સ્વામીજી ત્યાં રહે ત્યાં સુધી ખાનપાનનો બંદોબસ્ત કર્યો હતો. આ જંગલમાં કેટલોક વખત રહ્યા બાદ સ્વામીજી સત્સંગીઓની વિનંતિથી કપડવંજમાં ચાતુર્માસ રહ્યા હતા; ત્યારબાદ નડિયાદમાં પધાર્યા હતા.

વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે." ભક્તોએ કહ્યું: "મહારાજ! આપના કંઠમાં કફનો શબ્દ થાય છે તે અન્તનું ચિહ્ન છે, અને તેથીજ અમને ધીરજ રહેતી નથી." સ્વામીજી બોલ્યાઃ "એ વાતની તો તમને ખબર નથી કે એ તો ૐનો ધ્વનિ થઈ રહ્યો છે. કફ તો જે લોકો આત્મસ્વરૂપને નથી ઓળખતા તેમના કંઠમાં બોલે છે." એમ કહી પોતે આત્મપંચક બોલવા લાગ્યા અને ૐકારનું ઉચ્ચારણ કરતાં કરતાં કારતક વદ ૬ ના સવારના અગિયાર વાગે શરીરને તજી દીધું. એક સંતે કહ્યું છે કેઃ-

साधूनां दर्शनं पुण्यं तीर्थभूता हि साधवः ।
तीर्थं फलति कालेन सद्यः साधुसमागमः ॥

સાધુ તો એક જંગમ તીર્થરૂપ હોઈ ઘણી જગ્યાએ વિચરણ કરી પોતાના રહેણીકરણીના દૃષ્ટાંતથી તેમજ ઉપદેશથી ઘણા જીવોનું કલ્યાણ કરે છે. આવા સંતમહાત્માઓનો સમાગમ પૂર્વનાં પુણ્યયોગે કરીને પ્રાપ્ત થાય છે.

સ્વામીજી આ ફાની દુનિયામાંથી સદ્‌ગત થયેલા છે; તોપણ એમનું જીવન અને ઉપદેશ તેમના સમાગમમાં આવનાર દરેકની દૃષ્ટિમાં હજી પણ જેવો ને તેવોજ તરવરી રહ્યો છે. એટલે આપણે એવા મહાત્માનાં જેટલાં ગુણગાન કરીએ તેટલાં ઓછાં છે. સર્વશક્તિમાન પરમાત્મા એમના આચારવિચાર અને ઉપદેશની છાપ આપણા હૃદય પર હંમેશને માટે અંકિત કરે એજ પ્રાર્થના છે.

सर्वेऽत्र सुखिनः संतु सर्वे संतु निरामयाः ।
सर्वे भद्राणि पश्यंतु मा कश्चिद् दुःखमाग् भवेत् ॥

સ્વામીજીની કેટલીક વિશિષ્ટતાઓ

સ્વામીજીએ કોઈ શિષ્ય બનાવ્યો નથી, તેમજ સંન્યાસ હોવા છતાં માન-મરના અધિપતિ થયા નથી પોતાને કનકકાન્તાનો

કેટલાંક ભજનો ઇત્યાદિ

પદ–રાગ ગોડી

(રાગ–નાથ કૈસે ગજ કો બંધ છુડાયો.)

કૌન કુટિલ ખલ કામી, મોસમ–(૨) ટેક૦
તુમ સેં કાહ છિપી કરુનાનિધિ,
તુમ ઉર અંતરજામી—મોસમ૦
ભરી ભરી ઉદર વિષયરસ પાવત,
જૈસે સૂકર ગ્રામી—મોસમ૦
જો તન દિયો તાહી બિસરાયો,
એસો નિમકહરામી—મોસમ૦
જહાં સતસંગ તહાં અતિ આલસ,
બિષયન સંગ બિસરામી—મોસમ૦
શ્રીહરિચરણ છાંડી ઔરન કી,
નિશદિન કરત ગુલામી—મોસમ૦
પાપી પતિત અધમ પરનિંદક,
સબ પતિતન મેં નામી—મોસમ૦



ચક્રવરતીને ભીખ મંગાવે, રંકને કરે રાય;
જળને ઠેકાણે વાલો થળ ચલાવે, થળ થાનક જળમાંય;
તરણાનો તો મેરુ રે, મેરુનો વ્હાલો તરણ કરે.—જેને૦
નેભાડામાંથી બળતાં ઉગાર્યાં, મંજારીનાં બાળ;
ટિટોડીનાં ઇંડાં ઉગાર્યાં, રાય થયા છો રખવાળ;
અંતરજામી આવ્યા રે, ધાયા પ્રભુ તેની પખે.—જેને૦
શીર ઉપર સીંચાણો ભમીયો, પારધી કરે તકાવ;
પારધીને પાયે વશિયર વળગ્યો, શીંચાણા શીર ઘાવ;
બાજ પડ્યો હેઠે રે, પંખીડાં તો ઊડ્યાં હખે.—જેને૦
ગજ કાતરણી લઇને બેઠા, દીનાનાથ દયાળ;
વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાનો રે, હરિ મારો હિંડે હકે.—જેને૦

પદ-ધૂન-ચાલ કેરવાની

હું રોઇ રોઇ અખિયાં રાતી કરું.
રાતી કરું ને ગાતી ફરું.—ટેક૦
અન્ય કોઇ મારી નજરે ન આવે.
વર તો ગિરિધારીને વરું—હું રોઇ૦
સેવા ને સમરણ એનુંજ નિશદિન.
હૃદયકમળમેં ધ્યાન ધરું—હું રોઇ૦
મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ.
ગંગાજમના નહાતી ફરું—હું રોઇ૦

નંદન વનના વહેળામાંથી,
લેતો હશે પરાણે રે-દીઠો૦

રેતી રાખ ને લાદ ઠેકાણે,
ગુણ અવગુણમાંહી ભેળે રે;
આત્મન જળ સીંચીને એમાં,
મૃત સ્વરૂપ ઉકેલે રે-દીઠો૦

દીવ્ય ખીલા પર ચાક ચડાવે,
પૂતળાં કરોડ બનાવે રે;
થા એવું કહેતાંની સાથે,
અણનમ ઘાટ ઉપજાવે રે-દીઠો૦

એ પૂતળાંને વળી આધિવ્યાધિરૂપે,
મોગરી વડે મઠેરે રે;
ટપટપ ટપટપ ટીપવા સાથે,
આશિષ નિજની વેરે રે-દીઠો૦

માત ઉદર નામે એક ભઠ્ઠી,
નવ માસ એને બાળે રે;
એ ભઠ્ઠીમાં પકવ બને સૌ,
માત હૂંફને બ્હાલે રે-દીઠો૦
ત્યાર પછી એ માનવ પૂતળાં,
માંડે પૃથ્વી પગલાં રે;

હૈ આશક ઔર માશુક જહાં,
વહાં શાહ વજીરી હય બાબા;
ના રોના હૈ, ના ધોના હૈ,
ના દર્દ અશીરી હૈ બાબા! –ફિર૦
દિનરાત બહારે એશ લીએ,
ઔર ઇશક જગીરી હૈ બાબા;
જો આશક હોવે સો જાને,
યહ ભેદ ફકીરી હૈ બાબા! –ફિર૦
હૈ ચાહ ફક્ત એક દિલબર કી,
ફિર ઔર કિસ કી ચાહ નહીં;
એક રાહ ઉસી મેં રખતે હૈં,
ફિર ઔર કિસી કી ચાહ નહીં.–ફિર૦
યહાં જીતના રંજોતર દુર હૈ,
દમ એક મે ભી આગાહ નહીં;
કુછ મરને કા અફસોસ નહીં,
કુછ જીને કી પરવાહ નહીં.–ફિર૦
કુછ જુલ્મ નહીં કુછ જોર નહીં,
કુછ પાપ નહીં ફરિયાદ નહીં;
કુછ કેદ નહીં કુછ બંદ નહીં,
કુછ સબર નહીં આઝાદ નહીં.–ફિર૦
શાગીર્દ નહીં ઉસ્તાદ નહીં,
વીરાન નહીં આબાદ નહીં;

હોઠાં મેં રાગ તમાશે કા,
ઔર ગત પર બજતી તાલી હૈ;
હરરોજ બસંત ઓર હોલી હૈ,
ઔર હરયેક રાત દિવાલી હૈ.–ફિર૦
હમ ચાકર જીસકે હુસ્ન કે હૈં,
વોહ દિલબર સબ સેં આલા હૈ;
ઉસને હી હમકો જીબ ખશા,
ઉસને હી હમકો પાલા હૈ.–ફિર૦
દિલ અપના ભોલા ભાલા હૈ,
ઔ ઇશ્ક બડા મતવાલા હૈ;
ક્યા કહિયેં ઔર નઝીર આગેં,
અબ કૌન સમજનેવાલા હૈ.–ફિર૦

૫૨ રાગ આશાવરીની ચોપાઈ

ભક્તિ એવી રે ભાઈ એવી. જેમ તરસ્યાં ને પાણી જેવી;
એક ગોધન ચરવાને જાય. એની સુરતા વાછરડાં માંય;
ચરાંગ ફરતું ને ગોરિશ ચરતું.
એવું હરિચરણે ચિત્ત ધરવું—ભક્તિ૦
એક યુવતી જળ ભરવાને જાય.
સામી સખીઓથી વાતો થાય;
માથે બેડું ને લિયે તાળી. મુખ હસે છે વારી વારી;
બેડું નિતારી નથી રે વીસરવું.
એવું હરિચરણે ચિત્ત ધરવું—ભક્તિ૦

ભજન

ભજન કર ભવસિંધુ તરવા (૨-)ટેક.
ખોવા જગત જંજાળ જાળમાં. ભટકે શું કરવા-ભજન
ભક્તિનાવ ગ્રહી લે પ્રાણી. સદ્દ ચડાવી થા મુકાને
પાર ઊતરવા ભજન
વૃથા ન જાય હરિનામ લીધું, ભક્તિને વશ છે દયાસિંધુ
સહાય જો કરવા-ભજન
બાઈ મીરાં કહે. પ્રભુ ગીરધરના ગુણ
ચરણ ચિત્ત ધરવા ભજન

ભજન

વારે વારે કહું મારા દિલડાની વાત.
જાડેજા કરી લે ભલાયું થોડા વહુણા દે જેસલજી. ટે
હેડ ખેડતો મેં તો હાલીને માર્યો,
પાદર લૂંટી પાણિયારી કાઠીરાણી પાપ પ્રકાશો-વારે
ચોવીસ વરસ સુધી મેં ચોરિયું કીધી.
અમારા અવગુણનો નહિ પાર;
કાઠીરાણી પાપ પ્રકાશો ધણી આગળે-વારે
આવી આવી અતિથિની જમાત જાડેજા,
તેમાં ને સાયબો આવિયો;
અવર રાજાને લાંબી સીંગ જાડેજા-વારે
સાયબાને કસ્તૂરી કેવરો રે,
જેસલજી બોલિયા તોરલ કાઠીરાણી જાડેજા,
ક્યા તે પીર હુંઠી પાખંડી રે. વારે

ભજન

ધ્યાન ધણી કેરું ધરવું રે, બીજું મારે શું કરવું;
શું કરવું રે સુંદરશ્યામ, બીજાને મારે શું કરવું.
નિત્ય ઊઠીને અમે નાઈ એ ધોઇએ;
ધ્યાન કેનું ધરીએ રે—બીજું૦
સંસારસાગર મહાજળ ભરિયોને વહાલા,
તારા ભરૂસે અમે તરિયે રે.—બીજું૦
સાધુજનને જમાડીને રે વહાલા,
જૂઠું વધે તે આપણ જમિયે રે.—બીજું૦
વૃન્દાવનમાં રાસ રચ્યો રે વહાલા,
રાસમંડળ નો અમે રમિયેરે.—બીજું૦
હીર ને ચીર મને કામ ન આવે વહાલા.
ભગવાં પહેરીને અમે ભમિયે રે.—બીજું૦
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર
ચરણકમળ ચિત્ત ધરિયે રે.—બીજું૦

અખા ભગતના છપ્પા

તિલક કરતાં ત્રેપન થયાં,
જપમાળાનાં નાકાં ગયાં;
તીરથ ફરી ફરી થાકા ચર્ણ,
તોય ન પહોંચ્યા હરિને શર્ણ;
કથા સુણી સુણી ફૂટ્યા કાન,
અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

એક મૂરખને એવી ટેવ,
પથ્થર એટલા પૂજે દેવ;
પાણી દેખી કરે સ્નાન,
તુલસી દેખી તોડે પાન;
એ તો અખા બહુ ઉત્પાત,
ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત!

*

આંધળો સસરો ને સણગટ વહુ,
એમ કથા સુણવા ચાલ્યું સહુ;
કહ્યું કાંઈ ને સમજ્યાં કશું,
આંખનું કાજળ ગાલે ઘસ્યું;
ઊંડો કૂવો ને ફાટી બોખ,
શીખ્યું સાંભળ્યું સર્વે ફોક.

*

ગુરુ થઈ બેઠો શેનો સાધ,
સ્વામીપણાની વળગી વ્યાધ;
ને પીડાથી દુખિયો થયો,
રોગ કરાર અનુભવથી ગયો;
વાચકજાળમાં ગૂંચવી મરે,
અખા અજ્ઞાનીનું કહ્યું કેમ કરે!

*

દેહાભિમાન હતું પાશેર,
વિદ્યા ભણતાં વાધ્યું શેર;
ચરચા વદતાં તોલું થયો,
ગુરુ થયો ત્યાં મણમાં ગયો;

અખા એમ હલકાથી ભારે હોય,
આત્મજ્ઞાન મૂળગું તે ખોય.

*

જ્યાં જોઈએ ત્યાં કૂડે કૂડ,
સામેસામાં બેઠાં ઘૂડ;
કોઈ આવી વાત સૂરજની કરે,
તે આગળ લઈ ચાંચ જ ધરે;
અમારે હજાર વર્ષ અંધારે ગયાં,
તમે આવાં ડાહ્યાં ક્યાંથી થયાં;
અખા મોટાની તો એવી જાણ,
મૂકી હીરો ઉપાડ્યો પાણ.

*

મૂડી વણુ કંઈ મહીપતિ વહ્યા,
મૂડી વણુ કંઈ લોક જ રહ્યા;
મૂડી વણુ કંઈ કહાવે મહંત.
મૂડી વણુ કંઈ ભેખ અનંત.
મૂડી વણુ કંઈ ધનવંત ઘણા.
હીરા માણેકની નહીં કંઈ મણા;
અખા રહેણી આંક લખ્યો નહિ એક.
એમ એકડા વહોણાં મીંડાં અનેક.

*

વાજું હું તમો વજાવણહાર.
તે વાજું શાને ધરે અહંકાર;
તે જોતાં સર્વ તમારો કામ.
આ અછતાનું અછતું નામ;

ધન ધન વાળું ધણી કર થયે,
અખા આસુરી કર નવ આવણું

નથી વાંક વિશ્વંભર તણો,
જે કહીએ તે વાંક આપ
જેમ કોઈ ભોજન જમાડવા કરે,
ત્યાં રીસાણો તે રીસે
પૂર્ણાનંદ પિરસનારો રહે,
અખા અભાગિયાને કોણ ક

राम ही राम

(લેખકઃ—શ્રી સુન્દરદાસજી)

બૈઠત રામ હિ ઊઠત રામ હિ,
બોલત રામ હિ રામ રહ્યો
જીમત રામ હિ પીવત રામ હિ,
ધીમત રામ હિ રામ ગહ્યો
જાગત રામ હિ સોવત રામ હિ,
જોવત રામ હિ રામ લહ્યો
દેતહુ રામ હિ લેત હુ રામ હિ,
સુન્દર રામ હિ રામ કહ્યો ૬
શ્રોત્રહુ રામ હિ નેત્ર હુ રામ હિ,
બક્ત્ર હુ રામ હિ રામ હિ ગાજૈ:

સીસહુ રામ હિ હાથ હુ રામ હિ,
પાવ હુ રામ હિ રામ હિ સાજે,
પેટહુ રામ હિ પીઠહુ રામ હિ,
રોમહુ રામ હિ રામ હિ બાજે.
અન્તર રામ નિરન્તર રામ હિ,
સુન્દર રામ હિ રામ બિરાજે.

("કલ્યાણ" માસિકના એક અંકમાંથી)

ગઝલ

(૧)

ક્યા ઇલ્મ ઉન્હોંને સીખ લિયે,
જો બિન લીખે કો બાંચે હૈં;
ઔર બાત નહીં મુહસેં નિકલે.
બિન હોંઠ હિલાયે જાંચે હૈં.

દિલ ઉનકે તાર સિતારોં કે.
તન ઉનકે તબલ તમાંચે હૈં;
મુંહ ચંગ જબાં દિલ સારંગી.
પા ઘુંઘરૂ હાથ કમાંચે હૈં.
હૈ રાગ ઉન્હીં કે રંગ ભરે.
ઔ ભાવ ઉન્હીં કે સાંચે હૈં;

જો બે-ગત બે-સુરતાલ હુએ.
બિન તાલ પખાવજ નાચે હૈં.

(૨)

જબ હાથ કો ધોયા હાથોં સે.
જબ હાથ લગે થિર કાને કોઃ
ઔર પાંવ કો ખીંચા પાવોં સે.
ઔર પાંવ લગે ગત પાને કો.
જબ આંખ ઉઠાઈ હસ્તી સે.
જબ નયન લગે મટકાને કો;
સબ કાજ કહે સબ નાચ નચે.
ઉસ રસિયા છૈલ રિઝાને કો.
હૈં રાગ ઉન્હી કે રંગ ભરે.
ઔ ભાવ ઉન્હીં કે સાંચે હૈંઃ
જો બે ગત બે-સુરતાલ હુએ.
બિન તાલ પખાવજ નાચે હૈં.

(૩)

થા જિસકી ખાતિર નાચ કીયા.
જબ મૂરત ઉસકી આય ગઈ;
કહીં આપ કહા કહીં નાચ કહા.
ઔર તાન કહીં લહરાય ગઈ.
જબ છૈલ-છબીલે સુંદર કી.
છબિ નૈનાં ભિતર છાઈ ગઈ;
એક મૂરછા ગતિ સી આય ગઈ.
ઔર જ્યોત મેં જ્યોત સમાય ગઈ.

હૈ રાગ ઉન્હી કે રંગ ભરે,
ઔ ભાવ ઉન્હી કે સાંચે હૈં;
જો બે-ગત બે-સુરતાલ હુએ,
બિન તાલ પખાવજ નાચે હૈં.

(૪)

સબ હોશ બદન કા દૂર હુઆ,
જબ ગત પર આ મિરદંગ બજી;
તન ભંગ હુઆ દિલ દંગ હુઆ,
સબ આન ગઇ બે આન સજી.
યહ નાચા કૌન નજર અબ યોં,
ઔર કીસને દેખા નાચ અજી;
જબ બૂંદ મિલી જા દરિયા મેં,
ઇસ તાન કા આખિર નિકલાજી.
હૈં રાગ ઉન્હી કે રંગ ભરે,
ઔ ભાવ ઉન્હી કે સાંચે હૈં;
જો બે-ગત બે-સુરતાલ હુએ,
બિન તાલ પખાવજ નાચે હૈં.

ગઝલ

હમને જે ઇશ્ક કે માને, હમન કો દીલને ક્યા હૈં;
નહીં કુછ માલ કી પરવાહ, ધીગી કી ચિનને ક્યા હૈ
હમ કોઈ શાહ સ્માને હૈં, તીના હું ખદ્દ માને હૈં;
હમન આગાહ દિવાને હૈં, હમન કો ઇજ્જતને ક્યા હૈ

કમર ટોલે વછગાં કે. ખટક બખ્તર શરીરાં કે;
હમન એસે ફકીરાં કો. છબીલી નામ તેં ક્યા હૈ.
હમન દિન-રૈન જલતેં હૈં. કદા બિન તેલ નલતે હૈં;
આબ બિન લોન ગલતે હૈં. હમન કો અસર તે ક્યા હૈ.
ખાને કો રૂખી રોટી બસ. પીને કો એક લોટી બસ;
બિલસ ભરકી લંગોટી બસ. હમન કો લીજત ક્યા હૈ.

ગઝલ

હમ ન આશક દિવાને હૈં. હમન કો હોશિયારી ક્યા;
રહે આઝાદ હો જગ મેં. હમન દુનિયાં સે યારી ક્યા.
જગત સબ નામ અપને કો. બહુત સા સીર પટકાતા હૈં
હમન ગુમ નામ આલમ હૈં. હમન કો હોશિયારી ક્યા
જો બિછે કહું પિયારે સેં. વો દર દર ભટકતે ફિરતે હૈં;
હમારા યાર હમસન હૈં. હમન કો બેકરારી ક્યા.
ન પલ બીછેડ પિયા હમ સેં. ન બીછડે હમ પિયારે સેં;
જહાં યોં પ્રીત લાગી હૈં, તહાં ફિર ચિંતદારી ક્યા.
હુએ આઝાદ ઔં ફારગ. ગરૂરી દાર સબ દિલ સેં;
જો ચલના રાહ નાજુક હૈ. હમન કો બોજ ભારી ક્યા

મત દિનરાત રોતે હૈં, કિ ગમ સે જાન ખોતે હૈં;
ફુલોં કી સેજ સોતે હૈં, બિરહ સે હમ અકાને હૈં.
તજી ખીજમત અમીરી કી, પાઈ લીજત ફકીરી કી;
ચડે કીસ્તી સબૂરી કી, ફકર કે યે મકાને હૈં.
હમન એક યાર હૈ જાની, પિયા હરિ નામ કા પાની;
કભી નહિ હોએંગે ફાની, વલી રામે સમાને હૈં.

સંત તુલસીદાસની સાખીઓ

સબ ધરતી કાગજ કરૂં, લેખન સબ બનરાય;
સમુદ્ર સબ સ્યાહી કરૂં, હરિગુન લીખ્યા ન જાય.

એક ઘડી આધી ઘડી, આધી મેં પુનિ આધ;
તુલસી સંગત સાધુ કી, કટે કોટિ અપરાધ.

દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટ મેં પ્રાન.

પ્રારબ્ધ પહિલે બની, પીછે બના શરીર;
તુલસી યહ આશ્ચર્ય હૈ, મન નહિ માને ધીર.

જીવ જીવ કે આસરે, જીવ કરત હૈ રાજ;
તુલસી રઘુવર આસરે, ક્યું બીગરેગો કાજ.

ગોધન ગજધન બાજીધન, ઔર રતનધન ખાન
જો આવે શ્રીરામ ધન, સબ ધન ધૂલ સમાન

મોતી કણ મોંઘા કિયા, સોંઘા કિયા અનાજ;
તુલસી તબ મેં જાનીયો, બડો ગરીબનિવાજ.

કામ પિયારી નારી જ્યું, લોભી પિયારો દામ;
એસે કબહીં લાગ હો, તુલસી કે મન રામ.

અરબ ખરબ લોંધન મિલે, ઉદય અસ્ત લો રાજ
તુલસી હરિભક્તિ બિના, ચારો વર્ણ ચમાર.

કાહું કો ધનધામ હૈ, કાહું કો પરિવાર;
તુલસી મો સમ દીન કું, સીતારામ આધાર.

સીતાપતિ રઘુનાથજી, તુમ લગ મેરી દૌર;
ઐસે કૌઆ ઝાઝ કા, ચલ ન સકત કછુ ઔર.

નહીં વિદ્યા નહીં બાહુબલ, નહીં ખરચન કો દામ;
તુલસી મો સમ પતિત કી, તુમ પતિ રાખો રામ.

એક ભરોસો એક બલ, એક આશ વિશ્વાસ;
સ્વાતિબુંદ રઘુનાથ હૈ, ચાતક તુલસીદાસ.

સંત કબીરની સાખીઓ

કહે કબીર કમાલ કું, દો બાતાં લિખ લે:
કર સાહેબ કી બંદગી, ભૂખે કું કુછ દે.

ચક્કી ચલતી દેખ કે, દિયા કબીરા રોય:
દો પટ બીચ આય કે, સાબિત રહા ન કોય.

કબીર કોઠી કાંઠ થી, દહુ દિસ લાગી આગ;
પંડિત પંડિત સબ મુએ. મૂરખ ઉગરે ભાગ.

ચલતી ચક્કી દેખ કે, દિયા કબીરા રોઇ;
દોઉ પટ ભીંતર આય કે. સાબુત રહા ન કોઇ.

ધન દીયે ધન ના ઘટે, નદી ઘટે નહિ નીર;
અપની આંખે દેખ લો. યું કથ કહે કબીર.

કબીર તાસું પ્રીત કર, જા કો ઠાકુર રામ;
પંડિત રાજે ભૂપતિ આવહીં કૌને કામ.

કબીર કુકર રામ કા. મોતિયા મેરો નાઉં;
ચલે હમારે જેવરી, જહાં ખીંચે તહાં જાઉં.

ના હમ કિયા ન કરહીંગે, ના કરી શકે શરીર;
જો કછુ કિયા સો હરિ કિયા, ભયા કબીર કબીર.

રામ પદારથ પાઇ કે, કબીરા ગાંઠ ન ખોલ;
નહીં પટ્ટન નહીં પારખું, નહીં ગાહન નહીં મોલ.

જૂન બૂઝ જડ હો રહે. બલ તજી નિરબલ હોય;
કહે કબીર તા દાસ કું, ગાંજી સકે નહિ કોય.

કબીર સબ તેં હમ બૂરે. હમ તજી ભલો સબ કોઈ;
જીન એસા કર બૂઝિયા. મીત હમારા સોઈ,

કબીર મન નિરમલ ભયો. જૈસા ગંગાનીર;
પાછે લાગે હરિ ફિરે. કહે કબીર કબીર.

તીરથ નાહે એક ફલ, સંત મિલે ફલ ચાર;
સતગુરુ મિલે અનેક ફલ, કહે કબીર બિચાર.

કબીર સોઇ મુખ ધન્ય હૈ, જા મુખ કહિયે રામ;
દેહ કીસકી બાપુરી, પવિત્ર હોવે નામ.

કબીર તાસું પ્રીત કર, જા કો ઠાકુર રામ;
પંડિત રાજે ભૂપતિ, આવહીં કૌને કામ.

હિંદુ ભલે રામ કહિ, મુસલમાન ખુદાય;
કબીર સાઈ જન નિર્મલા, દોઉ નિકટ ન જાય.

હિંદુ ધ્યાવે દેહરા, મુસલમાન મસીત;
કબીર ધ્યાવે તાસુ કો, જહાં દોનુ કી પરતીત.

રાખે વ્રત એકાદશી, કરે અન્ન કો ત્યાગ;
ભાંગ તમાકુ ના તજે, કહે કબીર અભાગ.

હરિજન કો સાદે નહીં, હુક્કા હાથ કે માંહીં;
કહે કબીર રામજન, હુક્કા પીવે નાહીં.

ગુરુ નાનકની સાખીઓ

પતિત ઉદ્ધારન ભય હરન, હરિ અનાથ કે નાથ;
કહુ નાનક તિહિં જાનિ લે, સદા બસત તુમ સાથ.

તન, મન, ધન સંપત સુખ દિયો, અરુ જિહ નીકે ધામ;
કહુ નાનક સુન રે મના, સિમરત કાહેં ન રામ.

નાનક જહાં જહાં મેં ફિર્યા, તહાં તહાં સચ્ચા સે
જહાં દેખા તહાં એક હૈ, ગુરુ મુખ પરગટ હોઇ

યતન બહુત મેં કરી રીયો, મીટ્યો ન મન કો મ
દુરમતિ સ્યોં નાનક ફસ્યો, રાખી લેહુ ભગવાન

બલ છૂટક્યો બંધન પર્યો. કછુ ન હોત ઉપાઇ
કહુ નાનક અબ ઓટ હરી. ગજ જ્યોં હોહુ સહાઇ

ગુણ ગોવિંદ ગાયો નહીં, જન્મ અકારત કીન;
કહુ નાનક હરિ ભજ મના, જહિં બિધિ જલ કો મીં

સબ સુખદાતા રામ હૈ. દૂસર નાહીં કોઇ,
કહુ નાનક સુન રે મના. તિહિં સિમરત ગતિ હોઇ

સુખ દુઃખ જીહ પર સે નહીં, લોભ મોહ અભિમાન,
કહુ નાનક સુન રે મના. સો મૂરતિ ભગવાન.

સ્તુતિ નિંદા નહીં જી હીં. કંચન લોહ પમાન;
કહુ નાનક સુન રે મના. મુક્તિ તાહીં તે જાન.

હરખ શોક જા કે નહીં, વૈરી મિત્ર સમાન;
કહુ નાનક સુન રે મના, મુક્તિ તાહીં તે જાન.

સ્વામી કો ગૃહ જ્યોં સદા. સ્વાન તજત નહીં નીત;
નાનક યહ વિધ હરિ ભજો. એક મંન એક ચિત્ત.

અન્ય સંતોની સાખીઓ

વિનવત હું કર જોરી કે, સુનિયો કૃપાનિધાન;
સંતસંગત સુખ દિજિયો, દયા ગરીબી દાન.
સુરત કરો મુજ સાંઇયાં, હમ હૈ ભજવલ માંહીં;
આપેહીં વહી જાએંગે, જો નહીં પકરો બાંહી.

અવગુણ મેરે હૈ પ્રભુ, બખશો ગરીબનિવાજ;
હો તો પૂત કપૂત હો, તુમ પિતા કો લાજ.
અવગુન કિયે તો બહુ કિયે, કરત ન કિયા બિચાર;
ભાવે બંદા બખશીયે, ભાવે ગરદન માર.
સાંઇ તેરે બહુત ગુણ, અવગુણ કોઇ નાહીં;
જો દિલ ખોજું આપના, સબ અવગુણ મોહિ માંહીં.
અંતરજામી એક તું, આતમ કે આધાર;
જો તુમ છોડો સાથ કો, કૌન ઉતારે પાર!
સાહેબ તુમહીં દયાલ હો, તુમ લગ મેરી દૌર;
જૈસે કાગ જહાજ કો, સૂઝે ઔર ન ઠૌર.
જિનકો સાંઇ રંગ દે, કબહું ન હોય કુરંગ;
દીન દીન વાણી આગરી, ચઢે સવાયા રંગ.
સાંઇ તુજસેં બાહેર, કૌડી મોલ બિકાય;
જાકે સિરપર તું ધની, લાખોં મોલ બિકાય.
રામનામ રટતે રહો, જબ લગ ઘટ મેં પ્રાન;
કબહુ દીન દયાલ કે, ભનક પડેગી કાન.

રામનામ જપતે રહો, ધરે રહો મન ધીર;
કબહુક કાજ સુધારહીં, કૃપાસિંધુ રઘુબીર.

પ્રેમ છિપાયા ના છિપે, જા ઘટ પરગટ હોય;
મુખ સેં બોલે નહિ નબે, નયન દેત હૈ રોય.

પડે રહો દરબાર મેં, ધકા ધણી કા ખાય;
કબુંક લહેર દરિયાવ કી, દુઃખ દારિદર જાય.

મો મેં ગુણ કછુ હૈ નહીં, તુમ હો ગુણ કે જહાજ;
ગુણ અવગુણ ન વિચારિયેં, બાંહ ગ્રહે કી લાજ.

મૈં અપરાધી જનમ કા, નખશિખ ભરા વિકાર;
તુમ દાતા દુઃખ ભંજના, મેરી કરો સંભાર.

કયા મુખ લે બિનતી કરૂં, આવત લજ્જા મોઇ;
તુજ દેખત ઔગુન કરૂં, કૈસે ભાઉં તોઇ.

તું તું કરતા તું ભયા, મુજ મેં રહી ન હું;
વારી તેરે નામ પર, જીત દેખું તીત તું.

હમસે તુમ કો બહુત હૈ, તુમ સેં હમ કો એક;
કમલન કો રવિ એક હૈ, રવિ કો કમલ અનેક.

બલ હોવે બંધન છૂટે, સબ કછુ હોત ઉપાય;
અબ કછુ તુમરે હાથ મેં, તુમહીં હોહું સહાય.

કરની બાપુરી કયા કરે, જો રામ ન હોઇ સહાઇ;
જેહ જેહ ડાલી પગ ધરે, સોઇ નમી નમી જાઇ.

વારૂં હરિ કે નામ પર, કીયા હરિ કા લોન;
જીસે ચલાવે પંથ તું, તીસે ચલાવે કોન.

જો કછુ કિયા સો તુમ કિયા, મૈં કછુ કિયા નહીં;
કહું કહીં જો મૈં કિયા, તુમ હીં થે મુજ માંહીં.

મેરા મુજ મેં કુછ નહીં, જો કુછ હૈ સો તેરા;
તેરા તુજ કો સોંપતે, કયા લાગત હે મેરા.

જો તુમ સમરથ સાંઇયા, દૃઢ કરી પકડો બાંહ;
ધુરથી લેઇ પોચાવ હું, મત છાંડો મધ્ય માંહ.

ઇત કૂવા ઉત વાવડી, ઇત ઉત થાહ અથાહ;
દોઉ દિશા હૈ દોહલી, સમરથ પાર લગાહ.

તેરે સેં સબ હોત હૈ, મેરે સેં કુછ નાહીં;
રાઇ સેં પરબત કરે, રાઇ પરબત માંહીં.

કાલ કરંતા આજ કર, આજ કરે સાંઝ હાલ;
પાછે કછુ ન હોઇગા, જો શીર આયા કાલ.

અષ્ટ સિધ નવ નિધ કી, ઉર મેં લેશ ન આશ;
મુક્ત કહે નાહીં સંત કું, મગર મિલે અવિનાશ.

ગર્ભવાસ મેં જન રખ્યા, દે દે અમૃત આહાર;
મુક્ત કહે તાકું ભજો, વિશ્વંભર કિરતાર.

પાંચમાના નભ જાનિયે, હરિ મેં લાગે મન;
રાત દિન નહીં ભૂલિયે, જ્યોં કૃપીન કો ધન.

આબ ગઇ આદર ગયા, નયનન ગયા સનેહ;
યે તીનોં તબહી ગયે, જબી કહા કછુ દેહ.

ચિંતા મત કર અચિંત હો. દેનહાર સમરથ;
પશુ પંખેરુ જીવજંત, તાકી ગાંઠ ન ગરથ.

અજગર કરે ન ચાકરી. પંછી કરે ન કામ;
દાસ મલુકા યોં કહે, સબ કા દાતા રામ.

કંચન તજના સહેલ હૈ. સહેલ પ્રિયા કા નેહ;
માન, બડાઇ, ઇરષા. દુર્લભ તજની એહ.

ચાહ મટી ચિંતા ગઇ. મનવા બેપરવાહ;
જિનકો કછુ ન ચાહિયે. સોહિ શાહન શાહ.

સાધ કહાવત કઠિન હૈ. ચઢના લંબી ખજૂર;
ચઢે તો ચાખે પ્રેમરસ. ગિરે તો ચકના ચૂર.

સિંહન કે ઝુંડે નહીં. હંસન કી નહીં પાંત;
લાલોંકી નહીં બોરિયાં. સંત ન ચલે જમાત.

એક કનક ઔર કામિની. ઇનસે રહિયે દૂર;
જપ. તપ. સંયમ લેત હૈ. રે આંખિન મેં પૂર.

રૂખા સૂખા ખાય કર. ઠંડા પાણી પીવ;
દેખ પરાઇ ચોપડી. ક્યોં તરસાવે જીવ.

ભજનને રે આળસું તું. કલહું કહીં મન હોઇ;
તુઝે પરાઇ ક્યા પડી. અપની આપ નીબેર.

પાની પ્યાવન ક્યા ફિરે, ઘર ઘર સાયર-વારિ;
તૃપાવંત જો હોયગા, પીવેગા ઝખ મારી.

પઢના ગણના ચાતુરી, એ તો બાત સહેલ;
ગગન ચઢન મન બસ, કરન કામ દહન મુશ્કે

માન બરાઇ કુકરી, સંતન કે દરબાર:
હસ્તી ચઢકર ડોલિયે, કુકર ભસે હજાર.

રાજદવારે રામજન, તીન બસ્તુ કો જાઇ:
કે તીકા કે માન કો, કે માયા કી ચાહ.

કે મુખ પટ દીને રહે, કે યથાર્થ ભાખંત:
ભજન કિયે તેં પચત હૈ, નહિંતર કરજ બઢંત

રામનામ કે કારણે, સબ ધન ડાર્યો ખોય;
મૂરખ જાને ગિર પડ્યો, દિન દિન દૂણો હોય.

ક્યા કરીયે ક્યા જોરીયે, થોરે જીવન કાજ;
છાંડી છાંડી સબ જાત હૈ, દેહ ગેહ ધનરાજ.

ખેલ ખૂબ સંસાર મેં, બાંધ સકે નહીં કોય;
ઘાટ જકાતી ક્યા કરે, સીર પર બોજ ન હોય.

રામ ભરોસા રાખ લે, અપને મન કે માંહી;
કારજ સરવ સમારહીં, બિગરેગો કછુ નાહીં.

નારાયણ તું ભજન કર, કહા કરેંગે કૂર;
સ્તુતિ નિંદા જગત કી, દોનોં કે સીર ધૂર.

હરિજન તોહારા ભલા, જીતન દે સંસાર;
હાથી કું તો હર મિલે, જીતે કું જમદ્વાર.

જગ મેં બૈરી કોઇ નહીં, જો મન શીતલ હોઇ;
યહ આશા તું ડાર દે, દયા કરે સબ કોઇ.

તુઝે બિરાની ક્યા પડી, અપની આપ નિવેડ;
તેરી જહાજ દરિયાવ મેં, ડૂબે નહિ ત્યું ખેડ.

ભરત અપની જનની તજી, પિતા તજ્યો પ્રહ્‌લાદ;
બિભિક્ષણ બંધુ તજ્યો. શ્રી રામ કે કાજ.

ભોજન છાજન કી નહીં. સોચ કરે હરિદાસ;
વિશ્વભરન પ્રભુ કરત હૈ. સો ક્યું રખે નિરાશ.

રૂખા સુખા ખાય કે. ઠંડા પાની પીવ:
દેખ પરાઇ ચોપડી. ક્યું તરસાવે જીવ.

સાધુ ભૂખે ભાવ કે. ધન કે ભૂખે નાહીં;
જો સાધુ ધન કે ભૂખે. સોઇ સાધુ નાહીં.

કરમ કુંદ બહુ કરી કરી. તોડે લાખ કરોર;
ચલતી ઔરન કછુ મિલ્યો. લઇ લંગોટી તોર.

દાનિ દાઝ ન લેત હૈ. નિરદાવે રહે નિશંક;
જો જન નિરદાવે રહે. સો ગિને ઇન્દ્ર કો રંક.

પ્રેમ ન બાડી નિપજે. પ્રેમ ન હાટ બિકાય;
રાજા રાના જેહ રુચે. શીશ દઇ લઇ જાય.

પંડિત ઔર મશાલચી, દોનુ સૂઝે નાહીં;
ઔરન કો પરકાશ દે, આપ અંધેરે માંહીં.

માલા ના કરમેં ફિરે, જીભ ફિરે મુખ માંહિ;
મનવા ને ચો દિસ ફિરે, યે ના સુમિરન નાહીં.

એરણ કી ચોરી કરે, કરે સુઈ કા દાન;
ભરમે ભલ્યા માનવી, કહાં આવે વેમાન.

માખી ચંદન પરહરી, મલિન જગ પર જાય;
યોં પામર કું હરિ કથા, ઊંઘે યા ઊઠી જાય.

અગન પલિતા રાજદંડ, ચોર મૂશ લે જાય;
ઇતના દંડ દુનિયા સહે, ધર્મદંડ સહ્યો ન જાય.

જો જલ બાઢે નાવ મેં, ઘર મેં બાઢે દામ;
દોઉ હાથ ઉલચીયેં, યહી સજ્જન કો કામ.

રોડા હોઈ રહુ વાટકા, તજી મન કા અભિમાન;
હરિજન ઐસા હો રહીં, તાહિં મિલે ભગવાન.

બહુ પઢી બંધન હુઆ, માન બડાઈ બહોર;
જો પઢવે બંધન મિટે, સો પઢના કછુ ઔર.

કૈસા કહાં બગાડિયા, જો મૂંડે સો વાર;
મનકો કયોં નહિ, મૂંડિયે જા મેં વિષયવિકાર.

આધી સાખી શિર કટે, સારી કહાં સમાય;
રતિ એક ઘટ મેં ઊતરે, અજર અમર હો જાય.

જહાં દયા તહાં ધર્મ હૈ, જહાં લોભ તહાં પાપ.
જહાં ક્રોધ તહાં કાલ હૈ, જહાં ક્ષમા તહાં આપ.

જે ઘર નૌબત બાજતી, હોતે છત્તીસ નાદ;
વા મંદિર ખાલી પડે, બૈઠન લાગે કાગ.

સબ ઘટ મેરા સાંઇયાં, સુની સેજ ન કોય;
બલિહારી વા ઘટ કી, જા ઘટ પરગટ હોય.

તુ તુ કરતા તુ ભયા, મુજ મેં રહી ન હું;
અબ આપા પર કા મિટ ગયા, જીત દેખું તીત તું

બાંહી છુડાયે જાત હો. નિર્બલ જાન કે માંહીં;
હિરદે નેં જાઓ જબે. તબ મેં જાનું નોહીં

જનુની જણ તો ભક્તજન. કાં દાતા કાં સૂર:
નહીં તો રહેજે વાંઝણી. મત ગમાવે નૂર.

પુત્રવતી યુવતિ જગ [illegible]
રઘુવર ભક્ત [illegible]

મમ ગુણ ગાવત [illegible]
ગદ ગદ ગિરા [illegible]

જહાં સુમતિ તહાં સં[illegible]
જહાં કુમતિ તહાં વિપતિ [illegible]

રામ ભક્તિ બિન [illegible]
બિનુ હરિકૃપા મિલત નહિં [illegible]

હરિ નારાયણ ગોવિંદા, રામાકૃષ્ણા ગોવિંદા!

હર હર શંભુ સાંબ સદા શિવ હર હર શંભુ!

હર હર મહાદેવ શંભુ, કાશીવિશ્વનાથ ગંગે!

નારાયણ, નારાયણ, નારાયણ!

સત્યનારાયણ, સત્યનારાયણ, સત્યનારાયણ!

રામનામ સાંભળેગો પ્રેમપદારથ પાવેગો;
રામનામ વિસારેગો જીતી બાજી હારેગો.

રઘુપતિ રાઘવ રાજારામ,
પતિત પાવન સીતારામ.

રામલક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી!

કાજ પડ્યું કેમવા ' કરશરું વિઠ્ઠલા!

વિઠ્ઠલ રખુમાઈ, વિઠ્ઠલા રખુમાઈ!

હરિ વિઠ્ઠલા ' હરિ વિઠ્ઠલા!

વિઠ્ઠલ, વિઠ્ઠલ, વિઠ્ઠલ, વિઠ્ઠલા!

રાજાધિરાજ કી બલિહારી,
શ્રીરણછોડરાય કી બલિહારી!

જય રણછોડ મહારાજ, જય રણછોડ મહારાજ!

શ્રીરણછોડ, શ્રીરણછોડ, શ્રીરણછોડ, શ્રીરણછોડ!

વેગે વેગે દર્શન આપો અને તમારાં દાસલિયાં